### વિદેશી કલ્ચરની ઘણી સારી ટેવો અપનાવા જેવી

# આપણે હજું ઘણું સુધરવાની જરૂરઃ આજથી કરો શરૂઆત

## જુના જમાનામાં આપણી જીવનશૈલી સાથે ઘણી સારી બાબતો આપણે પાળતા હતા, આજે નવા યુગની નવી જીવનશૈલીએ ઘણી ખરાબ આદતો પાડી દીધી છે

**વિદેશી કલ્ચરની હવાએ આપણે ઘણો બદલાવ કર્યો, પણ સાથે ઘણી નુકશાનકારક વાત પણ અપનાવતા મુશ્કેલી ઉભી થઇ છેઃ બાળકને સુધરવાની સલાહ આપતા પહેલા આપણે સુધરવું પડે**

વર્ષો પહેલાની રહન-સહન, કુટુંબ વ્યવસ્થા સાથે સામાજીક વ્યવસ્થા શ્રેષ્ઠ હોવાથી માનવી સુખેથી, આનંદથી રહેતો હતો. આજના યુગ જેવો ટ્રેસ ક્યારેય હતો જ નહી. બધા ભાઈઓ, પરિવાર એક છત નીચે આરામથી શ્રેષ્ઠ જીવનશૈલી જીવતા હતા. આંગણાના પશુ પંખી સાથે પર્યાવરણનું જતન પણ કરતાં જ હતા, તો ભાવી પેઢી માટે એક સારી વ્યવસ્થાનું આયોજન પણ કરતાં હતા. એક વડીલ આખા પરિવારની બાગડોર સંભાળતા હતા. ત્યારે ભણતર ભલે ઓછું હતું પણ ગણતર વધારે હતું. આજે પાણી, હવાનું પ્રદૂષણ સાથે ખાવાની વસ્તુઓમાં ભેળસેળ આપણે જ કરીને અન્યોને નુકશાન કરીએ છીએ.

બદલાતા યુગ સાથે ઘણી બધી સારી ટેવોને છોડીને ખરાબ આદતો અપનાવીને સામેથી દુઃખને આમંત્રણ આપ્યું છે. આપણને વિદેશી કલ્ચર ગમે છે, પણ ત્યાંના નાગરીકના શ્રેષ્ઠ ગુણો કે નિયમો અપનાવા નથી. તેના જેવો બાળકોનો ઉછેર કરવો નથી, આજે તો બાળકને સુધારવાના હજારો સુચનો તમે કરો છો, પણ તમારે સુધરવું જ નથી. પહેલા લોકો ઘરના કચરાને વ્યવસ્થિત એક જગ્યાએ જ નાંખતા હતા, જેથી તેને કલેક્ટ કરવામાં સુગમતા રહેતી હતી. આજના યુગના ટીવી-મોબાઇલન



હોવાથી લોકો પાસે પુરતો સમય રહેતો તેથી શેરી રમતો, પરિવારમાં બેસવા જવું જેવી ઘણી બાબતોની સારી ટેવો હતી. બાળકોને પણ સામેલ કરતાં હોવાથી તે પ્રારંભથી જ સારી ટેવો શીખતો હતો.

આજે આપણે નાગરીક ધર્મ પાળતા જ નથી, તેથી હવે આપણે ઘણું સુધરવાની જરૂર છે. કચરો, પ્લાસ્ટિક, જાહેરમાં માવા થુંકવા, અપશબ્દો બોલવા, ઝગડો કરવો, મારામારી, ટ્રાફિક નિયમ ન પાળવું, ઓવર સ્પીડમાં વાહન ચલાવવા જેવી ઘણી ખરાબ આદતો ક્યારે બદલાશે તેમ હવે નાના બાળકો પૂંછી રહ્યા છે.

વિદેશ જવું ગમે છે, ત્યાં જઈને નિયમો પણ ફરજીયાત પાળવા પડે છે, પણ જેવા વતન પરત ફરતાં જ હતાં ત્યાંને ત્યાં પાછા આવી જતા હોવાથી દેશની પ્રગતિ રૂંધાય છે. વિદેશોમાં સ્વચ્છતા, શિક્ષણ અને દેશ પ્રત્યેનો નાગરીક ધર્મ સંપૂર્ણ પળાતો હોવાથી, તે ખૂબ જ સુખી દેશ બન્યો છે. આપણે ત્યાં બધુ જ ઉલ્ટું છે, આપણે ભણીગણીને હોંશિયાર થયા પણ નાગરીક ફરજ અને ધર્મ નિભાવવામાં તો અભણ છીએ.

આજના યુગનું બધાનું જીવન સ્ટેટ્સ વાળું થઈ ગયું છે, તેના વગર કોઈ જીવી શકતો નથી. નિયમની ભૂલ થાય તો ઝગડો કે ઓળખાણનો ઉપયોગ કરીને છટકબારી શોધવામાં આપણે કુશળ થઈ ગયા છીએ. સરકાર કે તંત્ર પ્લાસ્ટિકના રીયુઝની કેટલી જાહેરાત કરે છે, નિયમો પણ છે, પણ આપણે તેને પાળીએ છીએ ખરા. દર નવા વર્ષે સંકલ્પો કરનાર નાગરીક પોતાની દેશ પ્રત્યેની ફરજ કયારે સમજશે. જાહેરમાં કચરો નાંખવાની આપણી સમસ્યામાં આપણો જ વાંક છે. જાહેરમાં ધુમ્રપાનથી આપણે જ પ્રદુષણ કરીએ છીએ.

આજની ઘણી સમસ્યા જે આપણે ભોગવી રહ્યા છે, તેમાં વાંક આપણો જ છે. શિક્ષિત હોવા છતાં આપણે ના-સમજને કારણે અન્યોને પણ યાતના આપીએ છીએ. પર્યાવરણ પણ આપણે જ બગાડ્યું છે, ને હવે વૃક્ષો વાવવાનો પ્રચાર પણ આપણે જ કરીએ છીએ. વાહનોનો આડેધડ ઉપયોગ, અકસ્માતો જેવી ઘણી સમસ્યા બાબતે હવે ચિંતા-ચિંતન નહીં સીધુ આપણી જ ભૂલ સ્વીકારને કાર્ય કરવાની જરૂર છે. હદ તો ત્યાં થાય છે કે આજેપણ જાહેરમાં શૌચાલય કરતા લોકો જોવા મળે છે.

રોડ પર ટ્રાફિકના નિયમો મોટાભાગના પાળતા ન હોવાથી ઘણા નિર્દોષ રાહદારી તેનો વગર વાંકે ભોગ બને છે. આપણે કોઈને નડીએ નહીએ પણ મોટી દેશ સેવા છે. આપણું ઘરમાં કે જાહેરમાં એવું એકપણ કાર્ય ન હોવું જોઈએ, જેનાથી અન્યોને મુશ્કેલી પડે. વિદેશોમાં ઘણા નાના દેશો પણ ચોખ્ખાઈમાં આપણાથી ઘણા આગળ છે.

સૌથી ગંભીર સ્થિતિ આજના યુવાધનની છે, તેમની ઘણી બાબતોથી મા-બાપોની મુશ્કેલી વધી ગઈ છે. દરેક નાગરિકે એક વાત સમજવી જોઈએ કે દુનિયામાં સૌથી વધુ પ્રેમ મા-બાપ જ કરતાં હોય છે. આજના ઘણા દુષણોએ આપણી જ ભૂલથી ઘર કરી ગયા છે. દરેકના મનમાં પ્રશ્ન થાય જ છે કે લોકો ક્યારે સુધરશે, પણ શરૂઆત તો મારાથી જ કરવી પડશે.



**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

### સંકલ્પ નહીં, આટલી બાબતોમાં આપણે સુધરવું જ પડશે

શેરી-વિસ્તાર-ગામ-શહેર-રાજ્ય કે દેશના તમામ નાગરીકોએ પોતાની ફરજ અને રાષ્ટ્ર પ્રત્યેનો ધર્મ શ્રેષ્ઠ રીતે નિભાવવો જ પડશે. જાહેરમાં કચરો ન નાંખવો, બાળકોને ફરજીયાત શિક્ષણ અપાવવું, પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવો, આડોશ-પાડોશમાં કોઈને નડવું નહી ને સતત વૃક્ષો વાવવા જરૂરી છે. દરેકે ટ્રાફિક નિયમન, પાર્કિંગ વિગેરેના નિયમોનું ૧૦૦ પાલન કરવું અને વાહન ધીમું ચલાવવું, મુશ્કેલીના સમયે દરેક નાગરીકને મદદ કરવી, આજ સુધી આપણે સંકલ્પો બહુ જ કર્યા છે, પણ હવે આટલી સારી બાબતો ફરજીયાત અપનાવીને શ્રેષ્ઠ શહેર કે ગામ નિર્માણ કરવાનું છે. સૌરાષ્ટ્રના માનવીના ગલોફામાં સતત ચવાતા માવા-ફાકીનો જાહેરમાં છંટકાવ તો સંપૂર્ણ નિષેધની હવે સૌ બાધા-આખડી રાખી લો. એક નાનકડી પહેલ બધા માટે ગુણવત્તા સભર જીવનશૈલી પ્રદાન કરશે, અને છેલ્લે જાહેરમાં ધુમ્રપાન કરીને હવાનું પ્રદૂષણ વધારશો નહી.

### નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત

# વેરાવળમાં નૂતનધર્મ સ્થાનકનો રવિવારે ઉદ્ઘાટન સમારોહ

## સમગ્ર સૌરાષ્ટ્રના શ્રીસંઘોની ઉપસ્થિતિમાં ભવ્ય શોભાયાત્રા સાથે અનેકવિધ કાર્યક્રમો દ્વારા ગુરૂના ગુણાંજલી અર્પણ થશે

**અબતક, રાજકોટ**

જેમના નામે સમગ્ર ભારતમાં જિનશાસનની જયવંતી પ્રભાવના કરીને વિચરણ કરી રહ્યો છે બહોળો સંયમી પરિવાર એવા ગોંડલ સંપ્રદાયના પરમ પ્રતાપી પુરુષ સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂજ્ય શ્રી પ્રાણલાલજી મહારાજ સાહેબની અવતરણ ભૂમિ વેરાવળની ધરા પર રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી સર્જાયેલા નૂતન ધર્મ સ્થાનકના ઉદઘાટન સમારોહનો અવસર ૨૯વિં ડિસેમ્બર ૨૦૨૪ના દિવસે આયોજિત કરવામાં આવ્યો છે.



ઉલ્લેખનીય છે કે આજથી ૭૫ વર્ષ પહેલાં ગુરુ પ્રાણની પ્રેરણાથી સર્જાયેલા ધર્મસ્થાનક બાદ આજના સમયની સ્થિતિ અને સંયોગોને લક્ષમાં રાખીને રાષ્ટ્રસંત પરમ ગુરુદેવની પ્રેરણાથી ૭૫ વર્ષ બાદ સર્જાયેલાં શેઠ શ્રી સોભેચંદ કરસનજી ધર્મવત્સલા હેમાક્ષીબેન રમેશભાઈ જમનાદાસ શાહ જૈન ઉપાશ્રય, શાતાકારી અને શાંતિકારી એવા આ ધર્મસ્થાનકના ઉદઘાટન સમારોહ માટે ન માત્ર વેરાવળના ભાવિકોમાં પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રના શ્રી સંઘોમાં અનેરો ઉત્સાહ અને આનંદ વર્તાઈ રહ્યો છે.

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના સાંનિધ્યે આયોજિત બે દિવસીય આ અવસરમાં સમગ્ર ગુરુ પ્રાણ પરિવારના પૂજનીય સંત-સતીજીઓની પાવન ઉપસ્થિતિ સાથે સમગ્ર સૌરાષ્ટ્રના શ્રી સંઘો તેમજ અનેક ભાવિકો અનેક ક્ષેત્રોથી હજારો ભાવિકો ભક્તિભાવથી જોડાઈ જશે.

બે દિવસીય આ અવસર અંતર્ગત તારીખ ૨૯મી ડિસેમ્બર સવારે ૦૯.૦૦ કલાકે વેરાવળના અનન્ય ગુરુભકત ભીખાલાલ નેમચંદ શાહ પરિવારના આંગણે વિનાયક એપાર્ટમેન્ટ, સ્વામિનારાયણ મંદિરની પાછળ, વેરાવળ - જૂનાગઢ હાઈ વે, વેરાવળ ખાતેથી અનેક વિવિધતાઓથી શોભતી ભવ્ય શોભાયાત્રા પ્રારંભ થઈને ગાજતી ગુંજતી, જયકાર ગજાવતી નૂતન ધર્મ સ્થાનકના દ્વારે પધારશે જ્યાં ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં ગુરુપ્રાણ ગુણ વંદનાવલી આદિ કાર્યક્રમની સાથે નૂતન ઉપાશ્રયનો ઉદઘાટન સમારોહ યોજાશે.

એ સાથે જ, ૨૯મી ડિસેમ્બર રવિવાર સવારના ૯:૦૦ કલાકે સમગ્ર સૌરાષ્ટ્રના શ્રી સંઘોની ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર કેસરી ગુરુ પ્રાણની ૬૮મી પુણ્ય સ્મૃતિને અનુલક્ષીને એમના જીવન પર આધારિત એક હૃદયસ્પર્શી નાટિકાની પ્રસ્તુતિ ''મારા ગુરુ પ્રાણ'' દ્વારા એમના ગુણોની સ્મૃતિને જીવંત કરવામાં આવશે. આ અવસરે પૂજ્ય સંત-સતીજીઓના શ્રીમુખેથી સુંદર ભાવો સાથે ગુરુ પ્રાણને ગુણાંજલિ શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સાથે નૂતન ધર્મ સ્થાનકના નિર્માણમાં તન, મન ધનનું યોગદાન આપનારા ઉદારહૃદયા અને સેવાભાવી ભાવિકોને સન્માનિત કરવામાં આવશે.

૨૮મી ના સ્વામી વાત્સલ્યનો લાભ ધર્મવત્સલા હેમાક્ષીબેન રમેશભાઈ જમનાદાસ શાહ, વંશ, પ્રણય, યુગ, પુંકિત શાહે લીધેલ છે. ૨૯વિંના નવકારશીનો લાભ ધર્મવત્સલા વર્ષાબેન સુરેશભાઈ કંપાણી, વૃષ્ટિબેન કુણાલભાઈ ગોસાણી અને ધર્મવત્સલા બીનાબેન મુકેશભાઈ શાહ, ચેતનાબેન મહેન્દ્રભાઈ શાહ પરીવારે લીધેલ છે. સ્વામીવાત્સલ્યનું સ્થળ; સ્વામિનારાયણ મંદિર કેમ્પસ (BAPS મંદિર) વેરાવળ-જુનાગઢ હાઈવે, વેરાવળ રાખવામાં આવેલ છે. નૂતન ધર્મસ્થાનકની અનુમોદના કરવા આ અવસરે દરેક ધર્મપ્રેમી ભાવિકોને પધારીને ધન્ય બનવા શ્રી વેરાવળ સંઘ તરફથી ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

## સર્વે ભવન્તુ સુખિન સર્વે સન્તુ નિરામયાના સુત્રને ચરિતાર્થ કરતી રહેવર સ્કુલ

**અબતક, રાજકોટ**

વી.એન. મહેતા ઈન્સ્ટિટયુટ ઓફ આયુર્વેદિક સંલગ્ન સ્વ. આર.એસ. શાહ આયુર્વેદ (ગાડી) હોસ્પિટલ આણંદપર કાલાવડ રોડ તથા રહેવર સ્કુલના સંયુકત ઉપક્રમે યોજાયેલ આયુર્વેદ સર્વરોગ નિદાન ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવેલું. રહેવર સ્કુલ ૧-કૃષ્ણનગર, સ્વામીનારાયણ ચોક, રાજકોટ ખાતે યોજાયેલ આ કાર્યક્રમને બહોળો પ્રતિસાદ સાંપડયો હતો.

કાર્યક્રમના આરંભે સમાજના અગ્રણી મોભીઓ સંત દ્વારા દીપ પ્રાગટય થી કેમ્પનો આરંભ કરવામાં આવેલો. સમાજના મહાનુભાવો ના વરદ હસ્તે ઉદ્યાટન થકી વિધિવત આરોગ્ય કેમ્પનો સેવા યજ્ઞ શરુ થયો હતો. આ તકે સમાજના મોભીઓ સંત સુખદેવ બાપુ દાણીધીર આશ્રમ, જયભાઈ મહેતા ગાર્ડી કોલેજના ટ્રસ્ટી, રઘુવીરસિંહ રહેવર, જયરાજસિંહ રહેવર સંચાલકો, રહેવર સ્કુલ કાર્યક્રમના અદયક્ષ સ્થાને પધારેલઓ રમેશભાઈ ટીલારા (એમ.એલ.એ.) નરેશભાઈ પટેલ, ટ્રસ્ટી ખોડલધામ જગતસિંહ જાડેજા, રીબડા વગેરે દ્વારા સેવાયજ્ઞ ના આ કાર્યની સફળતા માટે પ્રેરક ઉદબોધન કર્યુ હતું. અને પ્રસંગને દીપાવ્યો હતો.

### જીવનદિપ બ્લડ બેંકના લાભાર્થે

## સ્વ. રાજેન્દ્રસિંહ જીવાનસિંહ પરમારની પ્રથમ વાર્ષિક પુણ્યતિથી નીમીતે રવિવારે રકતદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

જીવન દિપ બ્લડ બેંકના જરુરીયાત મંદ દર્દીઓને બ્લડ મળી રહે તેવા શુભઆશય થી સ્વ. રાજેન્દ્રસિંહ જુવાનસિંહ પરમારની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિતે, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી ૩૯-૧૨-૨૪ રવિવાર બપોરે ૧ થી સાંજે ૫ કલાક સુધી મેસોનિક હોલ, બસ સ્ટેન્ડ પાસે રાજકોટ ખાતે રકતદાન કેમ્પનું આયોજન



કરવામાં આવેલ છે. આ કેમ્પમાં પરમાર ક્ષત્રીય સમાજ મુળી ચાવીસ રાજકોટ, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, યજ્ઞેશ વારીઆ, જીવનદિપ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનદ સેવા આપશે.

કોઈના જન્મ દિવસ કે સ્મૃતિ રુપે રાજકોટ સિવીલ હોસ્પિટલના લાભાર્થે રકતદાન કેમ્પનું આયોજન કરવા અંગદાન, દેહદાન, ચક્ષુદાન સ્કીનદાન, થેલેસેમીયા જાગૃતિ સેમીનાર, જીવદયાના કોઈપણ કાર્ય માટે શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી મો. નં. ૯૪૨૮૨ ૦૦૬૬૦ નો સંપર્ક કરવા વિનંતી

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૭-૧૨-૨૦૨૪ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (લોચા લાપસી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૬:૦૦ શિવ મહાપુરાણ સંગીત લાઈવ
૦૬:૦૦ થી ૦૮:૦૦ ગુજરાતી નાટક (કેરી નો લાલુ)
૦૮:૦૦ થી ૦૮:૩૦ મનુ મોજીલો
૦૮:૩૦ થી ૧૧:૩૦ શિવ મહાપુરાણ સંગીત (ઉમેશ બારોટ) લાઈવ
૧૧:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૮-૧૨-૨૦૨૪ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દીપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ (કોથે મોમોસ)
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૨૮-૧૨-૨૦૨૪ શનીવાર

| | | | |
|---|---|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ | શાલીવાહન શકિઃ | ૧૯૪૬ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૪ | | |
| તિથી | માગશર વદ તેરશ શનીપ્રદોષ | | |
| નક્ષત્ર | અનુરાધા | | |
| યોગ | શૂલ | કરણઃ | ગર |
| સુર્યોદય | ૭.૨૫ | સુર્યાસ્તઃ | ૬.૧૨ |
| ચંદ્ર રાશી | વૃશ્ચિક | | |
| રાશિ અક્ષર | ન.ય | | |
| દિશાશૂળ | પૂર્વ દિશા તરફ | | |
| રાહુકાળ | સવારે ૯ થી ૧૦.૩૦ | | |
| દિવસનાચોઘડીયા | કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ | | |
| રાત્રીનાચોઘડીયા | લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ | | |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૨૪ થી ૧.૦૭ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૪૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | ૧ | | | ૬ | | |
| | | | | | | ૪ | ૩ | |
| | ૪ | | ૮ | | ૫ | | ૭ | |
| | | ૮ | | | ૭ | | | |
| ૨ | | | | ૬ | ૧ | ૭ | | |
| | | | ૨ | | | ૯ | | |
| | | | ૭ | ૩ | | | | ૬ |
| | ૯ | ૬ | | ૧ | | ૩ | | |
| | | | | ૯ | | ૮ | | ૨ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૪૦ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૨ | ૯ | ૪ | ૩ | ૧ | ૬ | ૭ | ૫ |
| ૪ | ૧ | ૬ | ૭ | ૮ | ૫ | ૨ | ૩ | ૯ |
| ૭ | ૫ | ૩ | ૯ | ૬ | ૨ | ૮ | ૪ | ૧ |
| ૫ | ૪ | ૮ | ૨ | ૧ | ૭ | ૯ | ૬ | ૩ |
| ૯ | ૩ | ૧ | ૮ | ૪ | ૬ | ૫ | ૨ | ૭ |
| ૨ | ૬ | ૭ | ૩ | ૫ | ૯ | ૪ | ૧ | ૮ |
| ૧ | ૯ | ૪ | ૫ | ૨ | ૩ | ૭ | ૮ | ૬ |
| ૬ | ૭ | ૨ | ૧ | ૯ | ૮ | ૩ | ૫ | ૪ |
| ૩ | ૮ | ૫ | ૬ | ૭ | ૪ | ૧ | ૯ | ૨ |

## આજનું રાશિફળ

**તા.૨૭.૧૨.૨૦૨૪, શુક્રવાર, સંવંત ૨૦૮૧, માગશર વદ બારસ, વિશાખા નક્ષત્ર, ધ્રુતિ યોગ, કૌલવ કરણ, આજે બપોરે ૧.૫૬ સુધી જન્મેલાંની તુલા (ર,ત) ત્યારબાદ વૃશ્ચિક (ન,ય) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : નજીકના ક્ષેત્રો માં મધ્યમ રહે પરંતુ દૂર દેશ થી સારા સમાચાર મળે, આગળ વધવાની તક મળે.

**વૃષભ** (બ,વ,ઉ) : જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, નવા મિત્રો બનાવી શકો,શુભ દિન.

**મિથુન** (ક,છ,ઘ) : તબિયતની કાળજી લેવી, ખાવા-પીવામાં ખ્યાલ રાખવો પડે, જીવન પદ્ધતિમાં ફેરફાર કરવા પડે.

**કર્ક** (ડ,હ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, આનંદદાયક દિવસ.

**સિંહ** (મ,ટ) : જમીન મકાન વાહન સુખ સારું રહે, પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય કરી શકો, દિવસ લાભદાયક રહે.

**કન્યા** (પ ,ઠ,ણ) : મિત્રોની મદદ થી કાર્ય થાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે, પરિવાર સાથે આનંદ કરી શકો.

**તુલા** (ર,ત) : તમારા સૌમ્ય વાણી વર્તનથી કાર્ય સિદ્ધ થાય, એકધારા પ્રયત્નોથી સફળતા મળે, આગળ વધી શકો.

**વૃશ્ચિક** (ન,ય) : નોકરી ધંધો શોધતા મિત્રો માટે શુભ દિન, કામકાજમાં સફળતા મળે, દિવસ પ્રગતિકારક અને શુભ રહે.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : કામકાજમાં નુકસાની ના જાય એ જોવું, ભાગીદારીમાં સંભાળવું, નવા સાહસ માં કાળજી રાખવી, મધ્યમ દિવસ.

**મકર** (ખ,જ) : સગા સ્નેહી મિત્રોથી સારું રહે, લેખન વાંચન મંથન થી આનંદ મળે, રચનાત્મક કાર્ય કરી શકો.

**કુંભ** (ગ,સ,શ) : વેપારીવર્ગને સારું રહે, સ્ત્રી વર્ગ માટે પણ દિવસ ઉત્સાહજનક રહે, નોકરિયાતવર્ગે સમજી ને ચાલવું.

**મીન** (દ,ચ,ઝ,થ) : ધ્યાન યોગ મૌનથી લાભ થાય, ધાર્મિક કાર્યમાં સહભાગી થઈ શકો, આધ્યાત્મિક ચિંતન થાય, પવિત્ર વ્યક્તિને મળી શકો.

### પ્રથમ ડીજીપી કપ ટેબલ ટેનિસ સ્પર્ધાના યજમાન રાજકોટ શહેર પોલીસ

# ઈન્ચાર્જ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયાએ કોઠિ કમ્પાઉન્ડ રેલ્વે મજદુર સંઘ ખાતે ટેબલ ટેનિસ સ્પર્ધા ખુલી મૂકી









**અબતક, રાજકોટ**

ડીજીપી કપમા પથમ વખત ટેબલ ટેનિસ સ્પર્ધા નો સમાવેશ કરવામાં આવ્યો છે. જેનું યજમાન રાજકોટ શહેર પોલીસને ફાળે આવ્યું છે. તારીખ ૨૬ થી ત્રણ દિવસ માટે કોઠિ કમ્પાઉન્ડ રેલ્વે મજદુર સંઘ ટેબલ ટેનિસ હોલ ખાતે ઈન્ચાર્જ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયાએ સ્પર્ધા ને ખુલી મૂકી હતી. આ સ્પર્ધામાં રાજ્ય પોલીસ દળ ની પુરુષોની ૬ અને મહિલાની ચાર ટીમો વચ્ચે હરીફાઈ જામશે. વધુ વિગત મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્રર મહેન્દ્ર બગડીયાના માર્ગદર્શન હેંઠળ પોલીસ દળમાં શિસ્ત અને શારીરીક ફીટનેસ તેમજ ટીમ સ્પીરીટની ભાવના ઉદભવે તે માટે રમત ખુબ જ અગત્યની બાબત હોવાથી શહેર પોલીસ દ્વારા પ્રથમ ડીજીપી કપ ટેબલ ટેનીસ સ્પર્ધા - ૨૦૨૪ નું તા. ૨૬/૧૨/૨૦૨૪ થી દિન-૦૩ માટે રેલ્વે મજદુર સંઘ ટેબલ ટેનીસ હોલ, કોઠી કંપાઉન્ડ, ખાતે આયોજન કરવામાં આવેલું છે.. જેમાં ગુજરાત રાજય પોલીસ દળની પુરૂષોની ૬ તથા મહિલાઓની ૪ ટીમોએ આ હરિફાઈમાં ભાગ લીધો છે.

આ હરીફાઈની ઓપનીંગ સેરેમનીમાં મુખ્ય મહેમાન તરીકે ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફિક પુજા યાદવ, નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૦૨ જગદીશ બાંગરવા , તમામ એસીપીઓ અને પીઆઈઓ ઉપસ્થિત રહેલા હતા. આ તકકે શહેર ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા એ જણાવ્યું હતું કે હરીફાઈમાં ભાગ લેનાર વિવિધ શહેર તથા યુનિટોમાંથી આવેલી તમામ ટીમોનુ અભિવાદન કરી ખેલાડીઓએ ખુબ મહેનત કરી ખેલદીલીથી રમત રમવા અને સારૂ પ્રદર્શન કરી ગુજરાત પોલીસનુ નામ રોશન કરવા જણાવ્યુંહતું. ગુજરાત

### રાજ્ય પોલીસ દળની પુરુષોની ૬ અને મહિલાની ચાર ટીમો વચ્ચે હરીફાઈ

પોલીસમાં શારિરીક ફિટનેસ અને શિસ્ત-ટીમભાવના જળવાઈ રહે તેના માટે ડીજીપી કપનુ આયોજન કરવામાં આવે છે જેમાં પ્રથમ વખત ટેબલ ટેનીસ સ્પર્ધાનો સમાવેશ કરવામાં આવ્યો અને આયોજન રાજકોટ શહેર ને સોપવામાં આવ્યું તે બદલ ડીજીપીનો આભાર વ્યક્ત કર્યો હતો. ખેલાડીઓમાં રમતની ખેલદિલી તેમની નોકરીમા પણ આવે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

(અનુ. આઠમા પાને)

# વહાલુડીના વિવાહ: માતા-પિતાની હુંફ અને આંખમાં હર્ષના આંસુ સાથે ૨૩ દિકરીઓને સાસરે વળાવશે

## સોયથી સોના સુધીનો સમૃધ્ધ કરીયાવર સાથે પ્રત્યેક દીકરીઓને ૫૧,૦૦૦ની ફીક્સ ડીપોઝીટ અપાશે




## 'અબતક'ની શુભેચ્છા મુલાકાતમાં ''દીકરાનું ઘર''ના ટ્રસ્ટી અનુપમભાઈ દોશીએ આપી વિગત


તસવીરઃ કરન વાડોલિયા

## વહાલુડીના વિવાહમાં ભવ્ય જાજરમાન અનેક આકર્ષણોઃ ૫૦૦૦થી વધુ લોકોને નિમંત્રણ પાઠવાયા

**અબતક, રાજકોટ**

''દીકરાનું ઘર'' વૃધ્ધાશ્રમ ઢોલરા તેમજ સંજયભાઈ ધમસાણીયા પરિવાર દ્વારા સતત સાતમાં વર્ષે માતા-પિતા વિહોણી કે પિતાની છત્રછાયા ગુમાવેલ ૨૩ દીકરીઓનો ઐતિહાસિક-જાજરમાન-શાહી લગ્નોત્સવ વહાલુડીના વિવાહ આગામી તારીખ ૨૯ ડીસેમ્બરના રોજ રાજકોટના આંગણે યોજાનાર છે.

આ અંગેની માહિતી આપતા સંસ્થાના મુકેશ દોશી, સુનિલ વોરા, નલિન તન્ના, કિરીટભાઈ આદ્રોજાએ જણાવ્યું છે કે ''દીકરાનું ઘર'' વૃધ્ધાશ્રમની છેલ્લી ૨૬ વર્ષની સેવા યાત્રા છે. ''દીકરાનું ઘર'' વૃધ્ધાશ્રમનો વિશાળ પરિવાર છે. દીકરાનું ઘર તેની સેવા પ્રવૃત્તિથી દેશ વિદેશમાં ખ્યાતિપ્રાપ્ત બન્યું છે. 'દીકરાનું ઘર'ના ૨૦૦થી વધુ સમર્પિત કાર્યકર્તાઓ નિરાધાર માવતરોની સેવા કરી તેના દીકરા બનવાની સાથોસાથ સમાજની માતા-પિતાની અથવા પિતા વિહોણી દીકરીઓના પિતા બનવાનું ભાગ્ય છેલ્લા છ વર્ષથી મેળવી રહ્યું છે. આજે એક દીકરીનો પ્રસંગ કરવો એ માતા-પિતા માટે ચિંતાનો વિષય બની જતો હોય છે ત્યારે ૨૩-૨૩ દીકરીઓને સમૃધ્ધ આણું આપી આંખમાં હર્ષના આંસુ સાથ દીકરીઓને વિદાય આપી તેના સંસારમાં સુખી થાય તેવો અદભુત પ્રસંગ વહાલુડીના વિવાહ યોજવા જઈ રહ્યું છે. આ લગ્નોત્સવમાં પ્રત્યેક દીકરીઓને એક ઘરમાં હોય તેવી તમામ કરીયાવરની વસ્તુઓ ભેટ આપવામાં આવે છે. સાથો સાથ સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા આવી દીકરીઓનો કન્યાદાન કરી તેમની જવાબદારી ઉપાડવામાં આવે છે અને માતા-પિતાની હુંફ પણ પૂરી પાડવામાં આવે છે.



'અબતક'ની શુભેચ્છા મુલાકાતમાં અનુપમભાઈ દોશીએ જણાવ્યું છે કે વહાલુડીના વિવાહના લગ્નોત્સવ પહેલા દીકરીઓના પિયર પક્ષના લોકો જોઈ શકે તે માટે ગત તા.૧૫/૧૨ના આણું દર્શન અને ડાંડીયા રાસનો કાર્યક્રમ યોજવામાં આવેલ. આ ઉપરાંત દરેક દીકરીઓ પોતાના સંસારમાં સુખી થાય તેવા શુભાશયથી ગત તા.૨૨/૧૨ ના 'સંબંધોની સાચવણી' સેમીનાર રાખવામાં આવેલ. આગામી તારીખ ૨૯ ડીસેમ્બરને રવિવારના ગીત સંગીત, વૈદીક મંત્રોચાર વચ્ચે ભવ્ય લગ્નોત્સવ યોજાશે. આ શાહી લગ્નોત્સવ ૮૦ હજાર કુટમાં પથરાયેલ નવા રીંગ રોડ પર આવેલ વિશ્વા પાર્ટી પ્લોટ ખાતે યોજાશે. આ વખતનું યજમાન પદ શહેરના જાણીતા ઉદ્યોગપતિ સંજયભાઈ ધમસાણીયા પરિવાર દ્વારા સ્વીકારવામાં આવ્યું છે. લગ્ન સ્થળે સેલ્ફી પોઈન્ટ, એલ.ઈ.ડી, દરેક દીકરીઓના અલગ-અલગ મંડપ, સંગીતની સુરાવલી, શાસ્ત્રોક અને વૈદીક મંત્રોચાર સાથે લગ્નવિધિ, ભવ્ય અને આકર્ષક સ્ટેજ, કરીયાવર ડિસ્પ્લે તેમજ ઠાકોરજીના ચરણોમાં ધરવામાં આવેલ ૫૬ ભોગ લગ્નોત્સવનું આકર્ષણનું કેન્દ્ર રહેશે. વહાલુડીના વિવાહની વિશેષતા જોઈએ તો પ્રત્યેક લગ્નોત્સવમાં સૌરાષ્ટ્ર-ગુજરાતના જાણીતા કલાકાર રમેશભાઈ હીરપરા અને સરસ્વતીબેન હીરપરા લગ્નગીતોની રમઝટ બોલાવશે. લગ્નના એક દીવસ અગાઉ દીકરીઓ માટે હોટલની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તા.૨૮ ડીસેમ્બરના રોજ સાંજે દીકરીઓનું કુલેકું રહેશે. જેના યજમાન સંજયભાઈ ધમસાણીયા પરિવાર રહેશે. સમગ્ર લગ્નોત્સવમાં ટી-પોસ્ટની સેવા દર્શનભાઈ પૂરી પાડશે.







વહાલુડીના વિવાહમાં પ્રત્યેક દીકરીઓને સમૃધ્ધ કરીયાવર ઉપરાંત રૂ.૫૧,૦૦૦ની ફીકસ

(અનુ. આઠમા પાને)

# ખેતરમાં પેસ્ટીસાઈડ્સનો ઉપયોગ વધતા પોષક તત્વોની ખામી સર્જાઈ!!

### જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા દર ૧૦ વર્ષે જમીનના નમુના લઈને તેનું પરીક્ષણ કરવામાં આવે છેઃ લેબોરેટરી દ્વારા તાજેતરમાં કરાયેલા પરીક્ષણમાં સૌથી ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો, વધુ ઉત્પાદનની લાલચમાં ખેડૂતો રાસાયણિક દવાઓનો ઉપયોગ બેફામ કરી રહ્યા છે, જેને લઈને ખેતીના ઉત્પાદન માટે જરૂરી એવા પોષક તત્વોનો નાશ થઈ રહ્યો છે

**અબતક, જૂનાગઢ**

દિવસેને દિવસે ખેતરમાં પેસ્ટીસાઈડ્સનો ઉપયોગ વધી રહ્યો છે, જેને કારણે ન માત્ર પાકમાં, પરંતુ ખેતરોમાં પણ પોષક તત્વોની ખામી સર્જાઈ રહી છે. જુનાગઢની કૃષિ યુનિવર્સિટી દ્વારા કરાયેલા સર્વેમાં ચોકાવનારા આંકડાઓ સામે આવ્યા છે. જો આજ પરિસ્થિતિ રહી તો, આગામી સમયમાં ખેતી માટેના દ્રવ્યો કોઈ પૂરી શકશે નહીં. વધુ ઉત્પાદનની લાલચમાં ખેડૂતો રાસાયણિક દવાઓનો ઉપયોગ બેફામ કરી રહ્યા છે. જેને લઈને ખેતીના ઉત્પાદન માટે જરૂરી એવા પોષક તત્વોનો નાશ થઈ રહ્યો છે. જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા દર ૧૦ વર્ષે જમીનના નમુના લઈને તેનું પરીક્ષણ કરવામાં આવતું હોય છે. જુનાગઢ કૃષિ યુનિવર્સિટીની લેબોરેટરી દ્વારા તાજેતરમાં કરાયેલા પરીક્ષણમાં સૌથી ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે. ખેતીની જમીનમાં પોટાશ અને મેગ્નેશિયમના તત્વોની મોટી ઉણપ જોવા મળી છે. ખાસ કરીને દરિયાઈ વિસ્તારોમાં જમીનના નમૂના લેવામાં આવ્યા હતા. જેમાં દિવસે દિવસે જમીનમાં જરૂરી પોષક તત્વોની ઉણપ જોવા મળી હતી. આ વિશે કૃષિ યુનિવર્સિટીના રસાયણ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર એએસ જાડેજાએ જણાવ્યું કે, જમીનમાં પોષક દ્રવ્યો ઓછા થવાનું કારણ એક કરતાં વધુ પાક ખેડૂતો લે છે અને વધુ ઉત્પાદનની લાલચમાં



## આવનારા ૨૦ વર્ષ પછીની પરિસ્થિતિ શું રહેશે ?

જો આને આ પ્રકારની પરિસ્થિતિ રહી અને જમીનમાં બીજા તત્વો ઉમેરવામાં નહીં આવે તો અથવા બીજા તત્વો એટલે કે મેન્યુ કે એફઓએમ જમીનમાં નહીં ઉમેરવામાં આવે, તો જમીન ખરાબ થતી જશે. આ સાથે જમીન ખરાબ થવાના કારણો પણ ઘણા છે. હાલના તબક્કે પાણીના બોર અને પાણીના તળ ખુબ ઉંડા જઈ રહ્યા છે. હાલના સમયે પણ ૮૦૦ થી હજાર ફૂટ એ પાણી આવવું તે સામાન્ય બની ગયું છે. આટલા ઊંડા પાણીના તળમાંથી જ્યારે પાણી વાપરવામાં આવે ત્યારે પાણીની પરિસ્થિતિ ખરાબ હોય છે ખાસ કરીને શિયાળામાં અને જેમ ઉનાળો આવતો જાય તેમ પાણીની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ થતી જાય છે. તેમાં સૌથી વધુ જો પાણીનું ટીડીએસ અને ઈસી છે. જેનું પ્રમાણ ઈસી ૨ થી ઓછું હોવું જોઈએ અથવા એકની નીચે હોવું જોઈએ.

ખેડૂતો રાસાયણિક ખાતરો અને પેસ્ટીસાઈડ દવાનો ઉપયોગ કરે છે એ છે. જેથી જરૂરી દ્રવ્યોનો નાશ થાય છે. આ ઉપરાંત માત્ર ખેતરમાં ખાતર આપીને ઉત્પાદન નથી થતું. પરંતુ જમીનમાંથી જે જરૂરી તત્વો હોય છે તેનાથી પણ પાક વધુ ઉત્પાદન આવી શકે છે. ખેડૂતો માત્ર અમુક તત્વો ઉપરથી છાંટીને પાકનું રક્ષણ કરતા હોય છે. પરંતુ જરૂરી તત્વ ન હોવાથી ચણા, અડદ, તલ, ઘઉં સહિતના પાકોમાં પોષક દ્રવ્યોની ખામી જોવા મળે છે અને તેને કારણે લોકોના સ્વાસ્થ્ય ઉપર પણ અસર જોવા મળે છે. આમ કૃષિ યુનિવર્સિટી દ્વારા જે રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે તે રિપોર્ટ બાદ ખેડૂતોએ સાવધ રહીને ખેતી માટેની પદ્ધતિ સુધારવી જોઈએ. જેનાથી આવનાર સમયમાં પણ લોકોના સ્વાસ્થ્ય સાથે કોઈ ચેડા ન થાય અને સારું રહે.

વન સ્ટેપ અહેડ વીથ પ્રોફાઉન્ડ વિઝન એન્ડ પ્લાનિંગ વિષય અંગે

# જીનીયસ સ્કુલમાં શૈલેષ સગપરીયાએ એન્હાન્સમેન્ટ પ્રોગ્રામમાં શિક્ષકો અને સ્ટાફને અપાયું માગદર્શન

## જિનીયસ ગ્રુપ ઓફ સ્કુલ્સ દ્વારા શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા શિક્ષક - સ્ટાફને કરાયા સુસજ્જ

**અબતક,રાજકોટ**

જિનિયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટ્યુશન્સ હંમેશા શૈક્ષણિક સ્તરને ઉત્તરોત્તર ઊંચુ લાવવા માટે વિદ્યાર્થીઓને જ નહિ પણ સંસ્થાના શિક્ષકો અને સ્ટાફના સભ્યોના પણ વિચારો અને જ્ઞાનશક્તિની સમૃધ્ધિ માટે સદાય તત્પર રહે છે અને તે માટે સમયાંતરે વિવિધ તાલીમ કાર્યક્રમો, વકતવ્યો અને કાર્યશાળાના આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં જીનિયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટ્યુશન્સ દ્વારા સંસ્થા સાથે જોડાયેલ તમામ શિક્ષકો અને સ્ટાફના સભ્યોને વ્યક્તિગત અને વ્યાવસાયિક વિકાસ બંનેમાં સક્રિય વિચારસરણી અંગે માહિતગાર કરવા ટીચર એન્હાન્સમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ હતુ.



આ સેશન માટે વક્તા સ્થાને જાણીતા મોટીવેશનલ સ્પિકર શૈલેશભાઈ સગપરિયાને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

આ એન્હાન્સમેન્ટ પ્રોગ્રામ અંગે વધુ માહિતી આપતા જીનિયસ ગ્રુપ ઓફ સ્કૂલ્સના ચેરમેન ડી. વી. મહેતાના જણાવ્યું હતું કે સંસ્થા ફકત વિદ્યાર્થીઓના જ નહી, પરંતુ સંસ્થાના શિક્ષકો અને તમામ સ્ટાફના સર્વાંગી વિકાસને લક્ષમાં રાખી સમગ્ર વર્ષ દરમિયાન સમાયાંતરે વિવિધ તાલીમ કાર્યક્રમોના આયોજનો કરે છે. આજનો જમાનો ટેકનોલોજીનો છે અને વિશ્વમાં ખુબ ઝડપથી પરિવર્તનો આવી રહ્યા છે, તેમાં જો કોઈ વ્યક્તિએ ટકી રહેવું હોય કે આગળ વધવું હોય તો તેણે તેની જાતને સતત વર્તમાન પ્રવાહોથી અવગત રાખવી પડે છે. ખાસ કરીને શિક્ષકો જો નવા પ્રવાહોથી અવગત હશે તો તેનો સીધો લાભ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે થશે.

આ વિચારપ્રેરક સત્રમાં શૈલેશભાઈ સગપરિયા એ ઉપસ્થિત શિક્ષકો અને સ્ટાફના સભ્યોને બીઈંગ વન સ્ટેપ અહેડ વીથ પ્રોફાઉન્ડ વિઝન એન્ડ પ્લાનીંગ વિષય ઉપર માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. તેમણે શિક્ષકોને વ્યક્તિગત અને વ્યાવસાયિક વિકાસ બંનેમાં સક્રિય વિચારસરણી અને વ્યૂહાત્મક આયોજનના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ એક સ્વપનદ્રષ્ટા બની નવીનતમ માનસિકતા અપનાવીને સતત આવતા પડકારોથી એક ડગલું આગળ રહેવા અને દરેક પરિસ્થિતિમાંથી કઈક નવું શીખીને વૃદ્ધિ કરવા માટે પ્રોત્સાહિત કર્યા.

સ્પષ્ટ અને શકિતશાળી દ્રષ્ટિ વિકસાવવા માટે મદદરુપ થનાર આ ટીચર્સ એન્હાન્સમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લેનાર તમામ શિક્ષકો અને સ્ટાફના સભ્યોને જીનિયસ ગ્રુપના ચેરમેન ડી. વી. મહેતા અને સીઈઓ ડિમ્પલબેન મહેતા એ અભિનંદન આપ્યા હતા તેમજ વક્તા શૈલેશભાઈ સગપરિયાનો આભાર વ્યક્ત કર્યો હતો.



# મનુષ્ય દ્દઢ સંકલ્પ કરે તો અશકયને પણ શકય બનાવી શકે: ઈન્ચાર્જ ચેરમેન ડો. નરેન્દ્ર દવે

## વીવીપી સંચાલિત ઈટસા અને કેએસડીના વાર્ષિક વિદ્યાર્થી મહોત્સવ મેલાન્જમાં દેશ-વિદેશના વિખ્યાત આર્કિટેકટસનું કૌશલ્ય થયું ઉજાગર



**અબતક, રાજકોટ**

વી..વી .પી. સંચાલિત 'ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર' (ઈપ્સા) અને 'કીચ સ્કુલ ઓફ ડિઝાઈન' (કે.એસ.ડી.) આયોજિત વાર્ષિક વિદ્યાર્થી મહોત્સવ 'મેલાન્જ-૨૪' નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું

ત્રિદિવસીય સમારોહ દરમ્યાન યોજાયેલ પ્રેઝન્ટેશન્સ, પ્રદર્શનો, ચર્ચાસત્રો, મનોરંજન અને સાહિત્યિક કાર્યક્રમોનો સ્તાપત્યકલા તથા આનુસંગિક વિષયો સંલગ્ન વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, પ્રેક્ટીસિંગ આર્કિટેક્ટસ, એન્જીનીયર્સ, અધિકારીઓ, ઉધોગપતિઓ, તેમજ વિશાળ સંખ્યામાં જનસામાન્યએ લાભ ઉઠાવેલ હતો.

સમારોહ ના મુખ્ય મહેમાન એવા લોકભારતી યુનીવર્સીટી ફોર રૂરલ ઈનોવેસન ના વાઈસ પ્રોવોસ્ટ ડો.વિશાલ ભાદાણીના શુભ હસ્તે મંચસ્થ મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ-પ્રાગટય થકી સમારોહને ખુલ્લો મુકવામાં આવેલ હતો. ઉદઘાટન સમારોહમાં સ્ટુડંટ કાઉન્સિલના સભ્યો દ્વારા મહેમાનોનું સ્વાગત તેમજ મેલાન્જ મહોત્સવની થીમ 'કનેકટીંગ ડોટ્સ'ની વિભાવનાનું



(અનુ. આઠમા પાને)

# સ્વામિનારાયણ ગુરૂકુળના ગણિત મેળામાં ૯૪ પ્રોજેકટ રજૂ

## ગણિત ગમ્મત, કોયડાઓ સહિતના વિવિધ ગણીતિક મોડેલ્સ તેમજ શ્રી નિવાસ રામાનુજનના જીવન અંગેની માહિતી આપવામાં આવી

**અબતક,રાજકોટ**

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલય રાજકોટ ખાતે શ્રીનિવાસ રામાનુજન જન્મ જયંતી નિમિત્તે રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી માટે શાળામાં ગણિત મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ધોરણ ૦૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓએ ૯૪ જેટલા પ્રોજેક્ટ રજૂ કર્યા હતા.



આ પ્રોજેક્ટમાં વિવિધ ગાણિતિક મોડેલ્સ,ચાર્ટ, ઉડી મોડેલ, ઘન પદાર્થોના વર્કિંગ મોડેલ્સ,ગણિત ગમ્મત ,કોયડાઓ વગેરે વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયા હતા. વિદ્યાર્થીઓ દ્વારા શ્રીનિવાસ રામાનુજનના જીવન અંગેની માહિતી સુંદર ચાર્ટ દ્વારા બતાવવામાં આવી હતી. વૈદિક ગણિતની રીતે ઝડપી ગણતરી કરવાની જુદી જુદી રીતો પણ વિદ્યાર્થીઓએ ચાર્ટ દ્વારા પ્રદર્શિત કરી હતી. દરેક વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ અને પ્રથમ ત્રણ પ્રોજેક્ટને ઈનામ આપી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

સ્વામિનારાયણ ગુરુકુળના

(અનુ. આઠમા પાને)

# બાલભવનમાં ભૂલકાંઓએ અવનવા પરિધાન સજી જમાવ્યું આકર્ષણ



**અબતક, રાજકોટ**

બાલભવન રાજકોટ દ્વારા તા.૧૫-૧૨-૨૦૨૪ થી ૩૧-૧૨-૨૦૨૪ દરમ્યાન ૫ થી ૧૬ વર્ષ સુધીનાં બાળકો માટે શારીરિક તેમજ માનસીક વિકાસને વેગ મળે તે હેતુસર દર વર્ષની જેમ આ વર્ષે પણ રમત-ગમત તથા સાંસ્કૃતિક સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. ધો.એચકેજી થી ૨ તથા ધો.૩ થી ૪ બન્ને ગૃપનાં બાળકો માટે વેશભૂષા સ્પર્ધા યોજાઈ હતી.

વેશભૂષા સ્પર્ધામાં નાના નાના ભૂલકાઓએ અવનવા પરિધાન સાથે આકર્ષણ ઉત્પન કર્યું હતું. તેમજ ધો.એચકેજી થી ૨ ગૃપમાં જીયાન ભટ્ટ પ્રથમ, તત્સત મહેતા - દ્વિતિય, વંશી વંજાણી- તૃતિય, કાવ્યા બારૈયા -ચતુર્થ અને ડેનીશ જોબનપુત્રા - પાંચમાં સ્થાને વિજેતા જાહેર થયા હતા. તથા ધો. ૩ થી ૪ ગૃપમાં વર્તિકા મહેતા - પ્રથમ, ત્રીશા ભટ્ટ- દ્વિતિય, કવિશ્રી કેસરીયા - તૃતિય, ઝારા માંકડા - ચતુર્થ અને જિયાંશ વાઘેલા - પાંચમાં સ્થાને વિજેતા જાહેર થયા હતા.

નાટચવિદ્ ડો.સુનિલભાઈ ઓઝા તથા ક્રિષ્ના સ્કૂલનાં સંચાલક તૃપ્તિબેન ગજેરા સાથે બાલભવન રાજકોટનાં ટ્રસ્ટી ડો.અલ્પનાબેન ત્રિવેદી તથા ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ કિરીટભાઈ વ્યાસ દ્વારા દિપ પ્રાગટય કરીને કાર્યક્રમની પ્રજવલિત શરૂઆત કરાઈ હતી. તેમજ તેઓની

(અનુ. આઠમા પાને)

# સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપનાની અનોખી ઉજવણી

## મહાયાગ, રાસ, રૂપક નૃત્ય, ધૂન મંડપને અભિષેક કરાયો



**અબતક,રાજકોટ**

સુરતના વેડ રોડ ઉપર આવેલ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલમાં સ્વામિનારાયણ મંત્ર ધૂનનો પ્રારંભ આજથી ૨૭ વર્ષ પહેલા થયેલ. અખંડ ભજનાનંદિ સંત પૂજ્ય શ્રી જોગી સ્વામીએ અખંડ ધૂનનો પ્રારંભ કરાવેલ. સંતો વિદ્યાર્થીઓ તથા મહિલા તેમજ પુરુષ ભક્તો દ્વારા અખંડ ધૂન થઈ રહી છે.

પ્રભુ સ્વામીના જણાવ્યા અનુસાર સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપનાના ૧૯૬ વર્ષ પછી સંપ્રદાયમાં આ અખંડ ધૂન નિર્વિઘ્ન પણે અવિરત ચાલુ રહી છે. ૧૯૯૭ માં શરૂ થયેલ પ્રારંભમાં સુરતમાં કોમી તોફાનો વખતે ધૂન ચાલુ રહેલી. પ્લેગ આવ્યો ત્યારે આખુ સુરત ખાલી થઈ ગયેલું છતાં અખંડ ધૂન ચાલુ રહેલી. કોરોના સમયમાં લોકડાઉન વખતે પણ દેશ વિદેશના યુવાનો તેમજ મહિલાઓ ઓનલાઈન ધૂનમાં મોટી સંખ્યામાં જોડાયેલા. નજીકમાં રહેતા ભકતો પ્રત્યક્ષપણે ધૂન કરવામાં સફળ રહ્યા હતા.

સામાન્ય રીતે ભગવાનની મૂર્તિની સ્થાપનાના દિવસે અભિષેક કરાતો હોય છે. કોઈ રાજા મહારાજા કે ધર્મગુરુ ગાદીએ બેસે ત્યારે તેમને અભિષેક કરાતો હોય છે, પરંતુ અહીં વેડરોડ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સુરતમાં જ્યાં ૨,૩૬,૭૦૦ /- બે લાખ છત્રીસ હજાર સાતસો કલાકથી અખંડધૂન થાય છે તે ધૂન મંડપ પણ એક તીર્થસ્થાન રૂપ બની ગયેલ છે. તે મંડપનો અભિષેક કરવામાં આવેલ.

શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીએ પ્રારંભમાં વૈદિક મંત્રો સાથે ધૂન મંડપ-મકાનનું અહોભાવથી પૂજન કર્યું હતું. દૂધ, દહીં, ઘી, મધ, ચંદન, આદિક ઉપચાર દ્રવ્યો બાદ જળથી ધૂન મંડપનો અભિષેક કરેલ. સંતોએ અબીલ ગુલાલ તથા ૨૫૦ કિલો ફૂલપાંખડીઓથી અભિષેક કરેલ.

આ પ્રસગે પ્રભુ સ્વામીએ કહ્યું હતું કે ૪૦૦૦ ઉપરાંત મહિલા તથા પુરૂષભકતો અને સંતો વિદ્યાર્થીઓ દ્વારા દિવસ અને રાત



અખંડ ચાલતી ધૂનની નોંધ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડે લીધેલી. અખંડ ધૂનના એવોર્ડનો સ્વીકાર ધર્મનંદન ડાયમંડના માલિક લાલજીભાઈ પટેલ તથા શ્રીહરી ગૃપના રાકેશભાઈ દુધાતે સંતો સાથે સ્વીકારેલ.

ગુરુકુલના સ્થાપક ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજનું ધ્યેય હતું કે આપણે ભગવાન ભજવા અને અન્યને ભજાવવા. આજે ગુરૂવર્ય દેવકૃષ્ણદાસજી સ્વામી અને ધર્મવલ્લભદાસજી સ્વામી ભગવાન ભજે છે અને લાખો જીવોને ભગવાન ભજાવી રહ્યા છે.

(અનુ. આઠમા પાને)

વીર બાલદિવસ અંતર્ગત

# તમામ વોર્ડની શાળાઓમાં શૌર્ય, વીરતાની ગાથા ગુંજી

## સમગ્ર દેશમાં 'વીર બાલ દિવસ'ની ઉજવણી કરાવવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આભાર માનતું શહેર ભાજપ

**અબતક, રાજકોટ**

સરહિંદના નવાબે બાબા સમા શીખ ગુરૂ, ગુરૂ ગોવિંદસિંહજીના નાના પુત્રો સાહિબજાદો બાબા જોરાવરસિંહજી અને બાબા ફતેહસિંહજીએ ધર્મની રક્ષા માટે તેઓએ પોતાનું સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું. શીખોના છેલ્લા ગુરૂ ગોવિંદસિંહજીના પુત્રોની શહાદત અને આ તરૂણ યુવાનોએ ધર્મની ગરિમા અને સન્માનની રક્ષા માટે સર્વોચ્ચ અને અકલ્પનિય બલિદાન આપ્યું છે તે ઉદારણીય સાહસની ગાથાથી દેશ અને વિશ્વને અવગત કરાવવા માટે વીર બાલ દિવસ કાર્યક્રમનું આયોજન રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ ઉપપ્રમુખ પરિમલભાઈ પરડવા, વીર બાલ દિવસના કાર્યક્રમો ઘડવામાં આવી રહયા છે સવારે વોર્ડમાં આવેલ શાળાઓમાં પ્રભાતફેરીનો કાર્યક્રમ અને વક્તવ્યનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. પ્રભાતફેરીના કાર્યક્રમથી શહેરના નાગરિકોને વીર બાલ દિવસથી અવગત કરવામાં આવેલ અને શાળાના વિદ્યાર્થીઓને વીર બાલ દિવસની ઉજવણી શા માટે ઉજવવામાં આવે છે આ પ્રભાતફેરી અને વક્તવ્યમાં શહેર ભાજપના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.



### 'વીરબાલ દિવસ'એ પંચપ્રાણ માટે જીવનશકિત સમાન: મુકેશ દોશી

દેશ અને વિશ્વને અ વગત કરાવવા માટે વીર બાલ દિવસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહયું છે. સૌરાષ્ટ્ર ઝોનના વીર બાલ દિવસ કાર્યક્રમના ઈન્ચાર્જ કશ્યપભાઈ શુકલ અને રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ રાજકોટ શ હેર કમલમ કાર્યાલય ખાતે પ્રદર્શની યોજવામાં આવીહતી અને વીર બાલ દિવસ નિમિતે વક્તવ્ય બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ તેમના વકતવ્યમાં જણાવ્યું



(અનુ. આઠમા પાને)

### ગુરૂદ્વારામાં શબ્દ કીર્તન કરી શ્રદ્ધાંજલી અર્પણ કરતાં ભાજપ અગ્રણીઓ

જે અંતર્ગત વોર્ડ નં.૩ માં આવેલ ગુરૂરા સાહેબ તેમજ ટહેલીયારામ દરબાર સાહેબ, જંક્શન પ્લોટ-ગાયકવાડી અને વોર્ડ-૨ માં આવેલ રેસકોર્ષ પાસે આવેલ દુ:ખ નિવારણસાહેબ તેમજ વોર્ડ-૧૦ માં આવેલ પારસ સોસાયટી પાસે, તારણહાર




દરબારમાં રાજકોટ શહેરના આગેવાનોએ શીખ ગુરૂ ગુરૂ ગોવિંદસિંહજીના નાના પુત્રો સાહિબજાદો બાબા જોરાવરસિંહજી અને બાબા ફતેહસિંહજીને યાદ કરી શ્રદ્ધાંજલી આપીશબ્દકિર્તન કરેલ હતા. આ કાર્યક્રમમાં રાજકોટ લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય અને કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, વિશેષ ઉપસ્થિતમાં પૂર્વ મંત્રી વિભાવરીબેન દવે સહિતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટના તત્કાલીન ટીપીઓ સાગઠીયાની 'પાપની કમાણી' ટાંચમાં

## ટીઆરપી ગેમઝોન દુર્ઘટનાના આરોપીએ ભ્રષ્ટાચાર આચરી ભેગી કરેલી રૂ.૨૩.૧૫ કરોડની મિલકત ટાંચમાં લેવા રાજ્ય સરકારની લીલીઝંડી

**અબતક, રાજકોટ**

રાજકોટની ટીઆરપી ગેમઝોનની ગોઝારી દુર્ઘટનાનાં આરોપી તત્કાલીન ટીપીઓ મનસુખ સાગઠીયાની મિલ્કતની તપાસ કરતા તેની પાસેથી આવક કરતા ૬૨૮% વધુ સંપત્તિ મળી આવી હતી. જે બાદ સાગઠીયા વિરુદ્ધ અપ્રમાણસર મિલ્કતનો ગુનો નોંધવામાં આવ્યો હતો. એસીબીની તપાસમાં સાગઠીયા પાસેથી રૂ. ૨૪.૩૧ કરોડની અપ્રમાણસર મિલ્કત મળી આવતા રાજ્ય સરકારે રૂ. ૨૩.૧૫ કરોડની મિલ્કત ટાંચમાં લેવા આદેશ આપ્યા છે.



રાજકોટ મહાનગરપાલિકાના ભ્રષ્ટ પૂર્વ ચીફ ટાઉન પ્લાનર ઓફિસર મનસુખ સાગઠિયા અને તેના પરિવારજનોના નામે વસાવેલી ૨૩.૧૫ કરોડની મિલકત ટાંચમાં લેવા સરકારે આદેશ કર્યો છે. એસીબીની તપાસ દરમિયાન સાગઠિયાએ પોતાની કાયદેસરની આવક કરતા ૬૨૮.૪૨ ટકા વધુ અપ્રમાણસર મિલ્કત વસાવી હોવાનું સામે આવતા ભ્રષ્ટાચાર અધિનિયમ કલમ હેઠળ તેની ધરપકડ કરવામાં આવી હતી. જે અંગે હાલ તે રાજકોટ મધ્યસ્થ જેલમાં બંધ છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં ગેરકાયદે બાંધકામ તોડી પાડવા અંગે નોટિસ આપ્યા બાદ કોઈ કાર્યવાહી ન કરી પોતાની ફરજ પ્રત્યે બેદરકારી દાખવી હતી જેને લઈ પોલીસે ધરપકડ કર્યા બાદ તેમની સામે ભ્રષ્ટાચારના આક્ષેપ ઉઠતા એસીબીએ તપાસમાં ઝંપલાવ્યું હતું અને દરમિયાન મનસુખ સાગઠિયા પાસેથી અપ્રમાણસર મિલ્કત મળી આવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.મનસુખ સાગઠિયાએ ફરજ દરમિયાન પોતાના જાહેર સેવક તરીકેના હોદ્દાનો દુરૂપયોગ કરી ગેરકાયદેસર રીતે આવક કરતા વધુ નાણાં મેળવી આશ્રિતોના નામે સ્થાવર/જંગમ મિલકતોમાં રોકાણ કર્યું હોવાનું એસીબીની તપાસમાં સામે આવ્યું હતું. એસીબીની તપાસ દરમિયાન સાગઠિયાની કાયદેસરની કુલ આવક રૂપિયા ૩,૮૬,૮૫,૬૪૭ની સામે પોતાના તથા પોતાના પરિવારજનોના નામે કુલ રૂપિયા ૨૮,૧૭,૯૩,૯૮૧નું સ્થાવર/જંગમ મિલકતમાં રોકાણ ખર્ચ કરી હોવાનું સામે આવ્યું હતું. સાગઠિયાએ પોતાની આવક કરતા ૬૨૮.૪૨ ટકા વધુ એટલે કે કુલ રૂપિયા ૨૪,૩૧,૦૮,૩૩૪નું અપ્રમાણસર સ્થાવર/જંગમ મિલકતોમાં રોકાણ/ખર્ચ પોતાની ફરજ દરમિયાન રોકાણ કરી હોવાનું સામે આવ્યું હતું. એસીબી દ્વારા સાગઠિયાએ પોતાનાં તથા પોતાનાં પરિવારજનોનાં નામે વસાવેલી મિલકતો રૂપિયા ૨૩,૧૫,૪૮,૨૫૬ની મિલકત ટાંચમાં લેવા માટે રાજ્ય સરકારના ગૃહ વિભાગમાં દરખાસ્ત કરવામાં આવી હતી, જે દરખાસ્ત અંગે રાજ્ય સરકારના ગૃહ વિભાગ તરફથી મંજૂરી આપવામાં આવતા હવે આરોપીની મિલકતો તાત્કાલિક ટાંચમાં લેવા કાર્યવાહી કરવામાં આવશે.

### સાગઠીયાને આશિર્વાદરૂપ રાજકારણીઓ અને ઉચ્ચ અધિકારીઓ દુધે ધોયેલા કે ધ્રુતરાષ્ટ્ર?


મનપાનાં ટીપીઓ પાસેથી રૂ. ૨૮ કરોડની જયારે મિલ્કત મળી આવી હોય ત્યારે ફક્ત એક વિભાગનો હવાલો સંભાળતા અધિકારી પાસે આટલી સંપત્તિ હોય તો જેના આશિર્વાદથી સાગઠીયા બેફામ બન્યો હતો તેવા ઉચ્ચ અધિકારીઓ અને રાજકારણીઓ પાસે કેટલી સંપત્તિ હશે તે એક મોટો સવાલ છે. શું આ લોકો દુધે ધોયેલા છે કે પછી સાગઠીયા આટલા મોટા વહીવટ કરતો હતો અને કોઈને જાણ સુધા જ ન હોય તેમ ધ્રુતરાષ્ટ્રની ભૂમિકામાં હતા તે પણ એક સવાલ છે.

### સાગઠીયાની ખાનગી ઓફિસમાંથી ૧૮ કરોડની મતા મળી આવી'તી

સાગઠીયાની ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ટ્વીન ટાવર ખાતે આવેલી ઓફિસમાંથી સોના દાગીના તથા બિસ્કિટ આશરે ૨૨ કિલોગ્રામ અંદાજે કિંમત ૧૫ કરોડ, ચાંદીના દાગીના આશરે અઢી કિલોગ્રામ અંદાજે કિંમત ૨ લાખ, ડાયમંડ જ્વેલરી આશરે કિંમત ૮.૫૦ લાખ, રોકડ ચલણી નોટો રૂપિયા ૩,૦૫,૩૩,૫૦૦, જુદા-જુદા દેશોની ચલણી નોટો ભારતીય કિંમત આશરે રૂપિયા ૧,૮૨,૦૦૦ સોનાના પટ્ટાવાળી ઘડિયાળ નંગ-૨ તથા અન્ય કિંમતી ઘડિયાળ નંગ-૬ અંદાજે કિંમત ૧.૦૩ લાખની કુલ રૂ. ૧૮ કરોડની મિલ્કત મળી આવી હતી.

# સાબર ડેરીમાં ગૂંગળામણથી એકનું મોત,ત્રણ ઘાયલ

## બોઈલરની સફાઈ દરમિયાન દુર્ઘટના સર્જાઇ



**અબતક**
**સાબરકાંઠા સંજય, દીક્ષિત**

હિંમતનગર નજીક સાબરડેરીમાં ગુરુવાર રોજ બપોરના બે વાગ્યાના સમયે બોઈલરમાં ચાર શ્રમિક સફાઈ કરવા ઉતર્યા હતા જે દરમિયાન ગુંગળામણથી એકનું મોત થયું હતું. જ્યારે ત્રણ શ્રમિકોને તાત્કાલિક સારવાર અર્થે આવિષ્કાર હોસ્પિટલમાં ખસેડાયા હતા ઘટનાની જાણ થતાં જ અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી હિંમતનગર સાબરડેરીમાં ગૂંગળામણથી એક વ્યક્તિનું મોત થયું છે જ્યારે બે લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જાણવા મળેલી વિગતો અનુસાર હિંમતનગર પાસે આવેલી સાબર ડેરીમાં ગુરૂવારના રોજ મજૂરો બોઈલર સાફ કરી રહ્યા હતાં ત્યારે ગૂંગળામણ ઘટના પ્રકાશમાં આવતા ફાયર બ્રિગેડને જાણ કરતા સ્ટાફ દોડી આવ્યો હતો. કીરપાલસિંહ ગુલાબસિંહ ઝાલા નામના ૨૪ વર્ષે યુવક નું મોત નિપજ્યું હતું. જ્યારે સંજયસિંહ મનોરસિંહ ઝાલા નામના ૨૫ વર્ષ અને અન્ય બે બિહારી શ્રમિકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# આજીડેમ ચોકડી નજીક બે બહેનોને ટ્રકે અડફેટે લેતા એકનું મોત, એક ઘાયલ

## સ્કૂલેથી છૂટીને ઘરે જતી બંને સગીરાને નડયો અકસ્માત,ધોરણ ૧૨ની વિદ્યાર્થિનીનું મોત નિપજતા શ્રમિક પરિવારમાં અરેરાટી

**અબતક,રાજકોટ**

શહેરના આજીડેમ ચોકડી નજીક સ્કૂલેથી છૂટીને ઘરે આવતી બે છાત્રાના સ્કૂટરને અજાણ્યા ટ્રક ચાલકે ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી બન્ને બહેનોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ગંભીર રીતે ઘવાયેલી ધોરણ ૧૨ની વિદ્યાર્થિનીનું મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે મચી જવા પામી હતી..

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ શહેરના આજીડેમ ચોકડી પાસે આવેલા શ્રીરામ પાર્કમાં રહેતી અને જૂના માર્કેટ યાર્ડ પાસે આવેલી મઝર સ્કૂલમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતી અનુપ્રીયા ઉર્ફે પ્રિયાંશી પવેન્દ્ર કુમાર સીંગ નામની ૧૭ વર્ષની સગીરા પોતાની નાની બહેન સુપ્રીયાને સ્કૂટર પાછળ બેસી સંતકબીર રોડના નાલાથી આજીડેમ ચોકડી તરફ જઈ રહી હતી. ત્યારે પૂરપાટ ઝડપે આવતા ટ્રક સ્કૂટરને ઠોકરે લેતાં સ્કૂટર સવાર બન્ને સગીરા ફંગોળાઈ હતી. ગંભીર રીતે ઘવાયેલી બન્ને બહેનોને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી



હતી.જ્યાં ગંભીર રીતે ઘવાયેલી અનુપ્રિયા ઉર્ફે પ્રિયાંશી સીંગે સારવારમાં દમ તોડી દેતા પરિવારમાં શોકમાં મોજુ ફેલાયું છે. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી વિદ્યાર્થીનીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો.

પોલીસની પ્રાથમિક પુછપરછમાં મૃતક અનુપ્રીયા ઉર્ફે પ્રિયાંશી સિંગનો પરિવાર ઉત્તર પ્રદેશનો વતની છે. મૃતક સગીરા એક ભાઈ બે બહેનમાં મોટી હતી. અનુપ્રીયા ઉર્ફે પ્રિયાંશી જૂના માર્કેટિંગ યાર્ડ પાસે આવેલી મધર સ્કૂલમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતી હતી. ઈજાગ્રસ્ત તેની નાની બહેન સુપ્રીયા ધોરણ ૯માં અભ્યાસ કરે છે. બન્ને બહેનો સ્કૂલેથી છૂટીને સ્કૂટર લઈ ઘરે પરત ફરી રહી હતી. ત્યારે ટ્રક ચાલકે ઠોકરે ચડાવતા જીવલેણ અકસ્માત સર્જાયો હતો. આ બનાવ અંગે આજીડેમ પોલીસે અકસ્માત સર્જી ટ્રક ચાલક સામે ગુનો નોધી નાશી છૂટેલા ચાલકને ઝડપી લેવા દોડધામ અદરી છે.

# જામીનની શરતોનો ભંગ બદલ આરોપીને પાસપોર્ટ કોર્ટમાં જમા કરવા હુકમ

## નવ વર્ષ પહેલા નજીવી બાબતે ફોનથી ધાકધમકી આપી ગાળાગાળી કરી હતી

**અબતક,રાજકોટ**

નજીવી બાબતે ફોનથી ધાકધમકી, ગાળાગાળીના નવ વર્ષ પહેલાના ચાલતા કેસમાં જામીનની શરતોનો ભંગ કરવા સબબ આરોપી નણદોયાને પાસપોર્ટ જાતે કોર્ટમાં રજૂ કરવા હુકમ ફરમાવ્યો છે.

આ અંગેની હકીકત મુજબ, રાજકોટના રહીશ જલ્પાબેન જલ્પેશભાઈ રાજદેવે રાજકોટ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં તેના નણદોયા શૈલેષ મણીલાલ કોટેચા, હર્ષિત શૈલેષ કોટેચા, ચિરાગ ઝવેરી વગેરે સામે મોબાઈલ નંબર ઉપરથી ઘરના લેન્ડલાઈન નંબર ઉપર ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે આઈ.પી.સી. કલમ- ૫૦૬ (૨), ૫૦૪, ૧૧૪ મુજબની ફરીયાદ તા. ૦૭/ ૦૫/ ૨૦૧૫ના રોજ નોંધાવી હતી. આ ફરિયાદના કામે પોલીસે આરોપીઓની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા અદાલતે જામીન ઉપર છોડીને આરોપીઓએ કોર્ટની પુર્વ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહી અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અન્ય ગુનામાં સંડોવણી કરવી નહીં, તેવી શરતો મુકી હતી. દરમિયાન આ આરોપીઓ જામીન અરજીની શરતોનો ભંગ કરી કોર્ટની પુર્વ પરવાનગી વિના વિદેશ ગયેલ હોવાનું ફરિયાદ પક્ષના ધ્યાને આવ્યું હતું, જેથી ફરિયાદ પક્ષે તે સંબંધે પોલીસ દ્વારા વધુ તપાસ કરવા સી.આર.પી.સી. કલમ- ૧૭૩(૮) હેઠળની અરજી કરેલી. જે અરજી સંદર્ભે ફરીયાદીના એડવોકેટ અર્જુન પટેલ દ્વારા કરવામાં આવેલી દલીલોને ધ્યાને લઈ અદાલતે ઠરાવેલ છે કે તા. ૦૯/ ૦૭/ ૨૦૧૫ના રોજ આરોપીઓએ કોર્ટની પુર્વ પરવાનગી વિના રાજયની હદ છોડવી નહીં તેવી શરત જામીનના હુકમમાં કરેલ છે, અદાલત આ આરોપીઓને તેઓના અસલ પાસપોર્ટ ઝેરોક્ષ કોપી સાથે કોર્ટમાં રજુ કરે તેવો આદેશ કર્યો છે. આ કામમાં મુળ ફરીયાદી વિદ્વાન ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલ, હેતલબેન એચ. રાજદેવ, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી, ભાર્ગવ એ. પાનસુરીયા તથા જતીન ડી. પાંભર રોકાયા છે.

# રેલનગરમાં મકાનમાં મહિલા સંચાલિત જુગારધામ ઝડપાયુ

## રૂ.૧૫ હજારની રોકડ સાથે ત્રણ મહિલા સહિત પાંચ ઝડપાયા

**અબતક,રાજકોટ**

શહેરના રેલનગર વિસ્તારમાં વેદમાતા રાધેપાર્ક ૨માં મકાનમાં મહિલા સંચાલીત જુગારધામ પર પ્ર.નગર પોલીસે દરોડો પાડી ત્રણ મહિલા સહિત પાંચ પતાપ્રેમીને રૂ.૧૫,૧૦૦ની રોકડ સાથે ઝડપી લીધા છે.પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ પ્ર.નગર પી.એસ.આઈ. આઈ.એ.બેલીમ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન તેઓને બાતમી મળી હતી કે રેલનગર વિસ્તારમાં આવેલ વેદ માતા રાધેપાર્ક શેરી નં.૨માં રહેતા વનીતાબેન જયેશભાઈ જીવનાની નામની મહિલા તેના મકાનમાં જુગારનો અડો ચલાવી રહી છે.

પ્ર.નગર પોલીસની ટીમે રેલનગરમાં મકાનમાં જુગારનો દરોડો પાડી જુગાર રમતી વનિતાબેન જીવનાની સહિત ૧૫૦ ફૂટ રીંગરોડ પર આવેલ ધરમનગર કવાર્ટર નં.૫૩૦માં રહેતી કશીશબેન હરેશભાઈ નાગરેચા, શીતલપાર્ક શેરી નં.૬માં રહેતી સોનલબેન શૈલેભાઈ ભાલેરા, ધરમનગર કવાટર નં. ૫૩૦માં રહેતોહરેશ ધીરૂભાઈ નાગરેચા અને કોઠારીયા મેઈન રોડ નીલકંઠ પાર્ક ૪માં રહેતો આકાશ ભાસ્કરભાઈ ધોરડાને રૂ.૧૫૧૦૦ની રોકડ સાથે પ્ર.નગર પી.એસ.આઈ. આઈ.એ.બેલીમ કોન્સ્ટેબલ તોફીકભાઈ મંધરા, ચાપરાજભાઈ ખવડ અને સાધનાબેન ડાંગર સહિતના સ્ટાફે ઝડપી લીધા છે.

જયારે રૈયારોડ પર આવેલા ન્યારા પેટ્રોલપંપની બાજુમાં આવેલી અયોધ્યા રેસોરન્ટની સામે રણછોડનગર ૧૧ની બાજુમાં નારાયણનગર ૨, શ્રધ્ધા મકાનમાં રહેતો પંકીલ જીતેન્દ્રભાઈ ઠકરાર નામનો શખ્સ તેના મોબાઈલ વડે ક્રિકેટ મેચોના રન ફ્ષરના સોદાઓ થઈ શકે તે માટેની એપ પર જુગાર રમવાની આઈ.ડી અલગ અલગ ગ્રાહકોને ફોરવર્ડ કરી હારજીતનો જુગાર રમાડે છે. જેને લઈને પીસીબીની ટીમ નયારા પેટ્રોલપંપ પાસેથી પંકિત ઠકરારને રૂ.૧૫હજારની કિંમતનો મોબાઈલ સાથે પી.સી.બી. પી.એસ.આઈ. એમ.જે.હુણ એ.એસ.આઈ. મયુરભાઈ પાલરીયા, હિરેનભાઈ અને નગીનભાઈ ડાંગર સહિતના સ્ટાફે ધરપકડ કરી છે.

# સોની બજારનાં એપાર્ટમેન્ટની અગાસીમાં મંડાયેલી દારૂની મહેફિલ પર પોલીસ ત્રાટકી

## આંગડિયા પેઢીના ચાર સંચાલકો અને ઈમિટેશનનો ધંધાર્થી ડમડમ હાલતમાં ઝડપાયા : એ ડિવિઝન પોલીસે રંગમાં ભંગ પાડ્યો

**અબતક, રાજકોટ**

શહેરની સોની બજારનાં દરબાગઢ ચોક પાસે એક એપાર્ટમેન્ટની અગાસીએ દારૂની મહેફીલ જામી હોવાની માહિતી પરથી એ-ડિવીઝન પોલીસે દરોડો પાડી આંગડીયા પેઢીના ચાર સંચાલક અને ઈમિટેશનના ધંધાર્થી સહિત પાંચને પકડી લઈ દારૂ પણ કબ્જે કર્યો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર એ-ડિવીઝન પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી. ત્યારે હેડ કોન્સ્ટેબલ કલ્પેશભાઈ બોરીચા અને ધારાભાઈ વાનરીયાને બાતમી મળી હતી કે સોની બજાર દરબાર ગઢ ચોકમાં આવેલા રાધાસખી એપાર્ટમેન્ટના પાંચમા માળે અગાસી પર કેટલાક શખ્સો દારૂની મહેફીલ માણી રહ્યા છે. તેના આધારે દરોડો પાડવામાં આવતાં પાંચ શખ્સો દારૂ પીતા મળી આવ્યા હતાં.

પુછપરછમાં આ પાંચેયએ પોતાના નામ હર્ષદ હરિભાઈ છાંટબાર (ઉ.વ.૪૯-ધંધો ઈમિટેશનનો, રહે. રાજલક્ષ્મી પેલેસ પહેલો માળ-૧૦૪, કડવા ભાનુ રોડ રણછોડનગર), કૌશિષ જયંતિભાઈ પટેલ (ઉ.વ.૪૨-ધંધો આંગડીયા પેઢી, રહે. રાધામીરા સોસાયટી-૨ મકાન નં. ૯, જુનો મોરબી રોડ), હરસુખ રામાભાઈ દેસાઈ (ઉ.વ.૩૯-ધંધો આંગડીયાનો, રહે. આસ્થા વેન્ટીલા શેરી નં. ૩ મોરબી રોડ સેટેલાઈટ ચોક), પ્રવિણ પરષોત્તમભાઈ પટેલ (ઉ.વ.૫૪-ધંધો આંગડીયા પેઢી, રહે. રાધાસખી એપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૫૦૩, દરબાર ગઢી, મુળ એચ-૨૦૪ શ્રીધર પલ્સ એપાર્ટમેન્ટ વષાલ અમદાવાદ) તથા નરેન્દ્ર બાબુલાલ પટેલ (ઉ.વ.૩૫-ધંધો આંગડીયા પેઢી,રહે. રણછોડનગર-૧ રાજલક્ષ્મી પેલેસ બીજો માળ) જણાવ્યા હતાં.અગાસીમાં બ્લેન્ડર્સ પ્રાઈડ વ્હીસ્કીની બોટલ, પ્લાસ્ટીકના પાંચ ગ્લાસ, ડીસ્પોઝેબલ ડીસ, સીંગ, વેફર વગેરે મળ્યા હતાં. બોટલમાં આશરે ૩૦૦ મી.લી. જેટલો દારૂ વધ્યો હોઈ તે કબ્જે લેવાયો હતો.

# સરધાર નજીક બાઈકમાં ૨૪ બીયરના ટીન સાથે મહિલા બુટલેગર ઝડપાય

## બીયરનો જથ્થો મંગાવનાર પતિની પણ ધરપકડઃ રીસીવર મહિલા સહિત બેની શોધખોળ

**અબતક, રાજકોટ**

૩૧ ડિસેમ્બરને ગણતરીના દિવસો બાકી છે ત્યારે બુટલેગરો પોલીસથી બચવા માટે મહિલાને દારુ-બીયર સપ્લાય કરવા માટે ઉપયોગ કરતા હોય છે. ત્યારે શહેરની ભાગોળે પતિએ મંગાવેલા બીયરના ટીન પત્નિ બાઈકમાં લઈને રાજકોટ જતી હતી ત્યારે સરધારથી નવાગામ રોડ પર આજી ડેમપોલીસે ૨૪ બીયરના ટીમ સાથે મહિલા બુટલેગરને ઝડપી લીધી છે જયારે મંગાવનાર મહિલા સહિત બેની શોધખોળ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહીતી મુજબ આજી ડેમ પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતીમી મળી હતી કે, સરધાર ગામમાં રહેતી ખુશ્બુબા નિલેશભાઈ પરમાર નામની મહિલા, સરધારથી નવાગામ રોડ પર તેના જયુબીટર મોટર સાયકલ સાથે નીકળશે અને તેની પાસે બીયરનો જથ્થો છે. જેની આજી ડેમ પોલીસ વોચમાં ગોઠવાઈ જઈ જેવી મહિલા ત્યાંથી નીકળતા તેણીને અટકાવી તલાસી લેતા ૨૪ બીયરના ટીમ મળી જતાં બીયર અને વાહન સાથે મહિલા બુટલેગરની ધરપકડ કરી છે.

પોલીસે ઝડપાયેલી મહિલાની પુછપરછ કરતા તેના પતિ નિલેશ બીયર લઈ આવ્યો હતો અને તેણીને કોઠારીયા સોલવન્ટ, શીતળાધાર ૨૫ વારીયા રહેતા રહિમ અને ગુલાબબા પ્રદિપસિંહ ચુડાસમાને બીયરનો જથ્થો આપવા જતી હતી. પોલીસે મહિલાના પતિને ઝડપી અન્ય રહીમ અને ગુલાબબાની શોધખોળ હાથ ધરી છે.

જયારે ગાંધીગ્રામ -૨ (યુનિ.) પોલીસે લાખના બંગલા પાછળ કષ્ટભંજન મેઈન રોડ પર જય ભવાની નામના મકાનમાં રહેતો મનીષ ગીરીશભાઈ પાંઉ નામના શખ્સને ૧૫૦ ફુટ રીગ રોડ પર આવેલા ગોકુલ મથુરા એપાર્ટમેન્ટની સામેથી વિદેશી દારૂના ૨૧ ચપલા સાથે ધરપકડ કરી છે.

# સજાના હુકમ સામે થયેલી અપીલ ડીસમિસ કરતી અદાલત

## ૭.૧૫ લાખના ચેક રિટર્ન કેસમા એક વર્ષની સજા અને ચેક ની રકમનુ વળતર ચૂકવવા હુકમ કર્યો

**અબતક,રાજકોટ**

ચેક રિટર્ન કેસમાં સજા સામે થયેલી અપીલ સેશન્સ કોર્ટએ ડીસમિસ કરતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરની પીએનપી કોર્પોરેશન નામથી ચાલતી પેઢીના વહીવટ કતા નરેશ ગુણવંતરાય શેઠે રાજલક્ષ્મી સોસાયટી મેઈન રોડ સોમનાથ સ્કૂલ પાસે પંચવટી માં રહેતા આકાશ હિતેશભાઈ પાડેસિયા સામે રૂપિયા ૭.૧૫ લાખની ચેક રિટર્નની ફરિયાદ કરી હતી જે કેસ ચાલીસત્તા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જેવી પરમારે આરોપી હિતેશ ભાડેથી અને એક વર્ષની સાદી કેદની સજા અને ચેક ની રકમ વળતર પેટે ૭.૧૫ લાખ એક માસની અંદર ચૂકવી આપવાનું હુકમ કરેલો અને વળતર ન ચૂકવે તો વધુ છ માસની સજા નો હુકમ કરેલો હતો.

આ હુકમથી નારાજ થઈ આરોપી હિતેશ ભાડેસીયાએ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી જે અપીલ ચાલી જતા જેમાં આરોપી કે તેમના વકીલ દાખલ કર્યા બાદ હાજર રહેલા નહીં અને સેશન્સ કોર્ટના વચગાળાનો હુકમ પાલન કરેલું નહીં અને અપીલ ચાલી જતા એડિશનલ સેશન્સ જજ એસ એ ગાલરીયા એ હિતેશ ભાડેસીયાની અપીલ કરી ડિસમિસ કરી નીચેની અદાલતના હુકમને કાયમ રાખેલ છે આ અપીલમાં સામેવાળા પીએનપી કોર્પોરેશન વતી એડવોકેટ તરીકે બીનેશ એચ પટેલ અને રાજેશ એચ પટેલ રોકાયા હતા


### જાહેર નોટીસ

નં.જન્મ/મરણ પરચુરણ અરજી/કેસ નં. ૧૧/ ૨૦૨૪

શ્રી અરજણભાઈ કરશનભાઈ અકબરી,
મુ.રામપરા, તા.તાલાલા, જિ.ગીર સોમનાથ ......અરજદાર

વિરૂધ્ધ

તલાટી કમ મંત્રીશ્રી,
જન્મ-મરણ નોંધણી અધિકારી,
ગ્રામ પંચાયત કચેરી, રામપરા, તા.તાલાલા ......સામાવાળા

**બાબતઃ-જન્મ મરણ નોંધણી ધારા કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણ નોંધનો હુકમ થવા અંગે**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામના ઉપર લખેલા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) હેઠળ અરજી લાવી અરજદારશ્રી અરજણભાઈ કરશનભાઈ અકબરીની પત્નિ કંચનબેન અરજણભાઈ અકબરીનુ મરણ મુ.રામપરા,તા.તાલાલા મુકામે તા.૦૮/૦૩/૨૦૦૨ ના રોજ થયેલ છે. જેની જન્મ/મરણ નોંધણી રજીસ્ટરમાં તેમના મરણની ગ્રામ પંચાયત કચેરી, રામપરા, તા.તાલાલામાં જન્મ-મરણ રજીસ્ટરે શરતચુકથી લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અરજદારશ્રી અરજણભાઈ કરશનભાઈ અકબરી, મુ.રામપરા, તા.તાલાલા, જિ. ગીર સોમનાથ મારફત અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ અંગેની નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૧/૧૨/૨૦૨૪ના રોજ બપોરના ૧૧:૩૦ કલાકે વાંધા તકરાર તથા આધાર પુરાવા સાથે હાજર રહેવું અને આપની આજુબાજુના પડોશીનું સંહાયક સૌગંદનામું (SUPPORTIVE AFFIDAVIT ) રજુ કરવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૦/૧૨/૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
તાલાલા

તંત્રી લેખ

# અલવિદા મનમોહનજી એક યુગનો સુર્યાસ્ત

ભારતના પૂર્વ વડાપ્રધાન, વિશ્વના ટોચના અર્થશાસ્ત્રી અને આરબીઆઈના પૂર્વ ગર્વનર મનમોહન સિંહનું ૯૨ વર્ષની જૈફ વયે નિધન થતા દશે શોકમા ગરકાવ થઈ ગયો છે. ભારતમાં એક યુગ આથમી ગયો હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે.

પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ મૃદુભાષી, વિવેકપૂર્ણ અને હંમેશા પ્રતિષ્ઠિત, દઢ સંકલ્પકારી હતા. વર્ષ ૧૯૯૧, ૧૯૯૨ અને અન્ય બજેટ દ્વારા ભારતીય અર્થતંત્રના ટેક્નોક્રેટિક ટ્રાન્સફોર્મર હતા. તેમના વડા પ્રધાનપદમાં ગ્રામીણ રોજગાર, આદિજાતિના અધિકારો, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિ અને ઓબીસી માટે અનામત, પ્રાથમિક શિક્ષણ, ખાદ્ય સુરક્ષા અને જમીન સંપાદન સંબંધિત ક્રાંતિકારી કાયદો જોવા મળ્યો હતો. ભારત-અમેરિકા પરમાણુ કરાર એ એક સીમાચિહ્નરૂપ હતું જેણે ભારતનું વૈશ્વિક દરજ્જો વધાર્યું હતું. તેમના વડાપ્રધાન પદે દેશના ઈતિહાસમાં સૌથી વધુ જીડીપી વૃદ્ધિ દર જોવા મળ્યો હતો.

તેઓ મૂળમાં એક સજ્જન હતા, અને જેમણે કોઈના પ્રત્યે કોઈ અણગમો કે દ્વેષ રાખ્યો ન હતો. સંવાદ, સર્વસંમતિ અને આવાસની રાજનીતિમાં માનતા હતા. નમ્રતા અને પ્રામાણિકતાએ તેની વ્યાખ્યા કરી હતી. તેમણે પીએમ તરીકે લીધેલી ઘણી પહેલો માર્કેટિંગ, બ્રાન્ડેડ અને તેમના અનુગામી યોગદાન તરીકે રજૂ કરવામાં આવી હતી. પરંતુ ડો. સિંહે ક્યારેય વાંધો ઉઠાવ્યો નહીં અને તેમનું ટ્રેડમાર્ક સ્મિત આપશે.

તેમની પ્રામાણિકતા હંમેશા માટે પ્રેરણા બની રહેશે અને તેઓ તેમના વિરોધીઓ દ્વારા અન્યાયી અને ઉંડા વ્યક્તિગત હુમલાઓ સહન કરવા છતાં રાષ્ટ્રની સેવા કરવાની તેમની પ્રતિબદ્ધતામાં અડગ રહેતા વ્યક્તિ તરીકે આ દેશને સાચા અર્થમાં પ્રેમ કરનારા લોકોમાં હંમેશા ઊંચા રહેશે.તે અંત સુધી ખરા અર્થમાં સમતાવાદી, મજબૂત ઈચ્છા અને હિંમતવાન રહ્યા. રાજનૈતિક દુનિયામાં એક અનોખા પ્રતિષ્ઠિત અને સૌમ્ય માણસને ભારતે ગુમાવ્યા છે. તેમની અદ્વિતીય અને વિશિષ્ટ રીતે, ડો. મનમોહન સિંહે આપણા ઈતિહાસ પર પોતાની અમીટ છાપ છોડી છે.

વિશ્વભરમાં મંદીએ જયારે અજગરી ભરડો લીધો હતો ત્યારે ભારતના વડાપ્રધાન પદે મનમોહન સિંહ સેવા બજાવતા હતા. તેઓએ ભારતને મંદીથી ઉગારી લીધું એટલું જ નહીં ભારતીય રૂપિયાને પણ ડોલર સામે તુટતો બચાવ્યો હતો. મૌન રહેવા છતાં સર્વશ્રેષ્ઠ કામગીરી કરવી તેઓની સૌથી મોટી ખાસિયત હતી.

કેન્સરને કહો બાયબાય

# પુજીત રૂપાણી ટ્રસ્ટ દ્વારા કાલે વિનામૂલ્યે યોજાશે કેન્સર નિદાન કેમ્પ

## સુપ્રસિધ્ધ ડો. દુષ્યંત માંડલીકની સારવારનો લાભ લેવા જરૂરીયાતમંદોને વિજયભાઈ રૂપાણી-અંજલીબેનનો અનુરોધ

**અબતક,રાજકોટ**


કેન્દ્ર એયલે કેન્સલ નહી કેન્સરના દર્દીઓ માટે આશિર્વાદરૂપ બનેલ પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા કેન્સર જાગૃતી સાથે નિદાન સારવાર કેમ્પનો નિરંતર યજ્ઞ ચલાવાય રહ્યો છે.

શ્રી પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ, રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન તથા અમદાવાદ સ્થિત ગજરાતની નામાંકિત આસ્થા ઓન્કોલોજી એશોશિયેટસ હેલ્થ કેર ગ્લોબલ નાં સંયુકત ઉપક્રમે છેલ્લા એકદસકાથી સમગ્ર વિશ્વને ભરડામાં લઈ લેનાર રોગ કેન્સરને નાથવા દર મહિનાના બીજા તથા ચોથા શનિવારે ટ્રસ્ટના ભવન ખાતે ''કેન્સર અવેરનેસ તથા નિદાન પ્રોગ્રામ'' હાથ ધરાયો છે. જે અંતર્ગત તા.૨૮/૧૨/૨૦૨૪, શનિવારના રોજ કેન્સર નિષ્ણાંત ડો.દુષ્યંત માંડલીક શ્રી પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ ''કિલ્લોલ'', ૧-મયુરનગર, રાજકોટ મહાનગર પાલિકા પૂર્વઝોન કચેરી સામે, ભાવનગર રોડ, રાજકોટ (ફોનનં.૨૭૦૪૫૪૫) ખાતે નિઃશુલ્ક કેન્સર નિદાન કરી અપાશે. જેનો સમય સવારે ૯ થી ૧૦ વાગ્યા સુધીનો રહેશે. રજિસ્ટ્રેશન રૂબરૂ અથવા ફોનથી પણ કરાવી શકાશે.

આ કેમ્પમાં ગુજરાતના તબીબ ડો.દુષ્યંત માંડલીક સેવાઓ આપશે. જે અંતર્ગત મોં, ગળું, જડબાંના કેન્સરનું નિદાન કરી અપાશે. જેનો વિનામૂલ્યે લાભ લેવા ટ્રસ્ટના ચેરમેન શ્રી વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટી શ્રીમતિ અંજલિબેન રૂપાણીએ અનુરોધ કર્યો છે.

# મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી મનસુખભાઈ જોશીનો ૯૨ વર્ષમાં મંગલપ્રવેશ

ગાંધી વિચારને વરેલા બાલભવન અને મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી મનસુખભાઈ જોશીનો આજે જન્મ દિવસ છે. તેઓએ ૯૧ વર્ષ પૂર્ણ કરી ૯૨માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે.



આજે પણ રાષ્ટ્રીય શાળાના પ્રમુખ સરદાર પટેલ સ્મારક ટ્રસ્ટ, કબા ગાંધીનો ડેલો, ભારત સમાજસેવક, રાષ્ટ્રભાષા પ્રચાર સમીતી-વર્ધા ભારત સ્કાઉટ ગાઈડ બંધ, બબલભાઈ મહેતા નેત્ર રક્ષા ટ્રસ્ટ, નૂતન સર્વોદય સોસાયટી, જનતા ક્રેડિટ સોસાયટી, રાજકોટ કોમર્શિયલ કો.ઓ. બંક, સીટીઝન કો. ઓપ. બેન્ક વિગેરે સંસ્થાઓ સાથે સક્રિય રહીને યોગદાન આપી રહ્યા છે.

રાજકોટ શહેરના સુધરાઈના પ્રમુખ રાજકોટના ધારાસભ્ય, ગુજરાત રાજય સરકારના શ્રમરોજગાર અને ગૃહ નિર્માણ ખાતાના કેબીનેટ મંત્રી તરીકે તેમજ રાજકોટ શહેર કોંગ્રેસ સમીતીના પ્રમુખ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમીતીના ઉપપ્રમુખ તરીકે સક્રિય રહીને સેવા આપેલ છે એકસ એમએલએ કાઉન્સીલના સ્થાપક તેમજ વિશ્વ ગુજરાતની સમાજના સ્થાપક રહ્યા છે.

ગુજરાતની સામાજીક રાજકીય સહકારી પ્રવૃતિઓ સાથે સંકળાયેલ મનસુખભાઈ જોશીના જન્મ દિને મો. નં. ૯૮૭૫૨ ૨૯૯૦૦ પર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

## સંત કેશવ ભગતની પ૬મી પુણ્યતિથિએ

# ઘંટેશ્વર મહાદેવ મંદિરે રવિવારે મનોરથ અને લોટી ઉત્સવ

**અબતક, રાજકોટ**

પરમેશ્વર ઘંટેશ્વર મહાદેવ, કેશવભગત, મેઘજીભગત, ભોજાભગતની કૃપાથી સંત કેશવભગતની પ૬મી પુણ્યતિથિએ રાસ રાસેશ્વર પરમ કૃપાળુ શ્રીનાથજી બાવા એવમ શ્યામ સુંદર યમુના મહારાણીજીની દ્રષ્ટિ તથા કરૂણા સાગર મહાપ્રભુજીનાં આશીર્વાદથી ગીરીરાજજીનો મનોરથ તથા લોટી ઉત્સવ વિક્રમ સંવત ૨૦૮૧ માગસર વદ-૧૪ ને રવિવાર તા.૨૯-૧૨ ના શુભ દિવસે નિરધારેલ છે.



જેમા સંત કેશવભગતના સામૈયા સવારે ૮-૦૦ કલાકે હરીપર ગામથી ઘંટેશ્વર મહાદેવ મંદિર સંત કેશવભગત સમાધી સ્થળ સુધી, સત્કાર સમારંભ બપોરના ૨-૦૦ કલાકે, મહંત ગીરીરાજજીનો સ્થંભ રોપણ સવારે ૯-૦૦ કલાકે, યમુનાજીના લોટી ખોલવાની સવારે ૪-૦૦ કલાકે, યમુનાજીના સામૈયા સાંજે ૪-૦૦ કલાકે, રાસ-કિર્તન દિવસના સમય અનુસાર તથા મહા પ્રસાદ બપોરે ૧૨-૦૦ કલાકે અને સાંજે ૬-૦૦ કલાકે ઘંટેશ્વર મહાદેવ મંદિર તથા સંત કેશવભગતની સમાધી જગ્યાએ લાલપુર રોડ, હરીપર રાખવામા આવેલ છે. કેશવ ગૌ શાળા ટુંક સમયમાં શરૂ કરવામા આવશે.

# રાજકોટ જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાનો આજે જન્મદિવસ

રાજકોટ જીલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાનો આજે જન્મદિન છે.આજે તેઓ ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે.



નરેન્દ્રસિંહ જાડેજાએ રાજકોટ જીલ્લામાં શૈક્ષણીક કારકિર્દીથી શરૂઆત કરી હાલ રાજકોટ જીલ્લા ભાજપમાં જીલ્લા મહામંત્રી તરીકે સંગઠનને પોતાની સુઝબુઝ અને કાર્યકુશળતાથી ખુબ જ સક્ષમ બનાવેલ. શ્રી નરેન્દ્રસિંહ જાડેજાએ રાજકોટ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પક્ષલક્ષી પ્રવાસો કરી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના વિકાસકાર્યોની તેમજ છેવાડાના માનવી સુધી સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળે અને કોઈ માનવી યોજનાઓના લાભથી વંચિત ન રહે તેમજ યુવાનોના વિકાસ માટે મળતી સહાયો અંગે જાગૃત કરી તેઓને સ્વનિર્ભર બનાવવા સતત પ્રયત્નશીલ અનેક સામાજીક સેવાકીય તેમજ ધાર્મિક સંસ્થાઓ સાથે જોડાઈને અવિરત દિન-રાત જોયા વિના સેવાકીય પ્રવૃત્તિ કરી રહ્યા છે.

એવા લોકલાડીલા નરેન્દ્રસિંહ જાડેજાના જન્મદિવસ નિમત્તે ગુજરાત પ્રદેશ ભાજપ તેમજ ગુજરાતના જીલ્લાના ભાજપના હોદેદારો, ધારાસભ્યો, સંસદસભ્યો તેમજ રાજકીય-સામાજિક-ધાર્મિક અને વિવિધ સંસ્થાના આગેવાનો અને તેમના સમાજના આગેવાનો દ્વારા તેમના મો.૯૮૨૫૬૧૭૭૦૨ ઉપર શુભેચ્છાઓની વર્ષા કરી રહ્યા છે.

# રામપુરા સિદુરી પ્રાથમિક શાળા માં આરોગ્ય શિબિરનું આયોજન સાથે ૧૦૧ છોડવાનું વિતરણ

**અબતક,રાજકોટ**

નવા વર્ષ ની ઉજવણી આર્યા વસુંધરા ના પર્યાવરણ નું સંવર્ધન સાથે આર્યા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા કાલાવડ ગામ નજીક આવેલ રામપુરા સિંદુડી પ્રાથમિક શાળામાં શિયાળા માં બાળકો સાથે વાલીઓ જોડે આરોગ્ય શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું



દવા વગર પણ ઘર માં રહેલી વસ્તુઓ જ આપણી ઔષધિઓ છે અને પ્રાકૃતિક ચિકિત્સા નું મહત્વ આપવાની સાથે સાથે દરેક છોડ માં રહેલી ઔષધિઓ. ની સમજ આપી હતી ...વૃક્ષો નું મહત્વ સમજાવી ૧૦૧ છોડ નું વિતરણ કરવામાં આવ્યું હતું ...

પંખીઓ નો આશરો સાથે પર્યાવરણ ના સંવર્ધન માં સૌ પોતાના હાથે જ એક છોડ વાવે અને એનું જતન પણ કરશે ..એવા ભાવ સાથે આર્યા વસુંધરા ફ છોડવા નું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં સિંદૂડી ગામ ના લોકો એ ઉત્સાહ જતાવ્યો હતો અને અને એક નહિ અનેક છોડ વાવીશું કહી ને દરેક એક સાથે અનેક છોડ લઈ ગયા હતા જેમાં ૫૦ બાળકો એ હાજરી આપી ને છોડ નું મહત્વ સમજી ને અમે એક વૃક્ષ વાવીશું ને ગામ માં હરિયાળી લાવીશું અને પ્લાસ્ટિક મુકત શાળા નો સંકલપ નાદ ગૂંજતો કર્યો હતો

એમની ટીમ દ્વારા વાડીએ અને આંગળા માં ઉછેર કરી શકાય એવા ૧૦૧ રોપાઓ નું ગ્રામ્ય જનો ને રોપાઓ. નું વિતરણ કરાયું હતું ..જેમાં આર્યા વસુંધરા ટીમ ના ગૌતમ ભાઈ વણપરિયા.આર્યા ટ્રસ્ટ ના ટ્રસ્ટી રાજેન્દ્ર ભાઈ અને ડો.દેવ વિઠલાણી એ પણ આયોજન માં સહકાર આપ્યો હતો.

# સાધ્વીજી પૂ. ગીતાબાઈ મહાસતીજી નિસ્પૃહી અને નિરાગ્રહી હતા: ધીરગુરૂદેવ

**અબતક,રાજકોટ**

શાલિભદ્ર સરદારનગર સ્થાનકવાસી જૈન સંઘ ખાતે પૂ. ધીરગુરૂદેવ તથા મહાસતીજી વૃંદની નિશ્રામાં પૂ. ગીતાબાઈ મ.સ.ની ગુણાનુવાદ સભામાં ગોંડલ ગચ્છ શિરોમણી પૂ. જશરાજજી મ.સા.એ સંદેશામાં જણાવેલ કે એકાંત, ધ્યાન અને મોન સાધકની સાધનામાં સહાયક બને છે. પૂ. ધીરગુરૂદેવે કહેલ કે સરલ અને સાલસ સ્વભાવના પૂ. ગીતાજી મ.સ. નિસ્પૃહી અને નિરાગ્રહી હતા.



પૂ. સુશાંતમુનિજી, પૂ. ઈન્દુબાઈ મ.સ. પૂ. વર્ષાબાઈ મ.સ., પૂ. સ્મિતાજી મ.સ.એ ગુણવંદના કરી ગુણાંજલી અર્પણ કરેલ. રાજકોટ મોટા સંઘની વૈયાચ્ચને બિરદાવી ડો. પ્રશાંત શેઠ, આશાબેન, રિધ્ધિબેન વગેરેની સેવાની અનુમોદના કરવામાં આવેલ પૂ.ગીતાબાઈ મ.સ.એ ૬૧ વર્ષની વયમાં ૩૮ વર્ષે સંયમજીવનનું પાલન કરેલ.

# યોગ ક્ષેત્રે યોગદાન આપનાર યોગપ્રેમીને 'યોગ એવોર્ડ' થી સન્માનીત કરાશે

## ૨ જાન્યુઆરી સુધીમાં અરજી કરવાની રહેશે

**અબતક,રાજકોટ**

નાગરિકો યોગ પ્રત્યે જાગૃત થઈ યોગ કરતા થાય અને સ્વસ્થ તથા નિરોગી રહે, તે માટે રાજ્ય સરકારનુ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ કાર્યરત છે. જેના અનુસંધાને યોગ સાથે સંકળાયેલ તથા યોગ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનારને પ્રોત્સાહન મળે તે માટે ગુજરાત રાજ્ય તથા જીલ્લા કક્ષાએ ૦૩(ત્રણ) કેટેગરીમાં પોતાનાં યોગ પ્રત્યેના ઉત્કૃષ્ટ યોગદાન બદલ વ્યક્તિગત શ્રેણીમાં યોગ એવોર્ડ આપવામાં આવશે. આ એવોર્ડ મેળવવા માગતી અને નિયત પાત્રતા ધરાવતી વ્યક્તિઓએ અરજી સાથે ચોક્કસ અને અદ્યતન કરેલ બાયોડેટા પુરાવા સાથે તા.૦૨ જાન્યુઆરી સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી બ્લોક નંબર ૫, પાંચમો માળ, રેસકોર્સ રોડ, રાજકોટને મળે તે રીતે મોકલવા જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી હિતેશ દિહોરાની દ યાદીમાં જણાવાયું છે.

## એડવોકેટ સ્વ.શૈલેષભાઈ પરસોંડાની ૧૧મી પુણ્યતિથિ નિમિતે

# બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૦૯ બોટલ રક્ત એકત્રિત

**અબતક, રાજકોટ**

વકીલાતના વ્યવસાયમાં સંકળાયેલ યુવા એડવોકેટ સ્વ.શૈલેષભાઈ પરસોંડાની ૧૧મી પુણ્યતિથિ નિમિત્તે થેલેમેશિયા પીડીત બાળકોના લાભાર્થે તા.૨૬-૧૨-૨૦૨૪ને ગુરૂવારના રોજ વાંકાનેર સોસાયટી, કોમ્યુનિટી હોલ, જામનગર રોડ રાજકોટ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૧૦૯ બોટલ બ્લડ એકત્રીત થયુ હતું. આ રક્તદાન કેમ્પને સફળ બનાવવા પરસોંડા એસોસિએશન હરેશભાઈ બી. પરસોંડા એડવોકેટ, હિરેનભાઈ પટેલ,



પ્રભાત પરસોંડા, જેનીલ પરસોંડા, પિયુસભાઈ ઝાલા, રીશીરાજ ચૌહાણ, દિવ્યેશ લાખાણી, જયદિપ જાગાણી, રોનક વસોયા, સાજીદ કકલ અને વિજય પેઢ ડીયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# નવયુગ કોમર્સ કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા વીર બાળ દિવસની ઉજવણી

**અબતક,રાજકોટ**

નવયુગ કોમર્સ કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા વીર બાળ દિવસની ઉજવણીના ભાગરૂપે કોલેજમાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ જેનો વિષય હતો "વીર બાળ દિવસ - આજના યુવાનો માટે પ્રેરણાનો સંદેશ." જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડો.અંકિતા ઝાડેશ્વરીયા તેમજ ડો.રૂપેશ દવે દ્વારા સમગ્ર કાર્યક્રમનુ સંચાલન કરવામાં આવ્યું હતું. અને આ સ્પર્ધામાં જજ તરીકે પણ તેમણે જ સેવા આપી હતી. કોલેજના આચાર્ય શ્રી ડો. વિનોદભાઈ પટેલ આ કાર્યક્રમમા ઉપસ્થિત રહ્યા હતા



અને વિષયને અનુરૂપ વિદ્યાર્થીઓને સંબોધીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા વિદ્યાર્થીઓને આચાર્યના હસ્તે પ્રમાણપત્ર અને ઈનામ આપી સન્માનિત કરવામા આવ્યા હતા.

# સોમવારે સોમવતી અમાસનુ વિશેષ મહત્વ

## ઓમ નમઃ શિવાયના જપ કરવા જો કોઈ બિમારી હોય તો શિવલિંગ પર ફક્ત જળ ચડાવવાથી થાય છે રાહત

**અબતક,રાજકોટ**

માગશર વદ અમાસ ને સોમવાર તારીખ ૩૦ ડિસેમ્બર ના દિવસે સોમવતી અમાસ છે ખાસ કરીને સોમવારે બુધવારે અને શનિવારે આવતી અમાસનું મહત્વ વધારે હોય છે તેમાં પણ સોમવાર મહાદેવજી નો વારો હોવાથી સોમવતી અમાસનું મહત્વ વધી જાય છે આ દિવસે પીપળે પાણી રેડવાથી અને પીપળાની પ્રદક્ષિણા ફરવાથી પિતૃઓને મોક્ષ ગતિ મળે છે સોમવતી અમાસના દિવસે ગાયોને ઘાસ નાખવું ગરીબોને દાન આપવું પણ શુભ રહે છે

સોમવતી અમાસ આખો દિવસ હોવાથી આ દિવસે શિવજીને દૂધમાં કાળા તલ સાકરનો ભૂકો મિક્સ કરી શિવલિંગ ઉપર ચડાવું ત્યારબાદ જળ ચડાવું આમ કરવાથી ગ્રહ પીળા દૂર થશે. આ દિવસે પુરાણોક્ત રુદ્ર અભિષેક બોલતા બોલતા પણ જળ ચડાવી શકાય છે આ ઉપરાંત સોમવતી અમાસના દિવસે ઉપવાસ અથવા એકટાણું ખાસ રહેવું ઓમ નમઃ શિવાયના જપ કરવા.. જો કોઈ બીમારી હોય તો આ દિવસે શિવલિગ ઉપર ફક્ત માત્ર જળ ચડાવાથી જ બીમારી દૂર થઈ શકે છે.

**શાસ્ત્રી રાજદીપ જોશી**

# મહાનગર પાલિકાની વેરા વસુલાત પુરજોશમાં ત્રણ દિ'માં ૩૪.૧૮ લાખની વસુલાત

## વેરા વસુલાતની કામગીરી અવિરત ચાલુ રાખવા કમિશ્નર તંત્રનો આદેશ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેરા બાકીદારો સામે કડક રિકવરી ઝુબેશ હાથ ધરાતા બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે.

વેરા વસુલાત ઝુંબેશ દરમ્યાન રોજબરોજ ની ઉઘરાણી અને નોટીસો બાદ મિલ્કતો સીલ કરવાની કાર્યવાહીથી ૩૮.૧૫ લાખની રીકવરી થવા પામી છે.

૧૫૦ ફુટ રોડ પર ત્રણ મિલ્કતો પાસેથી ૨,૬૨,૦૦૦ રૂપિયાની વસુલાત કરી હતી.



વોર્ડ નં-૧૦ નિર્મલા રોડ પર રૂ.૧.૦૩ લાખ.,વોર્ડ નં-૧૫ કૃષ્ણનગર મેઈન રોડ પર આવેલ રૂ.૯૬,૧૦૬/-., વોર્ડ નં-૧૪ માસ્ટર સોસાઈટીમાં ૧- રિકવરી રૂ.૩.૬૯ લાબ., વોર્ડ નં-૧૫ આઈએ ઓદ્યોગિક વિસ્તારમાં રિકવરી રૂ.૯.૧૦ લાખનો ચેક આપેલ., વોર્ડ નં-૧૮ ઢેબર રોડ પર આવેલ રિકવરી રૂ.૫૦,૦૦૦/-, કોઠારીયા રોડ પર આવેલ રિકવરી રૂ.૧.૦૬ લાખ, શ્રધ્ધા સોસાઈટીમાં રિકવરી રૂ.૧.૦૩ લાખ., ઢેબર રોડ પર આવેલ રિકવરી રૂ.૫૮,૦૦૦/-, ઢેબર રોડ પર આવેલ રિકવરી રૂ.૫૦,૦૦૦/-, કોઠારીયા રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માગણા સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫૮,૧૬૦/-

૩-મિલકત સીલ તથા ૧૧-મિલકતોને સીલની કાર્યવાહી કરતા રિકવરી થયેલ તથા ૨- મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા ૨-નળ કનેક્શન કપાત કરતા રીકવરી રૂા.૩૪.૧૮ લાખ રીકવરી કરેલ છે. અને ૧/૪/૨૦૨૪ થી આજ દિન સુધીની રિકવરી રૂ.૩૨૯.૭૧ કરોડ પહોયા છે.

આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ ,સિદ્ધાર્થ પંડ્યા ,ભાવેશ પુરોહિત, વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા, ફાલ્ગુની કલ્યાણી, ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેક્ટરઓ દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

# સ્વ. જેઠાલાલ હીરાચંદ કામદારનું અવસાન થતાં પરિવાર દ્વારા બે દષ્ટિહીન બાંધવને દ્રષ્ટિ આપી

**અબતક, રાજકોટ**

રાજકોટ જૈન પરિવારના સ્વ. જેઠાલાલ હીરાચંદ કામદારનું અવસાન થતાં તેમની ત્રણ પુત્રી સીમાબેન હર્ષદ વાઘર, સંજીવ શાહ, પુજાબેન જયેશ રવાણી એ બે દ્રષ્ટિ હિન બાંધવને દ્રષ્ટિ મળે તે ઉમદાભાવથી સુમેશ કામદારના સહકાર થી સ્વ. જેઠાલાલભાઈનું ચક્ષુદાન જૈન સોશિયલ ગ્રુપની આશ્રય કમિટી ચેરમેન ઉપેનભાઈ મોદી તથા વિવેકાનંદ યુથ કલબના માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને ચક્ષુદાન અભિયાનનાં અનુપમભાઈ દોશી દ્વારા કરવામાં આવ્યું હતું. અને ડો. ધર્મેશ શાહએ સ્વીકાર કરેલ. બન્ને સંસ્થાનું આ ૧૪૧મું ચક્ષુદાન છે. કામદાર પરિવાર દ્વારા આ માનવતા કાર્ય કરવા બદલ બન્ને સંસ્થા તરફથી અભિનંદન આપવામાં આવેલ. શહેરીજનોન પોતાની આસપાસ પડોશમાં પરિવારમાં કે અન્ય કોઈ અવસાન બાદ સ્કિન ડોનેટ અને ચક્ષુદાન માટે પ્રેરણા આપવા અને માનવતાના ઉમદા કાર્યમાં સહભાગી બનવા અપીલ સહ વિનંતી છે. ચક્ષુદાન માટે કોઈપણ સમયે સમિતિના અનુપમ દોશી મો.નં. ૯૪૨૮૨ ૩૩૭૯૬ અથવા ઉપેનભાઈ મોદી મોદી મો.નં. ૯૮૨૪૦ ૪૩૧૪૩ નો સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

# પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ દ્વારા રવિવારે ઈ-કેવાયસી કેમ્પ

**અબતક, રાજકોટ**

ભારત સરકારે તમામ રેશનકાર્ડ ધારકોને સુચના જાહેર કરી છે કે, તમામ રેશનકાર્ડ ધારકોએ ઈ-કેવાયસી પૂર્ણ કરવું નહિ. તો સરકારી યોજનાઓ લાભ મળતો નથી. જેની અંતિમ તારીખ ૨૮-૧૨ ને રવિવારે સવારે ૯ થી ૧૧ સુધી ઈ-કેવાયસી નીઃશુલ્ક કેમ્પનું આયોજન પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલની ઓફીસ પર રાખવામાં આવેલ છે. જેના માટે જરુરી ડોકયુમેન્ટ સાથે હાજર રહેવું રેશન કાર્ડ, બધાના આધાર કાર્ડ, રેશનકાર્ડમાં જેટલાના નામ હોય તે વ્યકિતઓએ હાજર રહેવું

સ્થળ પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલની ઓફીસ રાજનર ચોક, અમૃત સ્કવેર, નાનામવા રોડ, ત્રીજા માળે, રાજકોટ

વિશેષ ઘટતી માહીતી માટે આ વિભાગની કામગીરી સંભાળતા હસુભાઈ પટેલ મો. નં. ૯૧૦૬૧ ૭૫૭૩૫ નો સંપર્ક કરવો કેમ્પની સંપૂર્ણ વ્યવસ્થા તેમની સેવાભાવી કાર્યકર્તાની ટીમ સંભાળી રહેલ છે.

# અલવિદા અસરદાર ‘સરદાર’ સ્વ. મનમોહન સિંહને સાર્વત્રીક શ્રધ્ધા સુમન

## પૂર્વ વડાપ્રધાન – પ્રખર અર્થશાસ્ત્રીની ખોટ કયારેય નહી પુરાય
## વડાપ્રધાન – ગૃહમંત્રી સહીતની નેતાઓની મહામાનવને અંજલી




**અબતક, રાજકોટ**

દેશના પૂર્વ વડાપ્રધાન પ્રખર અર્થશાસ્ત્રી મનમોહનસિંહનું ૯૨ વર્ષ અવસાન થતા સમગ્ર દેશ અને દુનિયાભરના અર્થશાસ્ત્રી રાજકીય મહાનુભાવોમાં ભારે શોકનું વાતાવરણ છવાયું મનમોહનસિંહે છાપ છોડી છે. ભારતના ૧૩મા વડા પ્રધાન તરીકે, તેમણે ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી અત્યંત સમર્પણ અને અખંડિતતા સાથે રાષ્ટ્રની સેવા કરી. શરૂઆતથી લઈને વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રીઓ અને રાજકારણીઓમાંના એક બનવા અને આરટીઆઈમાં મહત્વની ભૂમિકા ભજવનાર પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંઘની સિદ્ધિઓ ની યાદી ખૂબ જ લાંબી છે. ડો. મનમોહન સિંઘ નાણામંત્રી તરીકે સેવા આપતા ૧૯૯૧ માં શરૂ થયેલા આર્થિક ઉદારીકરણમાં મહત્વની ભૂમિકા દરમિયાન ૧૯૯૧ જેવા આર્થિક સુધારા માટે પણ જેઓનું યોગદાન છે એવા સફળ અર્થશાસ્ત્રી ડો. મનમોહનસિંહજીના નિધને સૌની વ્યથીત કર્યા છે.

તેઓની વિદાય દેશ માટે પ્રતિબદ્ધતાનું ઉદાહરણ આપે છે. તેમના નેતૃત્વ હેઠળ, ભારતે આર્થિક વૃદ્ધિ, સર્વસમાવેશક નીતિઓ અને લાખો જીવનને સ્પર્શતી સામાજિક કલ્યાણની પહેલનો પાયો નંખાયો.

ડો.કથીરિયા સંસદમાં તેમની સાથે કામ કરવાના સમયને ખૂબ સન્માન અને શ્રેષ્ઠ વડાપ્રધાન પૈકીના એક દેશ-દુનિયાના શ્રેષ્ઠતમ અર્થશાસ્ત્રીને શ્રધ્ધાંજલી આપી પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલભાઈએ મનમોહનસિંહ મૌન શકિત







ભારતને વિશ્વગુરુ અને આર્થિક મહાસત્તા બનાવવાનો પાયો નાખ્યો હતો. તેમના અવસાનથી દેશે ક્યારેય પુરી શકાય તેવી ખોટ અનુભવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમીત શાહ અને રાજકીય આગેવાનોએ મનમોહન સિંહને ભાવનજંલી અંથલી આપી હતી.

**મનમોહન ચલે મોહન કે પાસઃ શહેર કોંગ્રેસની અંજલી**

રાજકોટ શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ પ્રદીપભાઈ ત્રિવેદી, ડો.યજ્ઞેશ જોશી, ડો.રાજેશ ત્રિવેદી, ડો.વિરલ ભટ્ટે પૂર્વ વડાપ્રધાન અને વિશ્વના પ્રખર અર્થશાસ્ત્રી ડો. મનમોહન સિંહજી એક અસાધારણ નેતા હતા, જેમણે ભારતના ઈતિહાસ પર અમીટ સુધીની તેમની નોંધપાત્ર સફર ખરેખર પ્રેરણાદાયી છે.

**રાજકારણના એક યુગનો અંતઃ અતુકલ રાજાણી**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ અતુલ રાજાણી ની યાદી મુજબ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ આર્થિક તજજ્ઞ ની વિદાય અને ભારતે વધુ એક રત્ન ગુમાવ્યો છે. રાજકારણના એક યુગનો અંત આવ્યો છે પૂર્વ પ્રધાનમંત્રી ડો. મનમોહન સિંઘનું ૯૨ વર્ષની વયે નિધન થતા કોંગ્રેસ પક્ષ અને ભારતની પ્રજાએ એક નેક ઈન્સાન ગુમાવ્યો છે. આર્થિક બાબતોની આગવી સુઝ થકી ભારતમાં કરોડો લોકોની ખરીદ શક્તિ વધારી તેમને ગરીબી રેખામાંથી બહાર કાઢનાર અને આધાર મનરેગા ભજવી હતી

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદો વર્ષ ૨૦૦૫માં રજૂ કરાયો હતો વર્ષ ૨૦૦૫માં માહિતી માગવાનો અધિકાર કાયદો અમલમાં મૂકવામાં આવ્યો હતો, લોકોને આધાર સુવિધા મળી હતી, ભગવાન તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ પ્રાર્થના કરે છે

મનમોહનસિંહની વિદાય દેશ માટે અપુરનારી ખોટઃ ચેતન રામાણી

અગ્રણી આગેવાન ચેતનભાઈ રામાણીએ મનમોહન સિંહને અંજલી આપતા જણાવેલ કે, રિઝર્વ બેંકના ગવર્નરથી લઈ નાણામંત્રી અને વડાપ્રધાન સુધીની રાજકીય કારકીર્દી અપૂરવણીય ક્ષતિ છે. ઈશ્વર આત્માને શાંતિ અર્થે એજ પ્રાર્થના અર્પી ચેતનભાઈ રામાણીએ અંજલી આપી હતી.

**પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહજીને ડો. વલ્લભભાઈ કથીરિયાની અંજલી**

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને પૂર્વ સંસદ સભ્ય ડો. વલ્લભભાઈ કથીરિયાએ ભારતના પૂર્વ વડા પ્રધાન મનમોહનસિંહજીને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે, જેમના જીવન અને નેતૃત્વએ રાષ્ટ્ર અને વિશ્વમાં અમીટ છાપ છોડી છે.

મનમોહન સિંહ જીનો વડાપ્રધાન તરીકેનો કાર્યકાળ નમ્રતા અને ભારતની પ્રગતિ માટે ઊંડી સાથે યાદ કરે છે.

૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં નાણામંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ભારતના આર્થિક ઉદારીકરણમાં શ્રી મનમોહન સિંહજીનું યોગદાન પરિવર્તનકારી હતું.

રાજકોટના લોકો અને સમગ્ર રાષ્ટ્ર વતી હું તેમના પરિવાર અને વિશ્વભરના અસંખ્ય પ્રશંસકો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. તેમ ડો. વલ્લભભાઈ કથીરીયાએ જણાવ્યું

**મનમોહનસિંહની એક મૌન શકિત હતીઃ ઈન્દ્રનીલ રાજયગુરૂ**

મનમોહનસિંહજી એક મૌન તાકાત તેમના કહ્યા મુજબ ઈતિહાસ તેમને યાદ રાખશે. ભારતના ઘડવૈયા ગણાવ્યા હતા.

**લોક સંસદ વિચાર મંચની પૂર્વ વડાપ્રધાનને શ્રધ્ધાસુમન**

દેશના પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંઘ નું નિધન થતા દેશને મોટી ખોટ પડી છે. આ દુઃખદ સ્થિતિ છે કોંગ્રેસ અને દેશનું અસલી પ્રતિક હતા આઝાદી પછી તેઓ હીરો હતા. રિઝર્વ બેન્કના ગવર્નર તરીકે રહ્યા વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી વડાપ્રધાન પદે રહ્યા દેશની આર્થિક નીતિની ભેટ આપી હતી ૧૯૭૦ અને ૧૯૮૦ દરમિયાન ભારત સરકારમાં મુખ્ય આર્થિક સલાહકાર હતા અને આયોજન પંચના વડા ૧૯૮૨ થી ૧૯૮૫ સુધી રહ્યા મહત્વના મુદ્દાઓ ભોગવ્યા હતા લોક સંસદ વિચાર મંચના ગજેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, પૂર્વ ફોજી નટુભા ઝાલા, પટેલ નાગજીભાઈ વિરાણી, હિરપરા જેન્તીભાઈ, જીગ્નેશ બોરડ, સરલાબેન પાટડીયા એડવોકેટ ભાવનાબેન વાઘેલાએ મનમોહન સિંહને અંજલી આપી હતી.

**ડો.મનમોહનસિંહના રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓની શ્રધ્ધાસુમન**

ભારત દેશના પૂર્વ વડાપ્રધાન, પ્રખર અર્થશાસ્ત્રી અને વૈશ્વિકીકરણ-ઉદારીકરણ નિતીના પ્રણેતા ડો.મનમોહનસિંહના દુઃખદ અવસાન સબબ શ્રધ્ધા સુમન પાઠવી મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા પ્રથમ શીખ અને ચોથા સૌથી લાંબા સમય સુધી વડાપ્રધાન રહેલા હતા. વર્ષ ૧૯૯૧માં વૈશ્વિકીકરણ-ઉદારીકરણ, વર્ષ ૨૦૦૫માં માહિતી અધિકારનો કાયદો, વર્ષ ૨૦૦૫માં રોજગાર ગેરંટી યોજના, વર્ષ ૨૦૦૯માં ઓળખ માટે આધારકાર્ડ અને વર્ષ ૨૦૦૬માં અમેરિકા સાથે ન્યુક્લિયર ડીલ જેવા ઐતિહાસિક નિર્ણયોજેમના કાર્યકાળમાં કરેલ હતા

# રેડવુપ કેમિકલ્સને મુખ્યમંત્રી હસ્તે “ઈમજીર્ગ ગુજરાત”નો એવોર્ડ એનાયત



**અબતક, રાજકોટ**

રેડવુપ કેમિકલ્સને ટીવી ૯ દ્વારા આયોજીત એવોર્ડ ફંકશનમાં મુખ્યમંત્રી હસ્તે ‘‘ઈમજીર્ગ ગુજરાત ૨૦૨૪‘‘નો એવોર્ડ એનાયત કરવામાં આવ્ય હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રેડવૂપ કેમિકલ્સ પ્રા.લિ કંપની ૨૦૧૦માં શરુ થઈ છે, જે બાંધકામ ઉદ્યોગમાં વપરાતા વિવિધ કેમિકલ્સો બનાવે છે જેવા કે, ટાઈલ્સ એન્ડ સ્ટોન એડહેસિવ્સ, વોટરપ્રૂફિંગ સોલ્યુશન, વોલ પુટી, એન્કર, ગ્રાઉટ્સ, કોંક્રીટ મિક્સર, ઔદ્યોગિક પેઈન્ટ અને ફ્લોરિંગ સિસ્ટમ્સ. આ વિશાળ રેન્જનો ઉપયોગ દરેક જાતના બાંધકામમાં થઈ શકે છે.

અમદાવાદ ખાતે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ હસ્તે તેમજ ટીવી ૯ નાં મનીષ રાઠોડ, વિકાસ ઉપાધ્યાયની ઉપસ્થિતીમાં રેડવુપ કેમિકલ્સનાં મેનેજીંગ ડાયરેકટર મનિષ નાકરાણી, ડાયરેકટર સુરેશ પિપળીયા તેમજ મહેશ સાવલિયાને ‘‘ઈમજીર્ગ ગુજરાત ૨૦૨૪‘‘ નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

### અમદાવાદના ઓથ સેરેમની કાર્યક્રમ અંતર્ગત

# બારના નેજા હેઠળ તમામ બારની મીટીંગ યોજાઈ

## અમદાવાદ ખાતે એડવોકેટોને જવા આવવાની વ્યવસ્થા માટે રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પ્રારંભ

**અબતક, રાજકોટ**

બાર કાઉન્સીલ ઓફ ગુજરાત દ્વારા છેલ્લા ૩ વર્ષ મા નવી સનદ પ્રાપ્ત કરેલા વકીલો માટે દશ હજારથી વધુ ભાવિ વકીલો માટે તા.૩૦/૧૨/૨૦૨૪ ના સોમવાર ના રોજ સવારે અમદાવાદ મુકામે ઓથ સેરેમની કાર્યક્રમમા ચીફ ગેસ્ટ તરીકે ગૃહ મંત્રી અમીતભાઈ શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ,કાયદા મંત્રી રૂષીકેશભાઈ પટેલ, બી.સી.આઈ ચેરમેન મનનકુમાર મીશ્રા અને તુષારભાઈ મહેતા સહીતની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજવાનો છે.જેના ભાગરૂપે બાર એશો. ના ઈન્ચાર્જ




પમુખ સુમીત વોરા તથા પુર્વ પમુખ બકુલભાઈ રાજાણી ના નેજા હેઠળ બાર કાઉન્સીલ ના કાર્યક્રમને સફળ બનાવવા માટે ના લેબર બાર એશો. ક્રિમીનલ બાર એશો. મહીલા બાર એશો. રેવન્યુ બાર એશો. કલેઈમ બાર એશો. નોટરી બાર એશો. ભાજપ લીગલ સેલ સહીતના બાર એશો. બેઠક મળી ગઈ હતી. આ મીટીંગમાં દિલીપ પટેલ, પીયુશભાઈ શાહ, કમલેશ ડોડીયા, હેમાંગ જાની,હીતુભા જાડેજા,રમેશભાઈ કથીરીયા, વીજયભાઈ તોગડીયા પકાશસિંહ ગોહીલ, અજયભાઈ જોષી, સુનીલભાઈ વાઢેર, બીનલબેન રવેશીયા, નયનાબેન ચૌહાણ, આબીદભાઈ શાસન સહીતના તમામ એશો. ના અગ્રણીઓએ આ ઐતીહાસીક કાર્યક્રમમા મોટી સંખ્યામા વકીલ ભાઈ બહેનો ને લઈ જવા ની વયવસ્થા ની તડામાર તૈયારી શરૂ કરી દીધેલ છે. આ કાર્યક્રમ સફળ બનાવવા માટે સહિયારો પ્રયાસ કરી વધુમા વધુ વકીલો ને લઈજવા માટે ના પયત્નો શરૂ કરી દીધા છે.આ કાર્યક્રમમાં ગુજરાતના દશ હજાર થી વધુ નોંધાયેલ વકીલો ને બાર કાઉન્સીલ ના ચેરમેન જે.જે.પટેલ એ આમંત્રણ પાઠવેલ છે. ગુજરાતના નવા એડવોકેટોને અમદાવાદ પહોંચવામા ટ્રાન્સપોટેશન નો ખર્ચે ન થાય તે માટે દરેક શહેરોમા બસ અને વાહનોની વ્યવસ્થા રાખેલ છે.

વકીલો નું રજીસ્ટ્રેશન કમલેશભાઈ ડોડીયા દવારા કરવામા આવશે સમગ્ર કાર્યક્રમમા ગુજરાત ભરના વકીલો મા ઉત્સાહ ફેલાયેલ છે. રાજકોટ સહિત ગોંડલ, ધોરાજી, ઉપલેટા, મોરબી, જેતપુર,જસદણ વગેરે સહિતના જીલ્લાના તમામ નવા વકીલો ને ઓથ સેરેમનીમા લઈ જવા માટે તડામાર તૈયારીઓનો આરંભ થઈ ગયેલ છે.

### વિશ્વમાં જુજ ગણાતા કેસ એવા

# નાકમાં ઉગેલ દાંતની સફળ શસ્ત્રકીયાનો શ્રેય મેળવતા ડો.હિમાંશુ ઠક્કર


## મહિલા દર્દીને દશ વર્ષર્થી નાકની પીડા સતાવતી હતી સફળ ઓપરેશનને અપાવી દર્દ મુકત

**અબતક,રાજકોટ**

રાજકોટ જ નહી સમગ્ર વિશ્વમાં અત્યાર સુધી ૫૦થી પણ ઓછા કેસ જેવા એકટોપીકટુથ ખોટી જગ્યાએ દાંત ઉગી નીકળવાની સમસ્યાનો ઉકેલ લાવવામાં રાજકોટના ઈએનટી સર્જન ડો. હીમાંશુભાઈ ઠક્કરને સફળતાનો યશ મળ્યો હતો.

રાજકોટની ૩૮ વર્ષીય મહિલાને છેલ્લા ૧૦ વર્ષથી જમણા નાકમાં અવરોધ, દુર્ગંધ મારતું પ્રવાહી, ગંભીર માથાનાં દુખાવા અને વારંવાર થતી શરદી ની સમસ્યાથી પીડાતા હતા. સ્થાનિક દવાઓથી રાહત ન મળતાં રાજકોટના અનુભવી ઈએનટી સર્જન ડો. હિમાંશુ ઠક્કરનો સંપર્ક કર્યો,

ડો. ઠક્કરે નાકની એન્ડોસ્કોપી અને સીટી સ્કેન કર્યું, જેમાં જમણા નાકમાં દાંત જેવી રચના મળી, જે ગ્રેન્યુલેશન ટિશ્યુ અને પ્રવાહી થી ઘેરાયેલી હતી. આને ‘‘એકટોપિક ટૂથ‘‘ તરીકે ઓળખવામાં આવે છે, જે દાંત ખોટી જગ્યાએ ઉગે ત્યારે થાય છે. આ એક અતિ દુર્લભ સ્થિતિ છે, જેની ઘટનાઓ


માત્ર ૦.૧% થી ૧% કેસમાં થાય છે અને સાહિત્ય અનુસાર વિશ્વભરમાં ૫૦ થી પણ ઓછા કેસ નોંધાયેલા છે.એક્ટોપિક ટૂથ થવાનું કોઈ ચોક્કસ કારણ જાણી શકાયું નથી પણ મેડિકલ સાહિત્ય મુજબ તે જન્મ જાત, જીનેટીક, ડેવલોપમેન્ટ ડિફેકટ,વિ કારણો થી થઈ શકે છે.

ડો. ઠક્કરે દર્દીને એન્ડોસ્કોપિક સર્જરીની સલાહ આપી. ઓપરેશન દરમિયાન મોટી પથ્થર જેવી રચના. બહાર કાઢવામાં આવી, જેમાં દાંત હતું. આ દાંત જમણા નાકના અંદરના ભાગમાંથી ઉગ્યો હતો. સર્જરી પૂરી રીતે સફળ રહી અને દર્દીને કોઈ પણ જાતની તકલીફો વિના હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા.ડો હિમાંશુ ઠક્કર ના જણાવ્યા મુજબ શરદી અને સાઈનસ ના રોગો ને અવગણવા ના જોઈએ અને તકલીફ જણાય તો નિષ્ણાંત તબીબ ની સલાહ લેવી જોઈએ. હવે મીનાક્ષી બેન સંપૂર્ણ રીતે તંદુરસ્ત છે. તેમનું માથાનું દુખવું દૂર થઈ ગયું છે અને તેઓ સરળતાથી શ્વાસ લઈ શકે છે. દર્દીએ ડો. હિમાંશુ ઠક્કરનો હૃદયપૂર્વક આભાર માન્યો, જેમણે તેમની લાંબા સમયથી ચાલી આવેલી સમસ્યાનું નિરાકરણ લાવ્યું. ડો ઠક્કર હોસ્પિટલ ૨૦૨ લાઈફ લાઈન બિલ્ડિંગ વિદ્યાનગર રોડ રાજકોટ મો ૯૧૦૬૧ ૧૯૦૩૮. /૦૨૮૧ ૨૪૮૩૪૩૪ને સેવા લાભ લેવા અનુરોધ કરાયો છે.

# કેસરી હિન્દ પુલ પાસેથી ચાઈનીઝ દોરીની ૧૫ ફીરકી સાથે શખ્સ ઝડપાયો

**અબતક, રાજકોટ**

ઉત્તરાયણના તહેવારને લઈને પોલીસ કમિશનર દ્વારા પાડવામાં આવેલા જાહેરનામા અનુસંધાને પતંગ-દોરાના વેંચાણ કરતા વેપારીઓએ ચાઈનીઝ દોરીની ફીરકીઓનું વેંચાણ ન કરવું છતાં પણ વેપારીઓ જાહેરનામાનો ઉલ્લઘંન કરીને પ્રતિબંધિત ચાઈનીઝ-દોરા વેંચતા હોય છે ત્યારે પ્ર.નગર પોલીસની ટીમે કેસરીહિંદ પુલ પાસે જાહેરમાં ચાઈનીઝ-દોરાની ૧૫ ફીરકી સાથે ભગવતીપરામાં રહેતા વિશાલ દિનેશભાઈ ડાભી નામના શખ્સને ઝડપી લીધો છે.

# અદાણી પોર્ટ ખાતે સૌ પ્રથમવાર એલએનજી સંચાલિત કન્ટેનર જહાજનું આગમન

## સમગ્ર શિપિંગ ઉદ્યોગ માટે માઈલસ્ટોન સમાન ઘટનાનો શ્રેય મુંદ્રાપોર્ટને મળ્યો

**અબતક,રાજકોટ**

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન મુંદ્રા ફરી એકવાર ઐતિહાસીક ક્ષણનેં શાક્ષી બન્યું છે. સૌ પ્રથમવાર LNG સંચાલિત કન્ટેનર જહાજ, ફોર્ટ ડાયમન્ટ, અદાણી પોર્ટ સ્થિત કન્ટેનર ટર્મિનલ-સીટીજ ખાતે આવી પહોંચ્યું છે. આ નોંધપાત્ર ઘટના માત્ર મુન્દ્રા પોર્ટ માટે જ નહીં પરંતુ સમગ્ર શિપિંગ ઉદ્યોગ માટે માઈલસ્ટોન સમાન છે.




CMA CGM ફોર્ટ ડાયમન્ટ જહાજ, જેની લંબાઈ ૨૬૮ મીટર અને ૪૩ મીટર બીમ છે, ગત એક માસથી જ દરિયાઈ સેવાઓમાં કાર્યરત આ જહાજ ૭,૦૦૦ કન્ટેનરોની ક્ષમતા અને LNG-સંચાલિત જહાજોની શ્રેણીમાં ત્રીજું છે. કંપની દ્વારા CIMEX2K/ AS-1 સર્વિસમાં આ જહાજને સામેલ કરવામાં આવ્યું છે (ભારત તરફથી CMA CGM પ્રતિષ્ઠિત સર્વિસ માની એક), આ સર્વિસ ભારતીય ઉપ-ખંડને ચીન સાથે જોડે છે.

જહાજને આગમન પર જ બર્થ કરવામાં આવ્યું હતું તે ઉતમ શિપિંગ અને લોજિસ્ટિકસ સોલ્યુશન્સ સર્વિસ આપવા અદાણી પોર્ટની પ્રતિબદ્ધતા જ નહીં, પરંતુ વધુ કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા સાથે ગ્રાહકોને સેવા આપવાની દક્ષતા પણ દર્શાવે છે.

સૌ પ્રથમ LNG-સંચાલિત જહાજ ફોર્ટ ડાયમન્ટ ની મુંદ્રા પોર્ટ પરની યાત્રાને પોર્ટે ગર્વથી ઉષ્માભેર આવકારી હતી. મુંદ્રા પોર્ટ ખાતે ૨૧ મીટર ઉંડાઈ સુધીની કેપેસીટીના જહાજ સહજતાથી લંગારી શકે છે. દર અઠવાડિયે મેઈનલાઈનર જહાજોની આવાગમન સાથે વૈશ્વિક કનેક્ટિવિટી અને કન્ટેનર ટ્રાફિકને હેન્ડલ કરવા માટે જરૂરી આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે કન્ટેનર હબ બનવા પામ્યું છે. આ પોર્ટ રેલ અને રોડ દ્વારા રાજ્યના ધોરીમાર્ગો અને રેલ કોરિડોર દ્વારા તેના અંતરિયાળ વિસ્તારોમાં સારી રીતે જોડાયેલું છે ઉપરાંત સુવર્ણ ચતુર્ભુજની ઉત્ક્રૃઈ રેખાઓ સાથે સીધું જોડાયેલું છે.

લિકિવફાઈડ નેચરલ ગેસ સંચાલિત જહાજ તેના ઉત્સર્જનને નોંધપાત્ર રીતે ઘટાડવાની ક્ષમતાને કારણે શિપિંગ ઉદ્યોગમાં પસંદગીના ઈંધણ તરીકે સ્થાન મેળવી રહ્યું છે. તે પરંપરાગત દરિયાઈ ઈંધણની તુલનામાં પર્યાવરણને સુસંગત વિકલ્પ છે.

ભારતની સૌથી મોટી પોર્ટ અને લોજિસ્ટિક્સ કંપની અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડના ફ્લેગશિપ મુન્દ્રા પોર્ટે અગાઉ સૌથી મોટા કન્ટેનર જહાજ લાંગરીને એક રેકોર્ડ બનાવ્યો હતો.

# જુના માર્કેટિંગ યાર્ડની પેઢી સાથે રૂ.૧.૮૮ લાખની છેતરપિંડી

## રાજસ્થાનના બે ભાઈએ ઉત્તર પ્રદેશ ખાતે ૩,૦૦૦ કિલો લીલા મરચા પચાડવાને બદલે બારોબાર વેચી નાખ્યા

**અબતક, રાજકોટ**


શહેરના આરટીઓ નજીક જૂના માર્કેટિંગ યાર્ડ ખાતે સંતોષ વેજીટેબલ નામની પેઢી પાસેથી રૂપિયા ૧.૮૮ લાખની કિંમતની ત્રણહજાર કિલો મરચા ઉત્તર પ્રદેશ પહોંચાડવાની જગ્યાએ બારોબાર વેચી નાખ્યા અંગેની રાજસ્થાનના બોલેરો ના ચાલક અને તેના ભાઈ વિરુદ્ધ છેતરપિંડી આચાર્ય અંગેની બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. વધુ વિગત મુજબ મૂળ જસદણ તાલુકાના ભાડલા ગામના અને હાલ રાજકોટ શહેરના મંછાનગર શેરી નંબર પાંચમાં રહેતા અને જૂના માર્કેટિંગ યાર્ડ ખાતે સંતોષ વેજીટેબલ નામની પેઢી ધરાવતા વિજય ભાઈ રઘુભાઈ સોલંકી રાજસ્થાનના જયપુરના નવીન અમીલાલ સૈની અને આર જે ૩૨ જીડી ૧૪ ૫૫ ના ગાડીના માલિક યોગેશ કુમાર મણીલાલ સૈની સહિત બંને શખ્સોએ રૂપિયા ૧.૮૮ લાખની કિંમતના મરચા ૩૦૦૦ કિલો લીલા મરચા નિર્ધારિત સ્થળોએ પહોંચાડવાની જગ્યાએ બારોબાર વેચાણ કરી નાખ્યા અંગેની બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે વિજયભાઈ સોલંકી નામની પેઢી ધરાવે છે અને શાકભાજીનો વેપાર કરે છે જેમની સાથે ગત તારીખ ૧૩/ ૧૦ /૨૪ થી ૧૫ /૧૦/૨૪ દરમિયાન આરજે ૩૨ જીડી ૧૪ ૫૫ નંબરની બોલેરો પીકપ ના ચાલક નવીન અમીલાલ સૈની અને તેના ભાઈ ગાડીના માલિક યોગેશ અમીનલ સૈનિક સંતોષવિધ વેજીટેબલ નામની પેઢી પાસેથી રૂપિયા ૧૮ ૧.૮૮ લાખની કિંમતના ૩૦૦૦ કિલો મરચા ઉત્તર પ્રદેશના સીતાપુર ન્યુ સર્જી મંડી ખાતે પહોંચાડવા માટે મોકલ્યા હતા તે મરચા બારોબાર વેચી નાખ્યા અને છેતરપિંડી કરી ગુનો કર્યા નો ખુલતા પોલીસે બંને ભાઈઓ સામે ઠગાઈની કલમ હેઠળ ગુનો નોંધી અને પીએસઆઈ વીએસ પરમાર સહિતના સ્ટાફે બંનેને ઝડપી લેવા દોડધામ આદરી છે

# નામચીન શખ્સ લોડેડ તમંચા સાથે ઝડપાયો

## હથિયાર ,હત્યાની કોશિશ, મારામારી અને રાજકોટમા હત્યાની કોશિશ અને ગુજસીટોક ના ગુનામાં સંડોવાયેલો

**અબતક જુનાગઢ**
**ચિરાગ રાજ્યગુરૂ**

જુનાગઢ તાલુકાનાં ખામધ્રોળ ગામથી ખલીલપુર ચોકડી નજીક એસસોજીએ સુખનાથ ચોકમાં રહેતા અને રાજકોટમાં ગુજસી ટોકના ગુના સંડોવાયેલા શખ્સ પાસેથી તમંચા અને બે કાર્ટિસ સાથે દબોચી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. વધુ વિગત મુજબ જુનાગઢ જિલ્લામાં ગેરકાયદે હથિયારો સુધી કાઢવા એસપી હર્ષદ નેતાએ આપેલી સૂચનાને પગલે એસોજીના પીઆઈ પીકે ચાવડા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યુ હતું ત્યારે જુનાગઢ જેલ રોડ સુખનાથ ચોક નજીક મતવા વાળમાં રહેતો એજાજ ઉર્ફે એજુ ફારુક બ્લોચ નામના શખ્સ હશે ગેરકાયદે



હથિયાર સાથે શંકાસ્પદ હાલતમાં ખલીલપુર ચોકડી તરફ નીકળનાર હોવાની કોન્સ્ટેબલ રોહિતભાઈ ધાંધલ અને ભુપતસિંહ સિસોદિયા ને મળેલી બાતમીના આધારે પીએસઆઈ એમ વી રાઠોડ સહિતના સ્ટાફે દરોડો પાડી એઝાજ બ્લોચ ની અટકાયત કરી તલાસી લેતા તેના કબજા માંથી તમંચો અને બે કાર્ટીસ મળી ૧૦,૨૦૦ નું મુદ્દામાલ કબજે કર્યો છે ઝડપાયેલા જ એજાજ ઉર્ફે એજુલોજ સામે હથિયાર ,હત્યાની કોશિશ, મારામારી અને રાજકોટ શહેરના થોરાળા પોલીસ મથકમાં હત્યાની કોશિશ અને ગુજસીટોક ના ગુનામાં સંડોવાયેલોનું ખુલ્યું છે. પોલીસે આ હથિયાર કોની પાસેથી લાવ્યો અને શું કામ રાખતો હતો તે મુદ્દે તપાસનો ધમધમાટ આદર્યો છે.

(પહેલા પાનાનું ચાલું)

### મનમોહન...

તરીકે શપથ લીધા હતા અને ૨૨ મે ૨૦૦૯ના રોજ બીજી મુદત માટે શપથ લીધા હતા. તેમનો જન્મ ૨૬ સપ્ટેમ્બર, ૧૯૩૨ના રોજ અવિભાજિત ભારતના પંજાબ પ્રાંતના એક ગામમાં થયો હતો. તેમણે ૧૯૪૮ માં પંજાબ યુનિવર્સિટીમાંથી મેટ્રિકની પરીક્ષા પૂર્ણ કરી. કેન્દ્ર સરકારે પૂર્વ વડાપ્રધાનના નિધન પર સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે. તેમની લાંબી રાજકીય કારકિર્દીમાં, સિંહ ૧૯૯૧ થી રાજ્યસભાના સભ્ય હતા, જ્યાં તેઓ ૧૯૯૮ અને ૨૦૦૪ વચ્ચે વિપક્ષના નેતા હતા. તેઓ એપ્રિલ ૨૦૨૪માં રાજ્યસભામાંથી નિવૃત્ત થયા હતા. સિંઘે ઘણી આંતરરાષ્ટ્રીય પરિષદો અને ઘણી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમણે સાયપ્રસમાં કોમનવેલ્થ સરકારના વડાઓની બેઠક (૧૯૯૩) અને ૧૯૯૩માં વિયેનામાં માનવ અધિકારો પર વિશ્વ પરિષદમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું.

વડાપ્રધાન તરીકે મનમોહન સિંઘ દ્વારા લેવામાં આવેલા મુખ્ય નિર્ણયોમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (૨૦૦૫)નો સમાવેશ થાય છે, જે એક મુખ્ય કાર્યક્રમ છે જે ગ્રામીણ પરિવારોને દર વર્ષે ૧૦૦ દિવસના વેતન રોજગારની ખાતરી આપે છે.

તેમની સરકારે ૨૦૦૫માં નાગરિકોને જાહેર સત્તાવાળાઓ પાસેની માહિતી મેળવવાનો અધિકાર આપીને વહીવટમાં પારદર્શિતા અને જવાબદારીને મજબૂત કરવા માટે માહિતીનો અધિકાર કાયદો પણ રજૂ કર્યો હતો. ૨૦૧૩ માં, તેમની સરકારે ભારતની લગભગ બે તૃતીયાંશ વસ્તીને સબસિડીવાળા અનાજની ખાતરી કરવા માટે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો શરૂ કર્યો.

સિંઘની શૈક્ષણિક કારકિર્દી પંજાબથી યુકેની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ગઈ, જ્યાં તેમણે ૧૯૫૭માં અર્થશાસ્ત્રમાં પ્રથમ વર્ગની સન્માનની ડિગ્રી મેળવી. ત્યારબાદ, તેમણે ૧૯૬૨માં ઓક્સફોર્ડ યુનિવર્સિટીની નફિલ્ડ કોલેજમાંથી અર્થશાસ્ત્રમાં ડી.ફિલ. ડિગ્રી મેળવી. તેમનું પુસ્તક, ''ઇન્ડિયાઝ એક્સપોર્ટ ટ્રેન્ડ્સ એન્ડ પોસિબિલિટીઝ ઓફ સેલ્ફ-ડ્રિવન ડેવલપમેન્ટ'' (ક્લેરેન્ડન પ્રેસ, ઓક્સફોર્ડ, ૧૯૬૪) એ ભારતની અંદરની વેપાર નીતિની પ્રારંભિક ટીકા હતી. ડો. સિંઘનું શૈક્ષણિક પ્રમાણપત્ર પંજાબ યુનિવર્સિટીની ફેકલ્ટી અને પ્રતિષ્ઠિત દિલ્હી સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં વિતાવેલા વર્ષોથી ચમકે છે.

૧૯૭૧માં, સિંઘ ભારત સરકારમાં વાણિજ્ય મંત્રાલયમાં આર્થિક સલાહકાર તરીકે જોડાયા. આ પછી ટૂંક સમયમાં ૧૯૭૨માં નાણા મંત્રાલયમાં મુખ્ય આર્થિક સલાહકાર તરીકે તેમની નિમણૂક કરવામાં આવી. ડો. સિંઘે નાણાં મંત્રાલયમાં સચિવ, આયોજન પંચના ઉપાધ્યક્ષ, ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર, વડાપ્રધાનના સલાહકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના અધ્યક્ષ સહિત અનેક સરકારી હોદ્દાઓ સંભાળ્યા હતા. આ વર્ષો દરમિયાન તેમણે સચિવાલયમાં પણ થોડો સમય કામ કર્યું. આ પછી ૧૯૮૭ અને ૧૯૯૦ ની વચ્ચે જીનીવામાં દક્ષિણ આફ્રિકાના કમિશનના સેક્રેટરી-જનરલ તરીકે તેમની નિમણૂક કરવામાં આવી હતી. નાણા પ્રધાન તરીકેનો કાર્યકાળ સ્વતંત્ર ભારતના આર્થિક ઈતિહાસમાં એક વળાંક બની ગયો, સિંહે ૧૯૯૧ અને ૧૯૯૬ વચ્ચે નરસિમ્હા રાવ સરકાર હેઠળ ભારતના નાણા પ્રધાન તરીકે પાંચ વર્ષ ગાળ્યા. આર્થિક સુધારાની વ્યાપક નીતિ શરૂ કરવામાં તેમની ભૂમિકા હવે સમગ્ર વિશ્વમાં ઓળખાય છે. ભારતમાં તે વર્ષોની સામાન્ય ધારણા એ છે કે આ સમયગાળો સિંઘના વ્યક્તિત્વ સાથે અતૂટ રીતે જોડાયેલો છે. સિંઘને તેમના જાહેર જીવનમાં અનેક પુરસ્કારો અને સન્માનો એનાયત કરવામાં આવ્યા છે, જેમાંથી સૌથી અગ્રણી ભારતનું બીજું સર્વોચ્ચ નાગરિક સન્માન, ૧૯૮૭ માં પદ્મ વિભૂષણ છે.

૨૦૦૪ થી ૨૦૧૪ સુધી, તેમના નેતૃત્વ હેઠળ ભારતે ૭.૭% નો સરેરાશ વિકાસ દર હાંસલ કર્યો, લગભગ બે ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બની અને વૈશ્વિક આર્થિક શક્તિ તરીકે તેની સ્થિતિ મજબૂત કરી. કોંગ્રેસ દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, ૨૦૧૪ સુધીમાં, ભારત દસમા સૌથી મોટા અર્થતંત્રમાંથી વૈશ્વિક સ્તરે ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું, જેના કારણે લાખો લોકોના જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો. અહેવાલો સૂચવે છે કે મનમોહન સિંઘ હેઠળ ભારતની આર્થિક પ્રગતિ નાણાકીય વર્ષ ૨૦૦૭માં ટોચે પહોંચી હતી, જેણે પરિબળ ખર્ચ પર ૧૦.૦૮% નો અસાધારણ જીડીપી વૃદ્ધિ દર હાંસલ કર્યો હતો - જે ૧૯૯૧ના આર્થિક ઉદારીકરણ પછી સૌથી વધુ છે. નાણાકીય વર્ષ ૨૦૧૨ બેઝ યર સિરીઝનો ઉપયોગ કરીને સુધારેલી ગણતરીઓ નાણાકીય વર્ષ૨૦૦૪ થી મજબૂત વિસ્તરણને રેખાંકિત કરે છે, જે સિંઘની આર્થિક નીતિઓની પરિવર્તનકારી અસરને પ્રકાશિત કરે છે.

આ આર્થિક સફર ૧૯૯૧ થી ૧૯૯૬ ના નાણાં પ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન શરૂ થઈ હતી, જ્યારે તેમણે ભારતના આર્થિક ઉદારીકરણનું નેતૃત્વ કર્યું હતું. જુલાઈ ૧૯૯૧માં તેમના ઐતિહાસિક બજેટ ભાષણમાં સિંહે કહ્યું હતું કે, ''પૃથ્વી પરની કોઈ શક્તિ એવા વિચારને રોકી શકશે નહીં જેનો સમય આવી ગયો છે. વિશ્વમાં એક મોટી આર્થિક શક્તિ તરીકે ભારતનો ઉદભવ એક એવો વિચાર છે.'' સિંઘની શૈક્ષણિક સફર ૧૯૫૭માં કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ઈકોનોમિક ટ્રિપોસ સાથે શરૂ થઈ. તેઓ ૧૯૭૧માં ભારત સરકારમાં વાણિજ્ય મંત્રાલયમાં આર્થિક સલાહકાર તરીકે જોડાયા અને ટૂંક સમયમાં ૧૯૭૨માં મુખ્ય આર્થિક સલાહકાર બન્યા. દાયકાઓ દરમિયાન, તેમણે અગ્રણી હોદ્દાઓ સંભાળ્યા હતા.

### પાર્થિવ દેહ

સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસ અટલ બિહારી વાજપેયીની જેમ મનમોહન સિંઘના અંતિમ સંસ્કાર માટે જગ્યાની માંગ કરશે.

### રેલવે...

ઉપસ્થિત મંત્રાલયોની હાજરીમાં આ વ્યૂહરચનામાં પરિવર્તન કરવામાં આવ્યું છે. મંત્રાલયો દ્વારા તેને લીલી ઝંડી આપવામાં આવી હતી. જેમાં રેલવેએ ફક્ત એન્જિનિયરિંગ, ઉત્પાદન અને બાંધકામ મોડ પર આધાર રાખવાને બદલે ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ માટે પણ પીપીપી મોડેલ પર વિચાર કરવા અંગેનો પ્રસ્તાવ મૂક્યો હતો. ભારતીય રેલ્વેને આ નાણાકીય વર્ષ માટે આપવામાં આવેલા રૂ. ૨.૬૨ લાખ કરોડ કરતાં નાણાકીય વર્ષ ૨૦૨૬ના બજેટમાં મૂડી ખર્ચમાં મોટો વધારો મળવાની અપેક્ષા છે. પીપીપી મોડ દ્વારા પ્રોજેક્ટ વિકસાવવામાં થોડી પ્રગતિ કર્યા પછી, રેલ્વે તેના માળખાકીય વિકાસ માટે ભંડોળ પૂરું પાડે છે.

એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, ''પીપીપી પર નવી વ્યાપારી લાઈન વિકસાવવામાં આવશે,'' તેમજ ભાડાં અને મુસાફરોની ચળવળને લગતા સંવેદનશીલ નિર્ણયો સંપૂર્ણપણે રેલ્વે બોર્ડ દ્વારા જ લેવામાં આવશે.

રેલ્વે હાલમાં ઊર્જા (મુખ્યત્વે કોલસો), ખનિજો અને સિમેન્ટની હિલચાલને લગતા ત્રણ મોટા આર્થિક કોરિડોર કાર્યક્રમો ચલાવે છે. જેનો હેતુ ટ્રાન્સપોર્ટ કનેક્ટિવિટી સુધારવા અને ટ્રાફિકને ઓછું કરવાનો છે. તેમજ ઉર્જા, ખાણકામ અને સિમેન્ટ રેલ કોરિડોરનો ૨૦૩૧ સુધીમાં રૂ. ૫.૨૫ લાખ કરોડથી વધુ ખર્ચ થવાનો અંદાજ છે.

સાગરમાલા કાર્યક્રમ હેઠળ રૂ. ૧ લાખ કરોડના મૂલ્યના લગભગ ૧૧૪ પોર્ટ-રેલ કનેક્ટિવિટી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. તેમાંથી, કુલ રૂ. ૨૬,૩૮૫ કરોડના ૪૯ પ્રોજેક્ટ્સ પૂર્ણ થયા છે અને માર્ચ ૨૦૨૪ સુધીમાં ૬૫ પ્રોજેક્ટ પૂર્ણ થવાના વિવિધ તબક્કામાં છે. બજેટ ૨૦૨૪-૨૫માં નવી લાઇન, ગેજ કન્વર્ઝન અને ડબલિંગ માટે રૂ. ૬૮,૬૩૪.૪૪ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જે રૂ. ૭૩.૪૭ કરોડ કરતાં ઓછી છે. નાણાકીય વર્ષમાં ૨૦૨૩-૨૪. પીપીપી કોરિડોર મેરી-ગો-રાઉન્ડ (એમજીઆર) નેટવર્ક પર મોડલ કરવામાં આવે તેવી અપેક્ષા છે જે પહેલાથી જ સમર્પિત ટૂંકા અંતરના નૂર માટે વપરાય છે જેમ કે કોલસાની ખાણથી ભારતીય રેલ્વે નેટવર્ક સુધી. આ મોડલ હેઠળ, રેલ્વે ટ્રેકને ઈચ્છિત લાભાર્થીઓ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે.

### બેંક ફ્રોડ...

સરખામણીમાં પ્રથમ છ મહિનામાં છેતરપિંડીના કેસ વધીને ૧૮,૪૬૧ થયા છે. પ્રથમ છ મહિનામાં છેતરપિંડીમાં સામેલ રકમ ગયા વર્ષના રૂ. ૨,૬૨૩ કરોડથી વધીને ૨૧,૩૬૭ કરોડ થઈ ગઈ છે.

બેંક છેતરપિંડીની ઘટનાની તારીખના આધારે ૨૦૨૩-૨૪માં રકમની દ્રષ્ટિએ કુલ છેતરપિંડીમાં ઈન્ટરનેટ અને કાર્ડ છેતરપિંડીનો હિસ્સો ૪૪.૭% અને કેસોની સંખ્યાની દ્રષ્ટિએ ૮૫.૩% હતો. જયારે ૨૦૨૩-૨૪માં, છેતરપિંડીના કેસોની સંખ્યા કુલ છેતરપિંડીના ૬૭.૧% હતી. જોકે સામેલ રકમની દ્રષ્ટિએ, પીએસબીનો હિસ્સો સૌથી વધુ હતો. છેતરપિંડીની સંખ્યાની દ્રષ્ટિએ, ૨૦૨૩-૨૪માં તમામ બેંક જૂથો માટે કાર્ડ અને ઈન્ટરનેટ છેતરપિંડીઓનો હિસ્સો સૌથી વધુ હતો.

### હલકી ગુણવત્તા...

વેચાણની સુવિધા આ બિંદુથી નકલી દવાઓના વેચાણના આ મુદ્દાને ઉકેલવા માટે મહત્વપૂર્ણ બની જાય છે. આ સમિતિમાં સિડીએસસીઓ કાયદાકીય સલાહકાર ઋષિકાંત સિંહ, એડવોકેટ અને સોલિસિટર સુશાંત મહાપાત્રા, ઓડિશાના ભૂતપૂર્વ ડ્રગ કંટ્રોલર હૃષિકેશ મહાપાત્રા અને કર્ણાટકના ભૂતપૂર્વ ડ્રગ કંટ્રોલર બીઆર જગશેટ્ટી સહિત અનેક અધિકારીઓનો સમાવેશ થાય છે. ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા ગયા અઠવાડિયે આ સમિતિની રચના કરવામાં આવી હતી.

### પાટડી પાસે...

ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશનએ સાણંદથી આગળ પાટડી નજીક જમીનની પસંદગી કરી છે જ્યાં તમામ રમતગમતના સામાન અને સાધનોના ઉત્પાદકો માટે વિશિષ્ટ ઔદ્યોગિક પાર્ક તરીકે નવી ઔદ્યોગિક વસાહતની સ્થાપના કરવામાં આવશે. ગુજરાત સરકાર ૨૦૩૬ ઓલિમ્પિક માટે ભારત સરકારની બિડને સમર્થન આપવા અને રાજ્યમાં ઈકોસિસ્ટમ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે રાજ્યમાં આંતરરાષ્ટ્રીય રમતગમતના માળખાના વિકાસ માટે નોંધપાત્ર રોકાણ કરી રહી છે. રમતગમતના સામાન અને સાધનોનું ઉત્પાદન પણ ઈકોસિસ્ટમનો એક ભાગ છે, તેથી સરકારે ઉદ્યોગ અને ખાણ વિભાગને રાજ્યમાં રમતગમતના સામાન અને સાધનસામગ્રીના ઉત્પાદનની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનો આદેશ અપાયો છે. પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં રમતગમતના સામાન અને સાધનોના ઉદ્યોગની મોટી સંખ્યા છે,હવે ગુજરાતમાં કામગીરી શરૂ કરવા પ્રોત્સાહિત કરવાનો છે,તેમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, આ સેગમેન્ટમાં આંતરરાષ્ટ્રીય ખેલાડીઓને પણ આમંત્રિત કરવામાં આવશે. સરકાર શૂન્ય લિક્વિડ ડિસ્ચાર્જ-આધારિત ગ્રીન મેન્યુફેક્ચરિંગ ઝોનની પણ કલ્પના કરે છે જ્યાં તે કાપડ અને અન્ય ઉદ્યોગોને પ્રોત્સાહન આપશે જે ફક્ત ઝેએલડી તકનીકનો ઉપયોગ કરે છે અને ન્યૂનતમ અથવા કોઈ પ્રદૂષણનું કારણ નથી. સરકાર ગ્રીન એન્ટરપ્રિન્યોરશિપ સ્કીમ શરૂ કરવાની પણ યોજના બનાવી રહી છે જે હેઠળ પર્યાવરણને અનુકૂળ ટેક્નોલોજીનો ઉપયોગ કરતા નવા સાહસોને વિશેષ પ્રોત્સાહન મળશે.

(ત્રીજા પાનાનું ચાલું)

### ટેબલ ટેનિસ...

જેના ભાગ રૂપે આ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવેલ છે. આ હરીફાઈમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી ટુર્નામેન્ટ ખુલ્લી મૂકવામાં આવી હતી.આ હરીફાઈને સફળ બનાવવા ડિસ્ટ્રીકટ ટેબલ ટેનીસ એસોસિએશન, વેસ્ટર્ન રેલ્વે મજદુર સંઘ અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનો વિગેરે નો સહયોગ મળેલ છે.આ સમગ્ર કર્યક્રમનુ સંચાલન એડવોકેટ અતુલભાઈ વી. જોશીએ કરેલું હતું.

### વહાલુડીના વિવાહ:

ડીપોઝીટની રસીદ પણ અપાશે. સંસ્થા દ્વારા સમગ્ર આયોજનમાં કોઈ અનીચ્છનીય ઘટના ન બને તેની તકેદારીના ભાગરૂપે ઈમરજન્સી મેડીકલ સુવિધા, બે એમ્બ્યુલન્સ, ફાયર સહિત સુવિધા ઉપલબ્ધ રાખવામાં આવી છે. આ ઉપરાંત સમગ્ર વહાલુડીના વિવાહ પ્રસંગને એક કરોડના વિમાથી સુરક્ષીત કરવામાં આવેલ છે.

આ વહાલુડીના વિવાહનું ૫૦૦૦થી વધુ લોકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સમાજના તમામ શ્રેણીના લોકો દીકરીઓને આશીર્વાદ પાઠવશે. અતિ ભવ્ય, દિવ્ય અને જાજરમાન લગ્નોત્સવ વહાલુડીના વિવાહ આજે સૌરાષ્ટ્રભરમાં પ્રચલીત થયા છે.

વહાલુડીના વિવાહમાં દીકરીઓને કોઈપણ પ્રકારનો ખર્ચ ન થાય તેની ચિંતા કરવામાં આવે છે. જેમાં મહેંદી રસમ, બ્યુટી પાર્લર, ટ્રાન્સપોર્ટેશન, ઉતારા સહિતની વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

સમગ્ર આયોજનમાં ૨૦૦થી વધુ કાર્યકર્તાઓ રાત દીવસ મહેનત કરી રહ્યા છે. તેની સાથોસાથ શહેરના વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો સમગ્ર આયોજનમાં સતત માર્ગદર્શન પૂરૂં પાડી રહ્યા છે. જેમાં દીકરાનું ઘરના ટ્રસ્ટી મૌલેશભાઈ ઉકાણી, શિવલાલભાઈ આદ્રોજા, ધીરૂભાઈ રોકડ, નંદલાલભાઈ માંડવીયા, વલ્લભભાઈ સતાણી, પ્રતાપભાઈ પટેલ, ડો. નિદતભાઈ બારોટ, વસંતભાઈ ગાદેશા, અનુપમભાઈ દોશી, હસુભાઈ રાચ્છ, વિમલભાઈ ખુંટ, વિરાભાઈ હુંબલ, ઉપરાંત ડો. ગૌરાંગભાઈ ઠકકર, રાકેશભાઈ ભાલાળા, પ્રવિણભાઈ હાપલીયા, અશ્વિનભાઈ પટેલ, અશ્વિનભાઈ આદ્રોજા, જયેશભાઈ સોરઠીયા, કિરીટભાઈ પટેલ, સુનિલ મહેતા, દીપકભાઈ જલુ, પ્રજ્ઞેશભાઈ પટેલ, ઉપેનભાઈ મોદી, હરેશભાઈ પરસાણા, ધર્મેશભાઈ જીવાણી, હરદેવસિંહ જાડેજા, હરેનભાઈ મહેતા, ઘનશ્યામભાઈ રાચ્છ, શૈલેશભાઈ જાની, ડો.મયંક ઠકકર સહિતનાનો સમાવેશ થાય છે.

વહાલુડીના વિવાહના પ્રસંગે 'દીકરાનું ઘર' દ્વારા સમાજજીવનના વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો તેમજ સાધુ-સંતો, રાજકીય આગેવાનો, વિવિધ એસોસીએશન તેમજ સંસ્થાના હોદેદારો, સહકારી ક્ષેત્રના આગેવાનો, શિક્ષણ તેમજ મેડીકલ ક્ષેત્રે સંકળાયેલા લોકો પણ ઉપસ્થિત રહે તેવો પ્રયત્ન હાથ ધરાયો છે.

સમગ્ર વહાલુડીના વિવાહના આયોજનમાં યશવંતભાઈ જોષી, ડો.ફાલ્ગુનીબેન કલ્યાણી, ગીતાબેન વોરા, દોલતભાઈ ગાદેશા, હરીશભાઈ હરીયાણી, પરિમલભાઈ જોષી, જયેન્દ્રભાઈ મહેતા, જીતુભાઈ ગાંધી, મહેશભાઈ જીવરાજાની, જીજ્ઞેશભાઈ પુરોહીત, નૈષધભાઈ વોરા, પંકજભાઈ રૂપારેલીયા સહિતના ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

(ચોથા પાનાનું ચાલુ)

### ડો. નરેન્દ્ર દવે

વિવરણ કરવામાં આવેલ હતું.

વી.વી.પી. ટ્રસ્ટના ઈન્ચાર્જ ચેરમેન ડો.નરેન્દ્રભાઈ દવેએ પોતાના ઉદબોધનમાં લોકઉપયોગી સંકલ્પ થકી ૧૭૦ થી વધુ પૂલનું નિર્માણ કરનાર પદ્મશ્રી વિજેતા વ્યકિતનું પ્રેરણાદાયી ઉદાહરણ વિદ્યાર્થીઓને આપી સંકલ્પ સભર બનવા પ્રોત્સાહિત કરતા સમજાવેલ કે મનુષ્ય દ્રઢ સંકલ્પ કરેતો અશક્ય લગતી બાબતને પણ શક્ય બનાવી શકે છેં.

સમારોહના મુખ્ય મહેમાન તથા પ્રખર વકતા ડો.વિશાલ ભાદાણીએ ન્યુરોલોજી, આર્ટીફીસીઅલ ઈન્ટેલિજન્સ, સોસીયલ મીડિયા, સમાજ, એતિહાસિક તથ્યો, તેમજ વિદ્યાર્થીઓના ભાવી એજેંડા, વિગેરે અંગે મનનીય અને વિદ્વતાસભર વક્તવ્ય આપેલ હતું, 'મેલાન્જ'ની થીમ 'કનેકટીંગ ડોટ્સ' શબ્દના ઉદગમ નું સ્થાપત્યકલા સાથેનું રસપ્રદ જોડાણ ઉજાગર કરી, વિદ્યાર્થીઓને પોતાના વ્યવસાયમાં જે ડોટ્સને સમજીને જોડવાના છેં

'મેલાન્જ-૨૪'ના સમગ્ર આયોજનને સફળ બનાવવા ટ્રસ્ટના તટ્રસ્ટીગણ સવ કૌશિકભાઈ શુક્લ, હર્શલભાઈ મણીયાર, ડો.સંજીવભાઈ ઓઝા, ડો.નરેન્દ્રભાઈ દવે, ડો.નવીનભાઈ શેઠના વડપણ હેઠળ તથા સંસ્થાના નિયામક આર્કિ.કિશોરભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર ના આચાર્ય અને ડીન આર્કિ.દેવાંગભાઈ પારેખ તથા કિચ સ્કૂલ ઓફ ડિઝાઈનના આચાર્ય શૈલીબહેન ત્રિવેદી, સ્ટુડંટ કાઉન્સિલના સદસ્યો તેમજ સ્ટાફ મેમ્બર્સએ ભારે જહેમત ઉઠાવેલ હતી. મહોત્સવના સફળ આયોજન બદલ ટ્રસ્ટીગણ એ સર્વે કર્મચારી તથા વિદ્યાર્થીગણ ને બીર્દાવેલ હતા.

### મુકેશ દોશી

હતું કે વીર બાલ દિવસ એ પંચપ્રાણ માટે જીવનશક્તિ સમાન છે.

સૌરાષ્ટ્ર ઝોન વીર બાલ દિવસના ઈન્ચાર્જ કશ્યપભાઈ શુકલ, પૂર્વ મંત્રી વિભાવરીબેન દવે, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ પ્રમુખ કમલેશ મીરાણી, પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સહિત કોર્પોરેટરશ્રીઓ સાથે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.

### સ્વામિનારાયણ સંપ્રદાયના

અખંડ ધૂન સાથે સ્વામિનારાયણ સંપ્રદાયના ૨૨૩ વર્ષ પૂર્વે થયેલ સ્થાપનાની-પ્રારંભની ઉજવણી કરવામાં આવેલી. અત્રે ગુરુકુલમાં રાસ, મહામંત્ર યજ્ઞ, હરિસ્મૃતિના પાઠ, પ્રેરણાદાઈ રૂપકો, નૃત્ય વગેરે કરવામાં આવેલ. આજે વિશ્વભરના સ્વામિનારાયણ સંપ્રદાયના કરોડો અનુયાયીઓના ઘરે ઘરે વિવિધ રીતે ઉજવણી કરવા સાથે સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરવામાં આવેલ.

### બાલભવન

સાથે નિર્ણાયક રીટાબેન જોબનપુત્રા અને રમિઝભાઈ સાલાણીનાં વરદ હસ્તે વિજેતા બાળકોને ઈનામ, શિલ્ડ તથા પ્રમાણપત્ર આપીને સન્માનિત કરાયા હતા. બાલભવન રાજકોટના માનદ્ મંત્રી મનસુખભાઈ જોષીએ બાળકોને શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન ધર્મેન્દ્ર પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

### ૯૪ પ્રોજેકટ રજૂ કરાયા

સંચાલક જનમંગલદાસજી સ્વામી કે દરેક પ્રોજેક્ટનું નિદર્શન કરી બાળકોનો ઉત્સાહમાં વધારો કર્યો હતો. આ ગણિત મેળાનું આયોજન શાળાના ગણિત શિક્ષક કિશોરભાઈ ફુલતરીયા દ્વારા શાળાના પ્રાર્થનાખંડમાં કરાયું હતું. જ્યારે પ્રોજેક્ટ મૂલ્યાંકન કામગીરી હિતેશ ભુંડિયા સર, રમેશભાઈ ગોહેલ સર અને નવનીત ફીણવીયા સર દ્વારા કરવામાં આવી હતી.ગણિત મેળાના આયોજન અંગે શાળાના આચાર્યશ્રી દવે સાહેબ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

(૧૧માં પાનાનું ચાલુ)

### સિદસર સવા શતાબ્દી મહોત્સવ

રાજકોટના મહિલા ઉદ્યોગપતિ અને ઉમીયાધામના ટ્રસ્ટ્રી નીશાબેન વડાલીયાએ જણાવ્યુ હતુ કે, નારીશક્તિ અને નારી અંગે વિસ્તત સમજ આપી મહિલાઓ ઘરમાં એકાઉન્ટ, ટીચર, સામાજીક ભુમિકા ભજવતી હોય છે.

અતિથિ વિશેષ તરીકે પૂવ'' સાંસદ મોહનભાઈ કુંડારીયા, સોનલબેન ઉકાણી, શોભનાબેન પાણ, ભાવનાબેન કોટડીયા, દક્ષાબેન ધરસંડીયા, દક્ષાબેન હદવાણી, ભાનુબેન સવસાણી, નિકિબેન વાછાણી, હર્ષબેન ગોવાણી, જલ્પાબેન આદ્રોજા, માનસીબેન કુંડારીયા, અંજુબેન જાવીયા, પ્રફુલાબેન રાણીપા, ઉષાબેન અમૃતિયા ઉપસ્થિત રહયા હતા.

મહિલા સંમેલન પૂવ'' વિજાપુરા વિદ્યા સંકુલથી મહોત્સવના સભા મંડપ પાસે બાર જયોતિલીંગ સુધી ૧૨૫૦ દિકરીઓ માથા પર ઝવેરા ની શોભા યાત્રા યોજાઈ હતી. શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમા માં ઉમિયા પ્રત્યે ભક્તિલ્ભાવ દર્શાવવા સૌરાષ્ટ્ર ભરના વિવિધ શહેરો ગામોમાં ૧.૨૫ લાખ બહેનોએ હાથમાં મા'' ના નામની મહેંદી મુકી મહોત્સવમાં સહભાગી બની છે. ૧૨૫૦ બાળાઓના પુજનલ્આરતી દ્વારા માતશકિત વંદનાનો સંદેશો આયોજકોએ આપ્યો છે. સામાજિક ક્ષેત્રે મહિલાઓ પણ પુરૂષોની સમોવડી બની રહે તેવા ઉદેશ સાથે મહિલા સંમેલનમાં મંચ પર સૌરાષ્ટ્ર, ગુજરાતના પાટીદાર અગ્રણીઓને સ્થાન આપ્યું હતું.

ઉમીયાધામ ખાતે બપોરબાદ યોજાયેલા સામાજીક સંમેલનમાં સમારોહના અધ્યક્ષ તરીકે ઉમિયા માતા૦ સંસ્થાન ઉંઝાના પ્રમુખ બાબુભાઈ જમનાદાસ પટેલ, ઉમિયામાતાજી મંદિર સિદસરના પ્રમુખ જેરામભાઈ વાંસજાલીયા મહોત્સવના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણી, મહામંત્રી જયેશભાઈ પટેલ, ઉપસ્થિત રહયા હતા.

### અલ્પનાબેન ત્રિવેદી

કરવાનો અનેરો અવસર છે.

યુનિવર્સિટીના વિવિધ કોર્ષમાં, રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, યૂથ ફેસ્ટિવલ સહિતની વિવિધ સ્પર્ધામાં ઉતિર્ણ થયેલ કોલેજના વિદ્યાર્થીઓને પ્રમાણ પત્ર, શિલ્ડ અને ચેક ઈનામસ્રૂપે આપવામાં આવ્યા હતા.

આ તકે રોજગાર કચેરીના મદદનીશ નિયામક ચેતનભાઈ દવે, કચેરીના કાઉન્સિલર રાજેશભાઈ ચૌહાણ, તન્વી ત્રિવેદી, જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના ટ્રસ્ટી ધીરુભાઈ ધાબલિયા, પ્રિન્સિપાલ પ્રીતિ ગણાત્રા, મીનાબેન કુંડલીયા મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી નીલુબેન મુલચંદાણી, કુંડલીયા આર્ટસ અને કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ યજ્ઞેશભાઈ જોશી સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

(૧૨માં પાનાનું ચાલુ)

### દાઉદી બોહરા સમાજ...

સ્પિરિટવાલા, ધારાસભ્ય દર્શીતાબેન શાહ, દંડક મનીષભાઈ રાડીયા અને રાજકોટ જિલ્લા ભાજપ પ્રેસ-મીડિયા અગ્રણી અરૂણભાઈ નિર્મળ, જૈન અગ્રણી દિનેશભાઈ મોદી, એસ.ઓ.જી પોલિસ સ્ટાફ, આનંદસિંહ, મીનુ જસદણવાળા, જીગ્નેશ ખૂંટ, એસીબી પીએસઆઇ ગીડા, પ્રનગર સ્ટાફ જયુભા પરમાર ઉપસ્થિત રહેલ હતા, દર્શીતાબેન શાહ એ જણાવ્યું હતું કે બોહરા સમાજએ એક સરસ સંદેશો આપવા ''વોક ધ ફ્યુચર પેડલ ફોર ચેન્જ'' ના સંદેશ સાથે ભાઈચારા અને વ્યસન મુક્તિ અભિયાનની સરાહનીય કામગીરી કરીછે. અને યુવાનોને સ્વચ્છતા અને સકારાત્મક પરિવર્તન માટે પ્રોત્સાહિત કરાવવાનું મહત્વ દર્શાવ્યું, તેમ શેખ યુસુફઅલી જોહર કાર્ડસવાળાએ જણાવ્યું હતું.

### 'દેશ કા પ્રકૃતિ પરિક્ષણ'...

તેમજ ૫૦થી વધુ તાલીમી ડોકટર્સની ટીમ દ્વારા ૧૦૦૦થી વધુ બહેનોનું આયુર્વેદીક પધ્ધતિથી ઓનલાઈન પરિક્ષણ કરવામાં આવેલ. અને કલાસરૂમમાં જઈ વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયેલ કાર્યક્રમને સફળ બનાવવા પ્રિ. ડો.જયોતિ રાજયગુરૂ અને સમગ્ર સ્ટાફે વિશેષ જહેમત ઉઠાવેલ.


### ચેરમેન જયેશ બોઘરા...

જણાવ્યું હતું કે, સાંજ સુધીમાં હરાજી થવાની છે માટે માલ હાલ ખુલ્લામાં પડ્યો છે. જો આ માલની હરાજી નહીં થાય તો તેને પણ શેડમાં ખસેડવામાં આવશે.વરસાદ આવે તો આ માલને નુકસાન થવાની શક્યતા રહેલી . જોકે કમોસમી વરસાદથી ખેતીના ઉભા પાકને નુકસાન થવાની શક્યતા નકારી શકાય તેમ નથી. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં હવામાન વિભાગની આગાહીને પગલે સતર્કતા જોવા મળી હતી.જેમાં મોટાભાગનો માલ શેડ(છાપરા) હેઠળ રાખવામાં આવ્યો હોવાનું જોવા મળ્યું હતું.જેમાં મોટાભાગનો માલ શેડ(છાપરા) હેઠળ રાખવામાં આવ્યો હોવાનું જોવા મળ્યું હતું. જેમાં મગફળી, કપાસ સહિતનો પાક સલામત રીતે શેડ (છાપરા)માં ઉતારવામાં આવ્યો છે, પરંતુ અમુક જણસીઓ છાપરાની બહાર ખુલ્લામાં પડેલી હતી. જેમાં તલનો પાક ખુલ્લામાં પડેલો જોવા મળ્યો હતો.

જો અચાનક વરસાદ આવે તો આ માલને નુકસાન થવાની શક્યતા છે. ત્યારે આ અંગે માર્કેટિંગ યાર્ડના ચેરમેને જણાવ્યું હતું કે હરાજી કરવાની હોય આ માલ ખુલ્લામાં રાખવામાં આવ્યો હોવાનો ખુલાસો કર્યો હતો.જેમાં મગફળી, કપાસ સહિતનો પાક સલામત રીતે શેડ (છાપરા)માં ઉતારવામાં આવ્યો છે, પરંતુ અમુક જણસીઓ છાપરાની બહાર ખુલ્લામાં પડેલી હતી. જેમાં તલનો પાક ખુલ્લામાં પડેલો જોવા મળ્યો હતો.

## દુ:ખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ:** સ્વ. દુર્લભજીભાઈ કુરજીભાઈ રૂઘાણીના પુત્ર જયંતીભાઈ (ઉ. વ.૬૮) તે રવિભાઈ, સનીભાઈના પિતા, સ્વ.મહેશભાઈ, સંજયભાઈ, લલિતભાઈ, ઈલાબેન સતીશકુમાર ચોલેરા, તૃષાબેંન નીલેશકુમર જીવરાજાનીના મોટાભાઈ તિશાબેન, મનીષાબેનના સસરા, હિયાનના દાદાનું તા.૨૭ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૮ ને શનિવારે બપોરે ૪:૩૦ થી ૫ :૩૦ દરમિયાન ચંદ્ મૌલેશ્વર મહાદેવ મંદિર યુનિવર્સિટી રોડ પંચાયતનગર ચોક પ્રગ્નેશ મેડિકલ સ્ટોરવાળી શેરી આઈનગર-૩ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. લલીતભાઈ નરભેરામભાઈ તેજાણી, યશવંતીબેન ધીરજલાલ શેઠ, ધોરાજી હાલ રાજકોટના પુત્ર હરેશભાઈ તે જયેશભાઈ, ભરતભાઈ તેજાજી (બીએસએનએલ) , કૌલાસબેન અમીતકુમાર શાહ ઉપલેટા, શીલાબેન રાજેશભાઈ ધળીયા જેતપુર, વર્ષાબેન હેમેન્દ્રભાઈ મહેતાના ભાઈ, નિરજ ભરતભાઈ તેજાણી વર્ધમાન ટ્રેડર્સ, જાગનાથ પ્લોટના કાકાનું તા. ૨૬ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે. જેનું ઉઠમણું તથા પ્રાર્થના સભા તા. ૨૮ ને શનિવારે સવારે ૧૦.૩૦ કલાકે રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ ૨/૮ રોયલ પાર્ક ખાતે રાખેલ છે.

**રાજકોટ:** પ્રવીણભાઈ તથા વર્ષાબેન દોશીના પુત્ર, બીપીનભાઈ - જયોત્સનાબેનના ભત્રીજા ચિ. સ્વ. હાર્દિક (ઉ.વ.૪૪) તે જલ્પાબેન, અલ્પાબેન, અંજનબેન, ખંજનબેન, હલકબેનના ભાઈ તે જયંતિલાલ દુર્લભજી દોશી જામનગર વાળાના જમાઈનું તા. ૨૬ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા. ૨૮ ને શનિવારના રોજ સવારે ૧૦ વાગ્યે સ્થાનકવાસી ઉપાશ્રય વાંકાનેર ખાતે રાખેલ છે. તથા સ્વગસ્થની પ્રાર્થના સભા તે જ દિવસે સવારે ૧૧ કલાકે દિગંબર જૈન મંદિર હોલ માર્કેટ પાસે વાંકાનેર મુકામે રાખેલ છે.

**સિહોર:** મુળ નિવાસી સિહોર સ્વ. ખુશાલભાઈ લાલજીભાઈ ડુમરાળીયાના પત્ની સ્વ. જીવુબેન ખુશાલભાઈ ડુમરાળીયા (ઉ.વ.૯૨) તે માવજીભાઈ ખુશાલભાઈ ડુમરાળીયા, મંજુબેન શાંતિલાલ ધંધુકીયા (ભાવનગર)ના માતા, રોહિત, પ્રવિણના દાદીમા, ઉમરાળા નિવાસી છગનભાઈ રામજીભાઈ, મનજીભાઈ રામજીભાઈ ઝાઝમેરાના બેનનું તા. ૨૩ ના રોજ અવસાન થયેલ છે. તેમના સુવાળા તા. ૨૭ ને શુક્રવારે બેસણુ સાંજે ૪ થી ૬ જુના સિહોર રામનાથ રોડ, ખોડીયાર માંની સામે, સિહોર ખાતે રાખેલ છે. તેમની ઉત્તરક્રિયા તા. ૩-૧-૨૫ ને શુક્રવારના રોજ રાખેલ છે.


Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# મનમોહનસિંહે જયારે નાણામંત્રી તરીકે શપથ લીધા ત્યારે દેશ પાસે માત્ર ૩૭ દિવસનું હુંડિયામણ હતુ !

## વડાપ્રધાન તરીકે તેઓએ ૨૦૦૫માં અમેરિકા સાથે ન્યુકિલયર સંધી કરી, ૨૦૦૮માં ખેડુતોના ૬૦ હજાર કરોડના દેવા માફ કર્યા

**અબતક,રાજકોટ**

૨૬ સપ્ટેમ્બર ૧૯૩૨ ના રોજ અખંડ ભારત અને હાલના પાકિસ્તાનમાં જન્મેલા ડો.મનમોહન સિંહને એક મૂઠી ઉંચેરા માનવી અને એક અનેરા રાજકારણી ગણી શકાય. સને ૧૯૯૧ માં લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ ની જીત બાદ વડાપ્રધાનપદે બિરાજમાન થયેલા નરસિંહ રાવ ની પ્રથમ પસંદગી રિઝર્વ બેન્ક ના ભૂતપૂર્વ ગવર્નર ડો.આઈ. જી. પટેલ હતા પરંતુ તેમણે સક્રિય રાજકારણ માં આવવાની અનિચ્છા દર્શાવતા ની સાથે સૂચન કર્યું કે આ જવાબદારી જો ડો.મનમોહન સિંહ ને સોંપાય તો તેઓ મારા કરતાં પણ વધુ સારી રીતે જવાબદારી નિભાવશે. ૧૯૯૧ માં જયારે ડો.મનમોહન સિંહે નાણામંત્રી તરીકે શપથ લીધા ત્યારે ભારત દેશ પાસે માત્ર ૩૭ દિવસ ચાલે તેટલું જ હુંડીયામણ હતું અને મુંબઈ સ્ટાક એકસચેન્જ નો ઈન્ડેક્સ ૯૭૫ ની આસપાસ હતો. ડો. મનમોહન સિંહે રૂપિયાનું જરૂરી અવમૂલ્યન કરી નિકાસ ને વેગ આપી ખૂબ જ ઝડપભેર દેશની આર્થિક સ્થિતી સુધારવાનું શરુ કર્યું. ૧૯૯૧ થી ૧૯૯૬ સુધી નાણામંત્રી રહ્યા અને દેશને આર્થિક રીતે સધ્ધર બનાવવાનો પાયો નાખ્યો. આર્થિક સુધારાના તેમના પગલા આજે સમગ્ર દુનિયાએ અપનાવ્યા છે. ૧૯૯૪ થી ૨૦૦૪ સુધી રાજ્યસભામાં વિપક્ષના નેતા તરીકે જવાબદારી નિભાવી. ૨૦૦૪ માં વડાપ્રધાન પદ સંભાળતાની સાથે ઘણા મહત્વપૂર્ણ નિર્ણય લીધા જેવા કે મનરેગા દ્વારા ગ્રામીણ રોજગારી ની તકો ઉપલબ્ધ કરવી. મિનિમમ ૧૦૦ દિવસ ની રોજગારી ગેરંટી કાયદો બનાવ્યો. ૨૦૦૫ માં અમેરીકા સાથે ન્યૂકિલયર સંધિ કરી.૨૦૦૮ માં ખેડૂતોના ૬૦૦૦૦ કરોડના દેવા માફ કર્યા. ૧૯૭૧ માં નાણા મંત્રાલયમાં આર્થિક સલાહકાર , ૧૯૭૨ માં મુખ્ય આર્થિક સલાહકાર , પછીના વર્ષોમાં યોજના આયોગ ના અધ્યક્ષ , રિઝર્વ બેંક ના ગવર્નર , વડાપ્રધાન ના સલાહકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન ના અધ્યક્ષ તરીકેની જવાબદારી પણ સારી રીતે નિભાવી. અત્યંત મહત્વ ની બાબત કે જે ખૂબ ઓછા લોકો જાણે છે એ કે ૨૦૦૫/૦૬ માં આંતરરાષ્ટ્રીય બજાર માંથી મોટાપાયે સોનાની ખરીદી કરવાનો નિર્ણય લઈ ફોરેક્સ રિઝર્વમાં કિંમતી ધાતુનો મજબૂત વધારો કર્યો.



આજે ભારત દેશ પાસે જે સોનાનો ભંડાર છે તે ડો.મનમોહન સિંહ ની બુદ્ધિમત્તા ને આભારી છે. જે સમયે ખેરખાં ગણાતા રાજકારણીઓ ને ગતાગમ ન હતી ત્યારે સોનાની ખરીદી કરી તિજોરી સમૃદ્ધ કરી , અને આ નિર્ણય માટે યુપીએ અધ્યક્ષા સોનિયા ગાંધીને પણ વિરોધ નહીં કરવા જણાવેલું. ૧૯૮૭ માં ભારત નો બીજા નંબર નું સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મવિભૂષણ ૧૯૯૩ અને ૧૯૯૪ માં શ્રેષ્ઠ એશિયન નાણામંત્રી નું સન્માન ૧૯૯૫ માં ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ નું સન્માન મેળવ્યુ. એક અગ્રણી રાજનેતા તરીકે કોઈપણ રાજનેતાથી અલગ હતા, તેનું મહત્વનું કારણ એ કે તેઓ ક્યારેય કોઈ ની ટીકા કરતા નહીં અને પોતે કેવી રીતે વધુ સારું કાર્ય કરી શકે એ જોતા. વધુ એક મહત્વ ની બાબત કે દશ વર્ષ વડાપ્રધાન રહેવાં છતાં કોઈ દિવસ કોઈ પણ યોજનાની જાહેરાત માં ડો.મનમોહન સિંહ નો ફોટો કોઈએ નહીં જોયો હોય.

### નાણામંત્રી બનતા પહેલા તેઓએ બે શરતો મૂકી હતી !!

#### આરટીઆઈ અને મનરેગા જેવા કાયદા યોજના થકી તેઓ અમર થઈ ગયા

૧૯૯૧માં નાણાં પ્રધાન થતાં પહેલાં મનમોહનસિંહે નરસિંહરાવ સમક્ષ બે શરતો મૂકી હતી કે જ્યાં સુધી તમે વડા પ્રધાનપદે રહો ત્યાં સુધી હું નાણાં પ્રધાન રહું જ. મને વચ્ચે ગમે ત્યારે કાઢી મૂકવાનો નહિ., કોંગ્રેસ પક્ષ માટે નાણાં એકત્ર કરવાનું કામ મારું નહિ.

પ્રથમ નાણાં પ્રધાન તરીકે અને પછી વડા પ્રધાન તરીકે મનમોહનસિંહ દ્વારા જે નીતિવિષયક પગલાં લેવાયાં તેને પરિણામે મનમોહનસિંહ ભારતના રાજકીય અને આર્થિક ઈતિહાસમાં અમર થઈ ગયા છે.

૧૯૯૧માં તેમણે નાણાં પ્રધાન તરીકે ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણની જે નીતિ અપનાવી તેણે ભારતનું અર્થતંત્ર જડમૂળથી બદલી નાખ્યું. એ એક મોટો આર્થિક ભૂકંપ હતો કે જે રચનાત્મક અને સંઘર્ષમય હતો. અત્યારે ભારતમાં જે કંઈ આર્થિક અને માળખાગત વિકાસ દેખાય છે અને ભવિષ્યમાં દેખાશે તે એ નીતિને આભારી છે.

૨૦૦૪-૧૪ના તેમના વડા પ્રધાનપદ સમયે જીડીપીનો સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર ૭.૫ ટકા રહ્યો. આટલો ઊંચો વિકાસ દર એ પહેલાં કે એ પછી કદી રહ્યો નથી.

આ જ દસ વર્ષના ગાળા દરમ્યાન બે વખત વૃદ્ધિ દર ૧૦ ટકા કરતાં પણ વધુ રહ્યો કે જે તે પછી કદી સિદ્ધ થયો નથી. અગાઉ પણ તે એક જ વર્ષે રાજીવ ગાંધીના શાસન દરમ્યાન રહ્યો હતો. તેમના દસ વર્ષના શાસન દરમ્યાન માહિતીનો અધિકાર અને ગ્રામ વિસ્તારોમાં રોજગારીનો અધિકાર કાયદા દ્વારા પ્રસ્થાપિત થયા. મનરેગામાં તો સામાજિક ઓડિટની જોગવાઈથી પ્રત્યક્ષ લોકશાહીને બળ મળ્યું. તેમના શાસન દરમ્યાન જમીન સંપાદન કાયદામાં લોકોની સંમતિ મહત્ત્વની બને તેવો સુધારો થયો. દસ વર્ષના તેમના જ કાર્યકાળમાં શિક્ષણના મૂળભૂત અધિકારને અમલમાં મૂકવા માટેનો કાયદો થયો. તેઓ પોતે ઉદારીકરણમાં અને મુક્ત બજારમાં માનતા હોવા છતાં તેમણે અસંગઠિત ક્ષેત્રના કામદારોના સામાજિક કલ્યાણ અને સામાજિક સલામતી માટે છ કાયદાઓ ઘડ્યા. તેમણે ૧૧૭ પત્રકાર પરિષદો સંબોધીને જાહેર ચર્ચાને પ્રોત્સાહન આપ્યું અને પત્રકારોને તેમણે મન કી બાત કરી. તેમના કરતાં વધુ સમય શાસન કરનાર ઈન્દિરા ગાંધી અને જવાહરલાલ નહેરુ કરતાં પણ વધુ વખત તેઓ પત્રકારોને જાહેરમાં મળ્યા અને તેમના સવાલોના ઉત્તરો આપ્યા! દ્વિમાર્ગી સંવાદને તેમણે હંમેશાં એ રીતે પોષણ આપ્યું અને આમ લોકશાહીને મજબૂત બનાવવામાં ફાળો આપ્યો. સૌથી અગત્યનો મુદ્દો એ કે જ્યારે ૨૦૦૮-૧૦ દરમ્યાન દુનિયાભરમાં મંદી આવી ત્યારે ભારતમાં તેની અસર ઝાઝી થઈ જ નહિ અને સરેરાશ ૬.૫ ટકાનો વૃદ્ધિ દર સિદ્ધ થયો એ એમની અર્થશાસ્ત્રી તરીકેની કુશળતા. લોકોને મંદીની બહુ અસર થઈ નહોતી.

મનમોહનસિંહ અકસ્માતે બનેલા વડા પ્રધાન હતા, ભલે, પણ ભારતના આર્થિક અને રાજકીય ઈતિહાસ માટે એ એક સુખદ અકસ્માત હતો

મનમોહનસિંહના શાસન દરમ્યાન થયેલા આરટીઆઈ અને મનરેગા જેવા કાયદા અત્યારના તાનાશાહી શાસનને બહુ નડે છે એ જ એમની મહાન સિદ્ધિ છે.

# રાજયની સ્કૂલોમાં ખાલી પડેલી શિક્ષકોની જગ્યા વચ્ચે ગુણોત્સવ ૨.૦ મૂલ્યાંકન કરાશે

## સરકારી શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તાની ચકાસણી કરવા માટે વર્ષ ૨૦૧૦થી ગુણોત્સવ કરવામાં આવે છે

**અબતક, રાજકોટ**

રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્કૂલોમાં આગામી દિવસોમાં ગુણોત્સવ ૨.૦ અંતર્ગત મૂલ્યાંકન માટેની ગાઈડલાઈન અને કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. રાજ્યની જુદી જુદી સ્કૂલોમાં ૩૮ હજારથી વધુ શિક્ષકોની જગ્યા ખાલી પડી છે.

આ સ્થિતિમાં ગુણવત્તા અને ગુણોત્સવ કેવી રીતે થશે તેવી ચર્ચાઓ શરૂ થઈ છે.સરકારી શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તાની ચકાસણી કરવા માટે વર્ષ ૨૦૧૦થી ગુણોત્સવ કરવામાં આવતો હોય છે. ગુણોત્સવ કર્યા પછી તેનું પરિણામ પણ જાહેર કરવામાં આવે છે. આ પરિણામમાં મૂલ્યાંકનના આધારે જુદી જુદી સ્કૂલોને એ પ્લસ, એ, બી સહિતના જુદા જુદા ગ્રેડ આપવામાં આવતાં હતા. હવે ગુણોત્સવ ૨.૦ લાગુ કરવામાં આવ્યો છે. નવી પદ્ધતિ પ્રમાણે દર વર્ષે સ્કૂલોનું નિયમિત મૂલ્યાંકન થઈ શકે તે માટે ઈન્સ્પેક્ટરની નિયુક્તિ કરવામાં આવી હતી. આ પદ્ધતિમાં પરીક્ષાના આધારે ઈન્સ્પેક્ટરની નિમણૂક થતી હતી. જોકે, સ્કૂલમાં ઈન્સ્પેક્ટરની જગ્યામાં અન્ય કોઈ શિક્ષકની નિયુકિત ન થતાં વિદ્યાર્થીઓના અભ્યાસને અસર પહોંચતી હતી. આ ઉપરાંત કેટલાક ઈન્સ્પેક્ટર પણ મૂલ્યાંકનની પદ્ધતિમાં રીતસરની વેઠ ઉતારતાં હોવાની ફરિયાદો પણ બહાર આવી હતી. જેના કારણે ગત વર્ષે સ્કૂલ ઈન્સ્પેક્ટરોને પોતાની મૂળ શાળાઓમાં પરત મોકલી આપવામાં આવ્યા હતા. ચાલુ વર્ષથી દરેક સ્કૂલોને સ્વમૂલ્યાંકનની સૂચના આપવામાં આવી છે.

સ્કૂલો દ્વારા સ્વમૂલ્યાંકન કર્યા પછી તે પરિણામ બહાર આવે તેમાં રેન્ડમ ક્રોસ વેરિફિકેશન કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. સૌથી મહત્વની અને અસરકારક બાબત એ છે કે, મોટાભાગની સ્કૂલોમાં પુરતી સંખ્યામાં શિક્ષકો જ ઉપલબ્ધ નથી. જે શિક્ષકો છે તેઓને કેવાયસી સહિતના જુદી જુદી કામગીરીમાં વ્યસ્ત રાખવામાં આવી રહ્યા છે. આ સ્થિતિમાં વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ કેવી રીતે મળશે તેવા પ્રશ્નો પણ શિક્ષણજગતમાં ઉભા થયા છે. આમ, જૂની પદ્ધતિ બંધ કરીને હવે નવી પદ્ધતિ પ્રમાણે આગામી દિવસોમાં શાળાઓમાં ગુણવત્તાની ચકાસણીનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. જોકે, ગુણોત્સવ મૂલ્યાંકન કર્યા પછી પણ પણ તેનું પરિણામ નિયમિત રીતે જાહેર કરવામાં ન આવતું હોવાથી તેનો કોઈ અર્થ રહેતો ન હોવાની ચર્ચા પણ શરૂ થઈ છે.

# અરિહંત ઈન્વેસ્ટમેન્ટ ટીમ દ્વારા "મહિમા મા કે આશીર્વાદ કી" અદભુત કાર્યક્રમનું આયોજન

Mehul M. Ravani
AMFI Registered Mutual Fund Distributor
Arihant Investment
Investment & Insurance Services
SINCE - 2000

**અબતક, રાજકોટ**

ગુરુદેવ પરમ પૂજ્ય પારસ મુનિ મહારાજ સાહેબ ના આશીર્વાદ તથા પ્રેરણાથી સ્વ કીર્તિકુમાર કેશવલાલ રવાણી ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ અરિહંત ઈન્વેસ્ટમેન્ટ ના સંયુક્ત ક્રમે એક અલૌકિક દિવ્ય તથા ભવ્ય કાર્યક્રમનું આયોજન કરેલ છે

સૂરજનું અજવાળું કોડિયામાં પ્રગટાવીને જયારે માં જગદંબા ચરૂબાના અજવાળે ઘૂમે એટલે સંસારને શક્તિ અને બળ મળે છે. શક્તિપૂજાએ આપણી સંસ્કૃતિની આગવી અને ઉજવળ પરંપરા છે. જગતધાત્રી, રાજરાજેશ્વરી આદ્યશક્તિ માં જગદંબા સ્વયં શકિત સ્વરૂપા છે. નવરાત્રી એટલે માં જગદંબાની આરાધનાનું પર્વ, મંગળ ગીતો અને ગરબા ગાવાનો નઘલો અધરાર ત્યારે નવરાત્રીના આગમન પૂર્વે શ્રી મેહુલભાઈ ઘાણી અને અરિહંત ઈન્વેસ્ટમેન્ટ લઈને આવ્યું છે જયાં સંગીત અને સંવાદ, કર્મ અને ધર્મ, નૃત્ય અને નાદ, સમર્પણ અને તર્પણ, આજ્ઞા અને આહુતિ સાથે ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક માતાજીની પૂજા- આરાધના થશે. તો સાથો સાથે નૃત્ય, સંગીત અને શબ્દ દ્વારા માં અંબા જગદંબા ની મહિમાને વર્ણવવામાં આવશે. આવ અનેરા-અનોખા-અલૌકિક મહોત્સવમાં આપ સૌ સહ પરિવાર ખાસ પધારશો તેવી આપશ્રીને નમ્ર વિનંતી કરીએ છીએ, અકલ્પનીય અદભુત સફળતા બાદ ભાગ ૨ "મહિમા માં કે આશીર્વાદ કી" કાર્યક્રમ તારીખ ૧૫-૧ -૨૦૨૫ ને બુધવારે રાત્રે ૯:૩૦ કલાકે ટાગોર રોડ હેમુ ગઢવી હોલ રાજકોટ ખાતે રાખેલ છે, કાર્યક્રમનું સંચાલન શુભમ પી અંબાણી દ્વારા કરવામાં આવશે તેમજ કાર્યક્રમનો લાભ લેવા ડોલીબેન મેહુલભાઈ રવાણી, વત્સલ મેહુલભાઈ રવાણી દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવેલ છે.

# જી.ટી.યુ. ખાતે રિન્યુએબલ એનર્જી પર ગોળમેજી પરિષદ યોજાય

## સ્વચ્છ અને ટકાઉ ઉર્જાને અપનાવવાની પ્રક્રિયાને વેગ આપવા માટે ચર્ચા કરાય

**અબતક,રાજકોટ**



ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી દ્વારા ભવિષ્યના વિકાસ પર વિચારણા કરવા માટે એક ગોળમેજી પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે "ભવિષ્યનું ઘડતર, નવીનીકરણ અને રિન્યુએબલ એનર્જીમાં પડકારો, એ વિષય પર ઉદ્યોગના નિષ્ણાતોને સાથે રાખી, નવીનીકરણીય ઉર્જાના ભાવિ અને વૈશ્વિક ઉર્જા સંકટને પહોંચી વળવામાં તેની ભૂમિકા વિશે ચર્ચા કરવા સંશોધન સંસ્થાઓના શિક્ષણવિદો, સરકારી અધિકારીઓ અને વૈજ્ઞાનિકો. અમદાવાદમાં જીટીયુ કેમ્પસમાં આયોજિત આ ઈવેન્ટે વર્કફોર્સ મેનેજમેન્ટ પર સંલગ્ન ચર્ચાઓ માટેનું પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું.જેમાં અભ્યાસક્રમનું પુનરાવર્તન, પરીક્ષણ સુવિધાઓ, નવીન ઉકેલો, તકનીકી પ્રગતિ, અને સ્વચ્છ અને ટકાઉ ઉર્જાને અપનાવવાની પ્રક્રિયાને વેગ આપવા માટે સહયોગ વગેરે વિષયોની ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે યુનિવર્સિટીના કુલસચિવ ડો. કે.એન. ખેરે ગોળમેજી પરિષદમાં આવેલા તમામ પ્રતિષ્ઠિત નિષ્ણાતોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું.તેમણે પુનઃપ્રાપ્ય ઉર્જા ઉકેલોને આગળ વધારવા માટે સહયોગી પ્રયાસોના મહત્વ પર ભાર મૂક્યો અને આ નિર્ણાયક ક્ષેત્રમાં નવીનતા અને સંશોધનને પ્રોત્સાહન આપવા માટે યુનિવર્સિટીની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ ડો. રાજુલ કે. ગજ્જરે આયોજનના પ્રારંભે સંબોધન કરતાં નવીનીકરણીય ઉર્જા અને અન્ય ઉભરતા ક્ષેત્રો, આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સ અને પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્ર, કુશળ માનવબળ અને પરીક્ષણ સુવિધા પર પોતાના વિચારોથી પ્રકાશ ફેંક્યો હતો.આ માટે શૈક્ષણિક સંસ્થાઓ, સંશોધન સંસ્થાઓ અને ઉદ્યોગોની ભાગીદારીનું મહત્વ સમજાવી, નવીનીકરણીય ઉર્જા અંગેના રાષ્ટ્રના લક્ષ્યોને હાંસલ કરવા માટે તેઓએ ગ્રીન હાઈડ્રોજનની શોધ પર તથા સૌર, પવન અને બાયોમાસ ઉર્જા પર ભાર મૂક્યો હતો

આ ગોળમેજી પરિષદમાં ભૌતિક સંશોધન પ્રયોગશાળા, પ્લાઝમા સંશોધન સંસ્થાન અને સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ રિસર્ચ ઈન્સ્ટીટયુશન, ભાવનગરના વૈજ્ઞાનિકોએ સક્રિયપણે ભાગ લીધો અને સંશોધનનાં દ્રષ્ટિકોણ રજુ કર્યા હતા.

ગોળમેજી પરિષદમાં ચર્ચા દરમિયાન, વિદ્યાર્થીઓને ઉદ્યોગની જરૂરિયાતો અનુસાર પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે જરૂરી જ્ઞાન અને હાથથી સજ્જ કરવા માટે કૌશલ્ય આધારિત તાલીમ કાર્યક્રમો પર ધ્યાન કેન્દ્રિત કરવા જણાવવામાં આવ્યું હતું. મુખ્ય વિષયોમાં પુનઃપ્રાપ્ય ઊર્જામાં સંશોધનના ક્ષેત્રો, ગ્રીડ એકીકરણમાં પડકારો અને તેના સંભવિત ઉપાયોની ચર્ચા કરવામાં આવી હતી.

# જનકલ્યાણ ટ્રસ્ટે રીબડા ખાતે ૪૨મો રકતદાન કેમ્પ યોજયો

**અબતક, રાજકોટ**

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૪૨મો એસ.જી.વી.પી., રીબડા, ખાતે પંચાબ્દિ પર્વ, નિમિત્તે ત્રી-દિવસીય કાર્યક્રમમાં તારીખ ૧૧ અને ૧૨ ડીસેમ્બર - બે દિવસ રક્તદાન કેમ્પનું આયોજન કરેલ.

આ કેમ્પમાં ૧૧-૧૨-૨૪ નાં રોજ ૨૩ બોટલ તથા આજે ૧૨-૧૨-૨૩ નાં ૨૪ બોટલ રક્ત એકત્રિત થયેલ, કુલ ૪૪ બોટલ રક્ત એકત્રિત થયેલ. ઉપરાંત જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બહોળા પ્રમાણમાં અંગદાન - ચક્ષુદાન - સ્કીન ડોનેશન - દેહદાનના સંકલ્પ પત્રો ભરાયા.



આ કેમ્પમાં સતિષભાઈ જોશી, અતુલભાઈ શાહ, નાથાભાઈ ચોટલીયા તથા બી. વી. શર્માએ સહયોગ આપેલ. તેમ ચેરમેન, ઉમેશ મહેતાની યાદી જણાવે છે. સેવાના કોઈપણ કામ માટે સંપર્ક કરો, ચેરમેન ઉમેશ મહેતા- ૯૪૨૮૫૦૬૦૧૧.

# પોલીસ ભરતી પરીક્ષાના કોલલેટર બુધવારથી ડાઉનલોડ કરી શકાશે

## ભરતી બોર્ડ દ્વારા અનેક જિલ્લાઓમાં મેદાન તૈયાર કરવાના સૂચનો અપાયા

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં પોલીસ ભરતીને લઈને મહત્વપૂર્ણ સમાચાર સામે આવી રહ્યા છે. ભારે રાહ જોઈ રહ્યા હતા એવા ઉમેદવારો માટે ૮ જાન્યુઆરીથી શારીરિક કસોટી શરૂ થશે, જે લગભગ ૨ મહિના સુધી ચાલશે. શારીરિક કસોટી માટે ૧ જાન્યુઆરીથી કોલ લેટર ડાઉનલોડ કરી શકાશે.ભરતી બોર્ડ દ્વારા અનેક જિલ્લાઓમાં મેદાન તૈયાર કરવાના સૂચનો આપવામાં આવ્યા છે. શારીરિક કસોટી પીએસઆઈ અને લોકરક્ષક માટે યોજાશે, જેમાં વિવિધ શહેરો અને પોલીસ તાલીમ સંસ્થાઓના ગ્રાઉન્ડ પર આ કસોટી યોજવામાં આવશે. આમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, મહેસાણા, સીઆરપીએફના વિવિધ સ્થળો જેવા મેદાનો સામેલ છે. ભર્તી માટે ૧૨,૦૦૦ નવી નોકરીઓ આપવામાં આવશે, જેમાં પીએસઆઈના ૫૯૭, કોન્સ્ટેબલ સહિત એસઆરપી ૬૬૦૦, હથિયારી પોલીસ કોન્સ્ટેબલના ૩૩૦૨, આઆરપીના ૧૦૦૦ અને જેલ સિપાહીની ૧૦૧૩ પોસ્ટ્સ પર ભરતી કરવામાં આવશે. ઉમેદવારો ૧ જાન્યુઆરીએ કોલ લેટર ડાઉનલોડ કરી શકશે અને ૮ જાન્યુઆરીથી શરૂ થતાં શારીરિક કસોટી માટે તૈયાર થઈ શકશે.

### બાંગ્લાદેશ પાકિસ્તાનથી પણ વધુ ખતરનાક સાબીત થઈ રહ્યુ છે !!!

# ક્રિસમસની પૂર્વ સંધ્યાએ ખ્રિસ્તીઓના ૧૭ ઘરોને બાંગ્લાદેશમાં સળગાવી દેવાયા

## ખ્રિસ્તીઓ નજીકના ગામે ક્રિસમસની ઉજવણી માટે ગયા હતા ત્યારે ઘરોને આગ ચંપનારા ૧૫ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**અબતક, રાજકોટ**

બાંગ્લાદેશમાં દિવસેને દિવસે લઘુમતી સમુદાયો પર હુમલા વધી રહ્યાં છે. એક સમયે ભારતે જે દેશને સ્વતંત્રતાથી લઈને આર્થિક રીતે પગભર થવામાં મદદ કરી આજ તે દેશ ભારતીયો પર અત્યાચાર આચરી રહ્યું છે. ખાસ કરીને બાંગ્લાદેશમાં શેખ હસીના સત્તા પરથી દૂર થાય ત્યારથી લઘુમતીઓ પર અત્યાચાર ચાલુ છે. હિંદુઓ સામે હિંસા જોવા મળી રહી હતી. ત્યારે હવે ખ્રિસ્તી સમુદાયના લોકો સામે પણ હિંસાનો બનાવ બન્યો છે નાતાલની પૂર્વસંધ્યાએ બંદરબનના લામા ઉપજિલ્લાના સરાઈ યુનિયનમાં ખ્રિસ્તી ત્રિપુરા સમુદાયના ઓછામાં ઓછા ૧૭ ઘરોને કથિત રીતે આગ લગાડવામાં આવી હતી. નજીકના ગામમાં પ્રાર્થના કરવા અને નાતાલની ઉજવણી કરવા ગયેલા રહેવાસીઓ આગની ઘટનાથી ઘરવિહોણા બની ગયા છે.



આ ઘટના બંદરબન જિલ્લાના ચિત્તાગોંગ હિલ ટ્રેક્ટમાં સ્થિત સરાઈ યુનિયનમાં નવા બેટાચરા પરા ગામે બની હતી. ઘટના સમયે અસરગ્રસ્ત ગામ ખાતે કોઈ હાજર નહોતું અને તેનો લાભ લઈને બદમાશોએ ઘરોને આગ ચાંપી દીધી હતી. નાતાલની ઉજવણી કરવા નજીકના ટોંગ્યાજીરી ગામમાં પહોંચ્યા હતા. કારણ કે તેમના ગામમાં કોઈ ચર્ચ ન હતું. હુમલાખોરોએ તેની ગેરહાજરીનો લાભ લીધો અને ઘરોમાં આગ લગાવી દીધી, જેનાથી ગામના ૧૭ ઘરો રાખ થઈ ગયા હતા.

ઘટના અંગે ઢાકા ટ્રિબ્યુન સાથે વાત કરતા જાણવા મળ્યું કે, ન્યૂ બેટાચારા પારા ગામના લોકોએ કહ્યું કે કટ્ટરપંથીઓ દ્વારા તેમને ગામ ખાલી કરવા માટે પણ ગયા મહિને ધમકી આપવામાં આવી હતી. આના પર ગંગા મણિ ત્રિપુરા નામના વ્યક્તિએ લામા પોલીસ સ્ટેશનમાં ૧૫ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પરંતુ પોલીસે ફરિયાદ અંગે કોઈ સામે કાર્યવાહી કરી ન હતી.

આ ફરિયાદમાં છ પ્રતિસ્પર્ધી ખ્રિસ્તી સમુદાયના સભ્યો અને એક બંગાળી મુસ્લિમને આગ લગાવવા માટે જવાબદાર ઠેરવ્યા છે. સરકારે જણાવ્યું હતું કે પોલીસને "હુમલા પાછળના હેતુને વહેલામાં વહેલી તકે શોધી કાઢવા" નિર્દેશ આપવામાં આવ્યો હતો. ગામના રહેવાસીઓ, પેઢીઓથી 'ખ્રિસ્તી ત્રિપુરા' સમુદાયમાં રહે છે, તેમને તેમના મકાનો ફરીથી બાંધવા માટે સહાય આપવામાં આવી હતી. ખોરાક અને રાહત સામગ્રી આપવામાં આવી હતી.તેમજ પોલીસે સુરક્ષા વધારી દીધી છે.

# આબીદ ચાવડાએ ૧૫ લાખ સામે ૩૬ લાખ ચૂકવ્યા છતાં વધુ આઠ લાખની વ્યાજખોરની ઉઘરાણી

## રામનાથપરાનાં જાહિદ કાદરીએ પઠાણી ઉઘરાણી કરી ખૂનની ધમકી આપતાં થોરાળા પોલીસમાં ગુનો દાખલ

**અબતક, રાજકોટ**

શહેરમાં વ્યાજખોરીનો વધુ એક બનાવ સામે આવ્યો છે. દૂધની ડેરી પાસે રહેતાં બાંધકામના ધંધાર્થી યુવાને ત્રણ વર્ષ પહેલા રામનાથપરામાં રહેતાં તેના પરિચીત શખ્સ પાસેથી ધંધાના કામે ૧૦ ટકા વ્યાજેથી ૧૫ લાખ લઈ અત્યાર સુધીમાં ૩૬ લાખ ચુકવી દીધા છે છતાં આ શખ્સે વધુ ૮ લાખ માંગી ઘર પાસે આવી ધાકધમકી આપી તેમજ આગેવાનોએ વચ્ચે રહી સમજાવટ કરી છતાં તેણે ૮ લાખ તો આપવા જ પડશે નહિતર હું મારી નાંખીશ તેવી ધમકી ફરીવાર આપતાં ફરિયાદ દાખલ કરાવવામાં આવી છે.

મામલામાં થોરાળા પોલીસે દૂધ સાગર રોડ પર લાખાજીરાજ શ્રમજીવી સોસાયટી અનમોલ પાન પાસે રેડીયન્સ એવન્યુમાં બીજા માળે રહેતાં અને બાંધકામનો ધંધો કરતાં આબીદભાઈ ગુલામહુશેનભાઈ ચાવડા (ઉ.વ.૪૨)ની ફરિયાદ પરથી રામનાથપરામાં રહેતાં જાહીદ ઈકબાલભાઈ કાદરી વિરૂધ્ધ મનીલેન્ડ એક્ટ, વ્યાજખોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આબીદભાઈએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું. ૧૦/૧૧/૨૪ના રોજ રાતે દસેક વાગ્યે હું ઘરની બહાર ઓટા પર બેઠો હતો ત્યારે મારો પરિચીત જાહીદ કાદરી સફેદ રંગની કાર લઈને આવ્યો હતો. મેં ત્રણેક વર્ષ પહેલા મારે બાંધકામના ધંધા માટે રૂપિયાની જરૂર હોઈ જેથી જાહીદ પાસેથી રૂા. ૧૫ લાખ ૧૦ ટકા વ્યાજેથી લીધા હતાં. આ રકમનું વ્યાજ હું દર મહિને એકથી પાંચ તારીખ સુધીમાં જમા કરાવતો હતો. આ રકમ મેં નિયમીત રીતે રોકડેથી ચુકવી હતી. કોઈવાર હું કામ માટે બહાર હોય અને સમય ન હોય તો મારા મિત્રો યુસુફ શાહમદાર, રણજીત સરવૈયા, અલ્તાફ રાઉમા મારફત જાહીદને રૂપિયા મોકલાવી દેતો હતો.મેં બે વર્ષ સુધી જાહીદ કાદરીને પંદર લાખ સામે કુલ ૩૬ લાખ વ્યાજ પેટે તથા મુળી પેટે ચુકવી દીધા હતાં.

જો કે છેલ્લા ત્રણેક માસથી મારે ધંધો બરાબર ચાલતો ન હોઈ મેં તેને વ્યાજ ચુકવ્યું હતું. જાહીદે મારા ઘર પાસે આવી મને ગાળો દઈ વ્યાજની ઉઘરાણી કરતાં મેં તેને કહેલુ કે તમને ૩૬ લાખ તો આપી દીધા છે હવે કેટલુક વ્યાજ મારે આપવાનું છે? તેમ કહેતાં તે ઉશ્કેરાઈ ગયો હતો અને વધુ ગાળો દઈ કહેલું કે હજુ તારે ૮ લાખ આપવા પડશે નહિતર તને જીવતો નહિ મુકુ, મારી નાખીશ તેવી ધમકી આપી હતી. એ પછી મેં સમાજના આગેવાનો દ્વારા જાહીદ સાથે વાતચીત કરી હતી. પણ જાહીદે ૮ લાખ નહિ આપે તો હું એને મારી જ નાંખીશ તેવી ધમી આપી હતી. ધમકીને કારણે ડરી જતાં મેં ફરિયાદ નોંધાવી હતી.

### ત્રીજા ટેસ્ટમાં બુમરાહ–આકાશદીપની જેમ ચોથા ટેસ્ટમાં ‘‘મસીહા‘‘ કોણ?

# ચોથા ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાના ૪૭૪ રન સામે ભારતીય ટીમનો આત્મવિશ્વાસ તળિયે

## ભારતની પાંચ વિકેટ માંથી ચાર વિકેટ બેટસમેનોની ભૂલને કારણે પડી: જયસ્વાલનો રનઆઉટ મેચનો ટર્નીંગ પોઈન્ટ સાબિત થશે?

## ભારતે ૧૬૪ રને પાંચ વિકેટ ગુમાવી



**અબતક, મેલબોર્ન**

ભારત સામે ચાલી રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ચોથી ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં ઓસ્ટ્રેલિયાની ટીમ ૪૭૪ રનમાં ઓલઆઉટ થઈ હતી. સ્ટીવ સ્મિથે બીજા દિવસે ઝડપી રન બનાવ્યા અને પોતાની ટેસ્ટ કારકિર્દીની ૩૪મી સદી પૂરી કરી. તે હવે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધુ સદી ફટકારનાર બેટ્સમેન બની ગયો છે. જો કે હવે ઓસ્ટ્રેલિયાના ૪૭૪ રન સામે ભારતીય ટીમનો આત્મવિશ્વાસ જાણે તળિયે આવી ગયો હોય તેવું લાગી રહ્યું છે. હવે આ ટેસ્ટમાં ત્રીજા ટેસ્ટની જેમ બુમરાહ-આકાશદીપની જેમ કોણ ‘‘મસીહા‘‘ બનશે તે જોવું રહેશે. મેચમાં વળતો હુમલો કરવા ભારત તરફથી એક મજબૂત પાર્ટનરશીપની ખુબ જ જરૂર છે. જો આ શક્ય બને તો ત્રીજા ટેસ્ટની જેમ ભારત ફરી કમબેક કરી શકે તેમ છે. મેલબોર્ન ટેસ્ટમાં કોહલીનો શાનદાર રેકોર્ડ છે અને કોહલી આ ટેસ્ટમાં શ્રેષ્ઠ પ્રદશન કરે તેની સૌ મીટ માંડીને બેઠા છે. આજે મેચનો બીજો દિવસ છે અને બીજું સત્ર ચાલી રહ્યું છે.

ભારત તરફથી પહેલી ઈનિંગ યશસ્વી જયસ્વાલ અને વિરાટ કોહલી ક્રિઝ પર છે. રોહિત શર્મા ૩ રન બનાવીને અને કેએલ રાહુલ ૨૪ રન બનાવીને આઉટ થયો હતો. પેટ કમિન્સે બંનેને પેવેલિયન મોકલી દીધા હતા. જો કે આજે બીજા દિવસે પણ પીચનો મિજાજ બેટીંગ માટે સારો છે. જો ભારતીય બેટ્સમેનો ડિસિપ્લિન સાથે રમત રમશે તો એક મજબૂત સ્થતિમાં પણ આવી શકે. ઓસ્ટ્રેલિયા માટે સ્ટીવ સ્મિથે ૧૯૭ બોલમાં ૧૪૦ રનની ઈનિંગ રમી હતી. યુવા ઓપનર સેમ કોન્સ્ટન્સ (૬૦ રન), ઉસ્માન ખ્વાજા (૫૭ રન) અને માર્નસ લાબુશેને (૭૨ રન) અડધી સદી ફટકારી હતી. ભારતીય ટીમ તરફથી કેપ્ટન પેટ કમિન્સે ૪૯ રનનું યોગદાન આપ્યું હતું. રવીન્દ્ર જાડેજાએ ૩ વિકેટ લીધી હતી. આકાશ દીપે ૨ અને વોશિંગ્ટન સુંદરને ૧ વિકેટ મળી હતી.

### બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં સિરાઝને ૧૦૫ ઓવરમાં ૪૩૩ રન ખર્ચ કરી માત્ર ૧૩ વિકેટ મળી

ભારતીય ટિમ હાલ ઓસ્ટ્રેલિયામાં પાંચ ટેસ્ટ મેચની સિરીઝ રમી રહી છે. હાલ સિરીઝ એક-એક પર બરાબર છે. જો કે હાલ બોલિંગ-બેટિંગમાં ભારતીય ટીમનું ખાસ પ્રદશન જોવા મળી રહ્યું નથી ત્યારે ભારતીય બોલર સિરાઝની જો વાત કરવામાં આવે તો છેલ્લી ૭ ઈનિંગમાં સિરાઝ કુલ ૧૦૫ ઓવર ફેંકી છે જેમાં ૪.૩૫ની ઈકોનોમી સામે ૪૩૩ રન ખર્ચ કર્યા છે અને માત્ર ૧૩ વિકેટ જ ઝડપી છે. સિરાઝની બોલીગ ટિમ ઈન્ડિયા માટે માથાના દુખાવા સમાન બની ગઈ છે. બીજે છેડે બુમરાહ પણ સિરાઝની બોલિંગનો ભોગ બની રહ્યો છે અને વિપક્ષના બેટ્સમેનો હાવી થઈ રહ્યા છે. આવી પરિસ્થતિમાં સિરાઝનો ઓપશન કોણ બનશે તેના પર સૌની નજર છે.

### રોહિત શર્મા ઓપનિંગમાં આવ્યો અને તુરંત પેવેલિયન ભેગો થયો!!

ઓસ્ટ્રેલિયા સામેની ચોથી ટેસ્ટ મેચમાં રોહિત શર્મા ઓપનિંગમાં આવ્યો હતો અને કમિન્સની ઓવરમાં સટાસટી કરવામાં તુરંત પેવેલિયન ભેગો થયો હતો. શરૂઆતની ત્રણ ટેસ્ટમાં કે એલ રાહુલ કે જેને ટિમ ઈન્ડિયાએ ખુબ જ સારી શરૂઆત અપાવી હતી તેનો ક્રમ બદલી રોહિત ઓપનિંગમાં આવ્યો તે ભારત માટે ખોટું સાબિત થયું છે. રાહુલ નવા બોલ સામે સારૂ પ્રદશન કરી રહ્યો છે અને હવે આ ટેસ્ટમાં રોહિત ઓપનિંગમાં આવતા અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે.

# રાજકોટનાં વેપારીએ મામાને રૂ૫૪ લાખનાં ૯૦ લાખ ચૂકવ્યા છતાં વધુ રૂ ૪૪ લાખની પઠાણી ઉઘરાણી

## પૈસાની ઉઘરાણીમાં ગોંડલ માર્કેટીંગ યાર્ડ ખાતે આવેલી પેઢીની ઓફિસે ઘસી જઈ ચારેક શખ્સોએ માર માર્યો

**અબતક, રાજકોટ**

ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં પેઢી ધરાવતા રાજકોટનાં વેપારીએ પોતાના મામા પાસે વ્યાજે લીધેલા રૂ. ૫૪ લાખના ૯૦ લાખ ચૂકવ્યા છતાં મામાએ વધુ રૂ. ૪૪ લાખની પઠાણી ઉઘરાણી કરી માર માર્યાની ફરિયાદ ગોંડલ બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. મામાએ પૈસાનો હવાલો પોરબંદરનાં શખ્સને આપતાં કુલ ચાર વિરુદ્ધ ગુનો દાખલ કરી પોલીસે કાર્યવાહી શરૂ કરી છે.

રાજકોટમાં બાલાજી હોલ નજીક એપલવીલા સોસાયટીમાં રહેતા સને ગોંડલ યાર્ડમાં સી સી એન્ટરપ્રાઈઝ નામે પેઢી ધરાવતા વેપારી છગનભાઈ પરસોત્તમભાઈ ગઢીયા (ઉ.વ.૬૨)એ નોંધાવેલી ફરિયાદમાં ગોંડલનાં વલ્લભભાઈ શામજીભાઈ ખૂંટ, ક્રિમેશભાઈ વલ્લભભાઈ ખૂંટ, નગાભાઈ શીવાભાઈ ઓડેદરા અને કરણભાઈનું નામ આપ્યું છે. ફરિયાદીએ વધુમાં જણાવ્યું છે કે, વલ્લભભાઈ મારા મામા થતા હોય અને હુ ગોંડલ માર્કેટીંગ યાર્ડમા લસણ-ડુંગળીનો વેપાર કરતો હોય જેથી મારે અવાર નવાર માલની લે વેચ બાબતે પૈસાની જરુરીયાત હોય જેથી હું મારા મામા પાસેથી પૈસા લેતો હતો અને મારી જણસ વેચાઈ જતાં પરત આપી દેતો હતો. મારા મામા ત્રણથી પાંચ ટકાનાં વ્યાજદરે પૈસા આપતાં હતા. અમારી વચ્ચે ૨૦૧૮ થી નાણાકીય વ્યવહાર ચાલુ હતો. આમ મામા વલ્લભભાઈ ખૂંટ પાસેથી કટકે કટકે કુલ રૂ. ૫૪ લાખ લીધા હતા જેના બદલે મેં કુલ રૂ. ૯૦ લાખ આર.ટી.જી.એસ. અને રોકડ મારફતે ચૂકવી દીધા હતા. જે બાદ પૈસાનો ગત તા.૦૭/૧૧/૨૦૨૧ ના રોજ હિસાબ કરતા વધુ રૂ.૪.૭૪,૦૦૦ ચૂકવવાના થતાં હતા જેથી મેં પૈસા ચૂકવવા બાબતે લખાણ કરી આપવાનું કહેતા મામાએ તને મારી ઉપર વિશ્વાસ છે તો પછી લખાણની શું જરૂર તેમ કહી લખાણ કરવાની નાં પાડી દીધી હતી. બાદ મામાએ તા. ૨૫/૧૧/૨૦૨૪ના રોજ રૂ ૧૮,૦૦,૦૦૦ તેઓ મારી પાસે માંગે છે એવી નોટીશ મોકલાવેલ હતી. હકીકતમાં તેઓ મારી પાસે પૈસા માંગતા ન હોય જેથી મે આ નોટીશનો મારા વકીલ મારફતે જવાબ પણ કરેલ હતો.

બાદમાં મામા વલ્લભભાઈ ગોંડલ માર્કેટીંગ યાર્ડની પેઢી ખાતે આવી પૈસાની ઉઘરાણી કરતા હતા. ત્યારબાદ વલ્લભભાઈએ અલગ અલગ વ્યક્તિઓ પાસેથી પૈસાની ઉઘરાણી કરાવી હતી. જેમાં નગાભાઈ શીવાભાઈ ઓડેદરા (પોરબંદર), કરણભાઈએ ફોન કરીને પૈસા આપી દેવા ધમકી આપી હતી. બાદમાં વલ્લભભાઈ તથા તેનો દીકરો ક્રિમેશ ખૂંટ અને નગાભાઈ, કરણભાઈ, ઈન્દુભાઈ, અરુણભાઈ બધા મારી ઓફીસે આવેલ અને મધ્યસ્થીઓ તરીકે આવેલ ઈંદુભાઈ તથા અરુણભાઈએ આ વ્યાજ સહીતના પૈસાના હીસાબ બાબતે વાતચીત કરવાની હોય જેથી પ્રથમ અરુણભાઈની વાડીએ ભેગા થવાનુ હતુ પરંતુ આ લોકો મારી ઓફીસે આવી ગયેલ હતા. જ્યાં વ્યાજના પૈસાની લેવડ દેવડની વાત ચાલતી હતી. દરમ્યાન વલ્લભભાઈએ મારી પાસે રૂ. ૪૪ લાખની ઉઘરાણી કરી હતી અને ગાળો આપી હતી.

ફરિયાદીએ વધુમાં જણાવ્યું હતું કે, મેં કહ્યું હતું કે, મારે વ્યાજ સહીત હવે ફક્ત રૂ. ૪,૯૪,૦૦૦ જ આપવાના થાય છે જેથી વલ્લભભાઈ વધુ ઉશ્કેરાઈ ગયેલ હતા અને ગાળો આપવા લાગેલ હતા. દરમિયાન ક્રિમેશએ મારા ભત્રીજા ભૌતીકનો કાઠલો પકડી લીધેલ હતો અને માર માર્યો હતો. વલ્લભભાઈ અને તેના દીકરાએ મારા ભત્રીજા ભીતીકને થપ્પડ તથા ઢીકાપાટુનો માર મારેલ હતો અને કરણભાઈ ભુંડી ગાળો બોલતો હતો. બાદમાં મધ્યસ્થીઓ વચ્ચે પડી મને બચાવ્યો હતો ત્યારે વલ્લભભાઈએ ઓફિસથી જતી વખતે આજે તો જાવ છું પણ પૈસા આપી દેજો નહીંતર જીવતા નહિ રહેવા દઉં તેવી ધમકી આપી હતી.જે બાદ ફરિયાદીએ ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસમાં મામા વલ્લભભાઈ તેના પુત્ર ક્રિમેશ અને તેના મળતીયાઓ એમ કુલ ચાર વિરુદ્ધ વ્યાજ સહીતની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

# પીડીપીયુ હવે સેમિકન્ડકટરના ‘‘પાઠ’’ ભણાવશે!!!

## સેમિકન્ડક્ટર એટીએમપી તાલીમ કેન્દ્ર પાંચ વર્ષમાં ૧,૦૦૦ કરતાં વધુ કર્મચારીઓને તાલીમ આપશે

**અબતક, રાજકોટ**

ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશનના ભાગ રૂપે, પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી એ સેમિકન્ડક્ટર એટીએમપી તાલીમ સુવિધા પ્રાપ્ત કરી છે. એટીએમપી એટલે સેમિકન્ડક્ટર એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ. જે ગુજરાતમાં તે પ્રકારનું પ્રથમ ઉત્પાદન એકમ બનશે.

આ અંગે નિષ્ણાતોએ જણાવ્યું હતું કે સેમિકન્ડક્ટર એટીએમપી તાલીમ કેન્દ્ર એ પીડીઈયું, રાજ્ય સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, માઈક્રોન ટેક્નોલોજી અને નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશનની સંયુક્ત પહેલ છે અને તે ગુજરાતમાં આવનારા સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સ અને ડિઝાઈન લેબોરેટરીઓ જરૂરી માનવ સંસાધન પ્રદાન કરશે.

ત્યારે પીડીઈયુંના ડાયરેક્ટર જનરલ પ્રોફેસર એસ સુંદર મનોહરને જણાવ્યું હતું કે સંયુક્ત પહેલનો ઉદ્દેશ સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ઉદ્યોગ-કેન્દ્રિત પ્રાયોગિક તાલીમ આપવાનો છે અને તે પાંચ વર્ષમાં ૧,૦૦૦ કરતાં વધુ કર્મચારીઓને તાલીમ આપશે. ‘‘આ નિષ્ણાતોને સ્કીલ ઈન્ડિયા મિશન હેઠળ તમામ હિતધારકો દ્વારા પ્રમાણિત કરવામાં આવશે,‘‘ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા આ સુવિધાનું ઉદઘાટન તમામ હિતધારકોના વરિષ્ઠ પ્રતિનિધિઓની હાજરીમાં કરવામાં આવ્યું હતું. ત્યારે પીડીઈયુંના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે માઈક્રોન ટેક્નોલોજી દ્વારા ત્રણ મશીનો ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે, જે ચિપ ડાયસિંગથી ટેસ્ટિંગ સુધીની સમગ્ર પ્રક્રિયા પર તાલીમ આપશે.

# ભારતીય સરહદે રૂ.૧૦ લાખ કરોડથી પણ વધુ રકમનો વિશ્વનો સૌથી મોટો ડેમ ચીન બનાવશે

## તિબેટમાં બ્રહ્મપુત્રા નદી પર બાંધવામાં આવનાર ડેમે ભારત અને બાંગ્લાદેશ બન્નેની ચિંતા વધારી

**અબતક, નવી દિલ્હી**

ચીન ભારતીય સરહદે વિશ્વનો સૌથી મોટો ડેમ બનાવવા જઈ રહ્યું છે. આ ડેમ બ્રહ્મપુત્રા નદી પર બનાવવામાં આવશે. ચીને આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટને ’ગ્રહનો સૌથી મોટો પ્રોજેક્ટ’ ગણાવ્યો છે અને કહ્યું છે કે તેને પૂર્ણ કરવા માટે ૧૩૭ અબજ ડોલરનો ખર્ચ થશે. તેનું નિર્માણ ભારતીય સરહદની નજીક તિબેટમાં કરવામાં આવશે, જે ભારત અને બાંગ્લાદેશ બંને માટે સમસ્યા ઊભી કરી શકે છે.

ચીનની સત્તાવાર સમાચાર એજન્સી શિન્હુઆએ જિનપિંગ શાસનનું સત્તાવાર નિવેદન શેર કર્યું અને કહ્યું કે બ્રહ્મપુત્રા પર બનાવવામાં આવનાર હાઈડ્રો પાવર પ્રોજેક્ટને નીચેના વિસ્તારોમાં લીલી ઝંડી આપવામાં આવી છે. આ ડેમ હિમાલયના એ ભાગમાં બનાવવામાં આવશે જ્યાંથી બ્રહ્મપુત્રા નદી મોટો યુ-ટર્ન લઈને અરુણાચલ પ્રદેશમાં પડે છે અને પછી બાંગ્લાદેશ તરફ જાય છે.

ચાઈનીઝ ચલણની દ્રષ્ટિએ, પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે એક ટ્રિલિયન યુઆનનો ખર્ચ થશે, અને ડેમ થ્રી ગોર્જ્સ ડેમ કરતાં મોટો હશે, જે હાલમાં વિશ્વનો સૌથી મોટો ડેમ છે. ચીન પાસે પહેલેથી જ તિબેટમાં જામ હાઈડ્રોપાવર સ્ટેશન કાર્યરત છે, જે ૨૦૧૫માં ૧.૫ બિલિયન ડોલરના ખર્ચે બનાવવામાં આવ્યું હતું.

ભારત અને ચીને ૨૦૦૬ માં પાર-સીમા નદીઓ સાથે સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે નિષ્ણાત સ્તરની મિકેનિઝમની સ્થાપના કરી, જેના હેઠળ ચીન પૂરની મોસમ દરમિયાન બ્રહ્મપુત્રા નદી અને સતલજ નદી પર ભારતને હાઈડ્રોલોજિકલ માહિતી પ્રદાન કરે છે.

### ચીન ડેમનો ઉપયોગ હથિયાર તરીકે કરી શકે છે


ચીન દ્વારા મંજૂર કરાયેલા બંધને કારણે ભારતની મુશ્કેલીઓ વધી શકે છે. ઉદાહરણ તરીકે, ચીન આ ડેમનો ઉપયોગ માત્ર હાઈડ્રોપાવર માટે નહીં કરે, પરંતુ તેનો ઉપયોગ હથિયાર તરીકે પણ થઈ શકે છે. ઉદાહરણ તરીકે, જો બંને દેશો વચ્ચે તણાવ વધે તો ચીન આ ડેમમાંથી મોટા પ્રમાણમાં પાણી ભારતના સરહદી વિસ્તારોમાં છોડીને પૂર જેવી સ્થિતિ સર્જી શકે છે. જો કે, ભારત અરુણાચલ પ્રદેશમાં બ્રહ્મપુત્રા પર પણ બંધ બાંધી રહ્યું છે.

# નવેમ્બરમાં ઈકવીટી રોકાણકારો ૬ મહિનાના તળિયે !!!

## ઑક્ટોબરની સરખામણીએ રાજ્યમાં ૧.૨૬ લાખ નવા રોકાણકારો સાથે લગભગ ૩૮ ટકા ઘટાડો નોંધાયો

**અબતક, રાજકોટ**

નવેમ્બર મહીનામાં ઈકવીટી રોકાણકારોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. નવા માર્કેટ કરેક્શનને કારણે ગુજરાતના નવા ઈક્વિટી રોકાણકારોની નોંધણી છ મહિનાની નીચી સપાટીએ પહોંચી છે. નવેમ્બર ૨૦૨૪માં, ગુજરાતમાં ૧.૨૬ લાખ નવા રોકાણકારો નોંધાયા હતા, જે ઑક્ટોબરની સરખામણીએ લગભગ ૩૮ ટકા ઘટાડો દર્શાવે છે અને છ મહિનાની નીચી સપાટી છે. નેશનલ સ્ટોક એકસચેન્જ (NSE)ના ડેટા અનુસાર, રાષ્ટ્રીય સ્તરે, ૧૫.૨ લાખ નવી નોંધણી સાથે નવેમ્બરમાં નવા રોકાણકારોની નોંધણી સાત મહિનાની નીચી સપાટીએ નોંધાઈ છે. છેલ્લા ત્રણ મહિનામાં બીએસઈ સેન્સેક્સ ૮.૫૮ ટકા ઘટીને ૭૮,૪૭૨ પોઈન્ટ પર અને એનએસઈ નિફ્ટી ૯.૪૧ ટકા ઘટીને ૨૩,૭૫૦ પોઈન્ટ પર હતો.




એનએસઈએ એક અહેવાલમાં જણાવ્યુ હતું કે આર્થિક વૃદ્ધિમાં મંદીની ચિંતા, જેમ કે અપેક્ષા કરતાં નબળી જીડીપી વૃદ્ધિ જેવા પરિબળોના પરિણામે છેલ્લા કેટલાક મહિનામાં નવા રોકાણકારોની સંખ્યામાં ઘટાડો થયો છે. નવા રોકાણકારોની નોંધણી મહિને-દર-મહિને ૧૫.૨ ટકા ઘટીને નવેમ્બરમાં ૧૫.૨ લાખની સાત મહિનાની નીચી સપાટીએ છે. નવા રોકાણકારોની નોંધણીનો માસિક રન-રેટ નાણાકીય વર્ષના પ્રથમ આઠ મહિનામાં ૧૯ લાખ પર રહ્યો હતો, જે નાણાકીય વર્ષ ૨૪ માં ૧૩.૪ લાખ હતો.

અહેવાલ મુજબ, નવા રોકાણકારોની સંખ્યામાં ઘટાડો થયો હોવા છતાં, ઉત્તર પ્રદેશ નવા રોકાણકારોની નોંધણીમાં અગ્રેસર છે, જેમાં ૨.૧ લાખ નવા રજિસ્ટ્રેશન નોંધાયા છે. અને સમગ્ર નવી નોંધણીઓમાં ૧૩.૭ ટકા હિસ્સો ધરાવે છે. તેમજ મહારાષ્ટ્ર ૧.૯ લાખ નવા રોકાણકારો સાથે બીજા ક્રમે છે, જેમાં નવા રોકાણકારોનો હિસ્સો ઘટીને ૧૨.૭ ટકા થયો છે, જ્યારે ગુજરાત ૧.૩ લાખ નવા રોકાણકારો સાથે ત્રીજા ક્રમે છે જે નવા રોકાણકારોનો ૮.૪ ટકા હિસ્સો ધરાવે છે.સ્ટોક બ્રોકિંગ ફર્મના ડિરેક્ટર ગુંજન ચોકસીએ જણાવ્યું હતું કે, ‘‘ભારતીય શેરબજારોમાં મંદીનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે, અને તેનાથી નવા રોકાણકારોની નોંધણી તેમજ રિટેલ રોકાણકારોની સક્રિય બજાર ભાગીદારીને અસર થઈ છે. કુલ રોકાણકારોનો આધાર હવે લગભગ ૧૧ કરોડ સુધી પહોંચી ગયો છે. દેશમાં કોવિડ પછી નવા ઈક્વિટી રોકાણકારોનો ધસારો રહ્યો છે, ખાસ કરીને યુવાનોમાં. ત્યારે એકવાર બજાર સ્થિર થશે પછી ફરીથી નવા રોકાણકારોની નોંધણીમાં વૃદ્ધિ જોવા મળશે.

# સિદસર સવા શતાબ્દી મહોત્સવ બન્યો પાટીદારનો કુંભ મેળો

## પાંચ દિવસીય મહોત્સવમા યુવા, કૃષિ, સામાજીક, સરસ્વતી બાદ આજે મહિલા તથા સમરસતા સંમેલન યોજાયા

## દાતાઓની દિલેરી ધન દાન અને સ્વયં સેવકોનાં શ્રમદાન-સમયદાનને બિરદાવ્યા




**અબતક,રાજકોટ**

ઉમીયાધામ સિદસર : ઉમિયાધામ સિદસર : પરિશ્રમ અને શિક્ષણ થકી પ્રગતીના સોપાનો સર કરતા કડવા પાટીદાર સમાજના આરાધ્યદેવી માં ઉમીયા માતાજીના પ્રાગટયના ૧૨૫ વર્ષ'ની ઉજવણી પ્રસંગે જામજોધપુર તાલુકાના સિદસર ખાતે યોજાયેલા શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં બે દિવસમાં યુવા,કુષિ, સામાજીક સંમેલન બાદ આજે શુક્રવારે ત્રીજા દિવસે વિશાળ મહિલા સંમેલન તથા સમરસતા સંમેલનમાં વિવિધ ક્ષેત્રના આગેવાનોએ પાટીદાર સમાજની માં ઉમિયાની આધાધના થકી સરસ્વતી ની આરાધના ના સુત્રને સાથક'' કરતી ઉમિયા સમદ્ધિ યોજનાના માધ્યમથી રૂા.૪૦૦ કરોડના સમાજ વિકાસના કાય''ને બિરદાવી છે.

ઉમિયાધામ-સિદસર ખાતે આજે ત્રીજા દિવસે શુક્રવારે સવારે વિશાળ મહિલા સંમેલનમાં સમારોહના અધ્યક્ષ તરીકે ઉમીયા માતાજી મંદિર પ્રમુખ જેરામભાઈ વાંસજાલીયાએ જણાવ્યું હતુ કે, પાટીદાર સમાજની મહિલાઓ અપાર શકિતઓ ધરાવે છે. મહિલાઓના સથવારે સમાજ સર્વાંગી વિકાસની દિશામાં મહિલાઓ દિકરાઓના ઉછેર વ્યસન મુકત અને સંયુકત પરિવારની ભાવના કેળવી દિશામાં અગ્રેસર બને તેવી હાકલ કરી હતી. વાંસજાલીયાએ પાટીદાર સમાજના વડીલોએ પ્રામાણિકતા રાખીને સંપતિ વેચીને પણ કરજ ચુકવી ઈમાનદારીનું ભાથુ બાંધ્યુ છે. પાટીદાર સમાજે સર્વાંગી વિકાસ ક્યો'' છે ત્યારે ગુજરાતની માફક મધ્યપ્રદેશના પાટીદારો પણ સામાજિક ક્ષેત્રે વિકાસ સાધે અને ગુજરાતના પાટીદારો સાથે નાતો મજબુત બનાવે તેવી અપીલ કરી હતી.

મધ્યપ્રદેશના સાંસદ ક્વીતાબેન પાટીદારે ઉમિયા ભક્તિ અને માતશક્તિ વિશે વાત કરતા જણાવ્યું હતુ કે ગુજરાતના પાટીદાર સમાજે કન્યા કેળવણી ક્ષેત્રે ઉમદા કામગરી કરી છે.મહિલાઓએ પોતાનું અસ્તિત્વનું સન્માન કરવું જોઈએ. જગતજનની માં અને ધરતી માતા અને જન્મ દેનારી માનું પુજન થાય તે આવકાય'' છે. લગ્ન વેળાએ દિકરી સાત ફેરા પૈકી એક ફેરો સંયુક્ત કુટુંબને ટકાવી રાખવાનો પણ લે છે. ત્યારે ગહ પ્રવેશ કરતી વખતે વહુ નહિ પરંતુ દિકરી આવે તો ઝડપથી વધતા વધ્ધાશ્રમો બંધ થઈ જશે. અન્ય સમાજની તુલનાએ પાટીદાર સમાજે દિકરીઓમાં શિક્ષણ,સંસ્કાર અને પ્રોત્સાહનનું સિંચન ક્યુ'' છે.મહિલા સંમેલનમાં

(અનું. આઠમાં પાને)

## પાટીદાર ગ્રામીણ સંસ્કૃતિ અને પાટીદાર સંસ્કૃતિ પ્રદશ''ન જોવા ભીડ




શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવ સિદસરના પાંચ દિવસીય મહોત્સવમાં વિવિધ ૧૦ જેટલા સંમેલન ઉપરાંત યજ્ઞશાળા, ફિલ્મ નિર્દેશન ડોમ, આનંદ મેળો, કુષિ મેળોની સાથે સાથે પાટીદાર ગ્રામીણ સંસ્કતિનું લાઈવ પ્રદર્શનએ ભારે આકર્ષણ જણાવ્યું છે. પાટીદાર સંસ્કતિ પ્રદર્શન જોવા પણ ભાવિકો ઉમટી રહયા છે.

ખોવા જેવડા સિદસર ખાતે ખેતરોમાં ૧૬ ચો.કી.મી. વિસ્તાર આશરે ૬૫૦ વિઘામાં યોજાયેલ શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં પાટીદારોના જીવન કથન દર્શાવતું પ્રદર્શન લાઈવ પાટીદાર ગ્રામીણ સંસ્કતિ મહોત્સવના મુલાકાતીઓમાં ઉત્સાહ ભર નિહાળી રહયા છે. જેમાં ૫૫ બહેનોની ટીમ દ્વારા ચુલા પર રસોઈ,વલોણા પર છાશ બનાવતી પાટીદાર મહિલા,ચોપટ રમતા બહેનો, અનાજ દળવાનો ઘટુડો, ઘોડીયામાં બાળકને સુવડાવતી મહિલા,ગાય દોહતી મહિલાઓ, પટારા ઉપર ડામચીઓ, કાંધી પર પિતળના વાસણો, ઢાળીયા (ખાટલા) પર બેસેલા પાટીદાર વૃધ્ધ સહિતનું લાઈવ નિદર્શેન થઈ રહયું છે.દર બે કલાકે મહિલાઓની શીફટ લાઈવ પ્રદર્શનમાં જોવા મળે છે.ઉપરાંત પાટીદાર સંસ્કતિ દર્શનમાં ખેતીના સાધનો, ખેત ઓજારો, ઢીંચણીયા, વલોણું, બળદ ગાડું, રૂ પીંજવાની તાગડી, પટારો,સહિતની અનેક વસ્તુઓ પ્રદશ''નમાં મુકવામાં આવી છે.

## ગોવિંદ પુસ્તકની હાથીની અંબાડી પર શોભાયાત્રા નીકળી...

રાજકોટના ગૌપ્રેમી મનસુખભાઈ સુવાગીયા દ્વારા લીખીત ગોવિંદ પુસ્તકનું સીદસર ખાતે શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં વિમોચન કરવામાં આવ્યું છે. ઉમિયા માતાજી મંદિર ખાતેથી ગોવિંદ પુસ્તકને હાથીની અંબાડી પર રાખી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જળક્રાંતિ ટ્રસ્ટના મનસુખભાઈ સુવાગીયા ના પુસ્તક ગોવિંદ તથા સુરેન્દ્રનગરના શેરડીયા પરિવાર દ્વારા પ્રકાશિત હીસ્ટ્રી ઓફ કડવા પાટીદાર પુસ્તકના ગુજરાતી તથા અંગ્રેજી પુસ્તકનું સામાજીક સંમેલનમાં વિમોચન કરાયું હતુ.

## 30 મિનીટમાં ૪૦,૦૦૦ જેટલા ભાવીકો જમી શકે તેવું બેનમૂન આયોજન




અન્ન ભેગા તેના મન ભેગા સિદસર ખાતે પાંચદિવસીય શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં કડવા પાટીદારો નો માનવ મહેરામણ ઉભરાય રહયો છ. મા ઉમિયાના દર્શને આવતા ભાવીકોની ભીડને પહોંચી વળવા રસોડા સમિતિ દ્વારા બેનમૂન આયોજન કરવામાં આવ્યુ છે. ૩૦ વિઘા જેટલા વિસ્તારમાં અલગ અલગ ૧૨ જેટલા ભોજનાલયો બનાવવામાં આવ્યા છે. જેમાં ૨૦૦૦ સ્વયંસેવકોની ફોજ ખડે પગે સેવા બજાવી રહી છે. આ ઉપરાંત અતિથિ વિશે૪ તેમજ સ્વયંસેવકો માટે અલગ ભોજનાલયોની વ્યવસ્થા જીતુભાઈ વાછાણી સંભાળી રહયા છે. રસોડાઘરમાં ૫૦૦ જેટલા રસોઈયા ભાઈઓ-બહેનો નિરંતર કાર્યરત છે. ભોજન પ્રસાદ લેવામાં ભીડ ન જામે અસુવિધા ન થાય તે માટે ૩૦ મિનીટમાં ૪૦,૦૦૦ જેટલા ભાવીકો ભોજન લઈ શકે તેવી ઝડપી અને સુચારૂ વ્યવસ્થા રસોડા સમિતિના અધ્યક્ષ મનસુખભાઈ આરદેશણા, ઉપાધ્યક્ષ રમેશભાઈ મકવાણા, ચંદુભાઈ બારીયા, મંત્રી નાથાભાઈ નાદપરા, સહમંત્રી વલભભાઈ પનારા, ચંદુભાઈ રબારા ના માર્ગદર્શન હેઠળ ૧૩ જેટલા કારોબારી સભ્યોની ટીમ દ્વારા કરવામાં આવી છે. શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં પાંચ દિવસ દરમ્યાન અલગ-અલગ સ્વાદિષ્ટ પકવાન ફરસાણ તેમજ વૈવિધ્યપૂર્ણ વાનગીઓ છાશ સાથે પિરસવામાં આવશે. આ માટે ખાદ્યસામ્રગીનો વિશાળ જથ્થો રસોડા સમિતિ દ્વારા મહોત્સવ સ્થળે એકત્ર કરવામાં આવ્યો છે. જેમાં ૬૦૦ ડબા ઘી, ૧૦૦૦ મણ ખાંડ, ૨૦૦૦ મણ ઘઉંનો લોટ, ૧૦૦૦ મણ ચણાનો લોટ, ૭૫૦ મણ ચોખા, ૩૦૦ મણ તૂવેર દાળ, ૧૫૦૦ ડબા સિંગતેલ, ૨૦,૦૦૦ લીટર દુધ, ૨૦૦૦ મણ બટેટા ઉપરાંત રોજ બરોજ તાજા લીલા શાકભાજી તથા અન્ય વસ્તુઓ વાપરવામાં આવશે. આ ખાદ્ય સમગ્રીમાં વિવિધ દાતાઓનો સહયોગ પણ પ્રાપ્ત થયો છે.

# કોઈપણ જોબ નાની નથી હોતી, પોતાની સાર્થકતા સાબિત કરવાનો અનેરો અવસર: અલ્પનાબેન ત્રિવેદી

## બાલભવન ખાતે રોજગાર કચેરી અને જે. જે. કુંડલીયા કોમર્સ કોલેજ દ્વારા મેગા જોબફેરમાં ૪૦૦૦થી વધુ ઉમેદવારો જોડાયા






**અબ તક રાજકોટ**

રાજકોટના બાલભવન ખાતે જિલ્લા રોજગાર કચેરી અને જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે મેગા જોબફેરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો શુભારંભ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો.

ઉમેદવારોને અલગ અલગ જગ્યાએ ઈન્ટરવ્યૂ માટે જવું ના પડે અને સમયનો બચાવ થાય તેવા આશયથી એક જ જગ્યાએ આયોજિત મેગા જોબફેરમાં અલગ અલગ ૫૮ કંપનીઓ એક જ જગ્યા પર એકઠી થઈ હતી. આ જોબફેરમાં સામેલ થઈને રોજગાર મેળવવા માટે રોજગાર વિભાગ દ્વારા ૬ હજારથી વધુ નોંધાયેલા ઉમેદવારોને આમંત્રિત કર્યા હતા. તમામ ઉમેદવારોને આવવા-જવા માટે એસ. ટી.ના કૂપન પણ આપવામાં આવ્યા હતા. જોબફેરમાં ધોરણ ૧૦ પાસ થી લઈને માસ્ટર ડિગ્રી સુધીની લાયકાત ધરાવતા તમામ ઉમેદવારો માટે રોજગારીની તક ઊભી કરવામાં આવી હતી. આજના જોબફેરમાં ઈમિટેશન જવેલરી, ડેરી ટેકનોલોજિ, પેટીએમ, ટાટા ઓટોકોમ્પ, સુઝુકી મોટર્સ, વીમા કંપનીઓ વધુ જોવા મળી હતી.

### ઈમિટેશન જવેલરી, ડેરી ટેકનોલોજી, પેટીએમ, ટાટા ઓટોકોમ્પ, સુઝુકી મોટર્સ, વીમા કંપનીઓ વગેરે ક્ષેત્રોનીઅલગ અલગ ૫૮ કંપનીઓ એક જ જગ્યા પર

જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના સ્થાપક લાભુભાઈ ત્રિવેદીના જન્મ શતાબ્દીના અવસર પર રકતદાન કેમ્પ અને મેગાજોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના ટ્રસ્ટી અલ્પનાબેન ત્રિવેદીએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી જોબફેરનું આયોજન કરવામાં આવે છે. આજની તક તમામ વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાનું ઋણ ચૂકવવાનો અવસર છે. કોઈપણ જોબ નાની નથી હોતી પોતાની સાર્થકતા સાબિત

# સ્વાસ્થ્ય વર્ધક બનવા "એબીસી" જ્યુસ ઉત્તમ

## એબીસી જ્યુસ એ માત્ર એક રંગીન પીણું જ નહિ; સ્વાસ્થ્ય માટે લાભોનું પાવરહાઉસ છે

**અબતક, રાજકોટ**

આજના ભાગદોડ ભર્યા જીવનમાં, તંદુરસ્ત જીવનશૈલી જાળવવી એ એક મુશ્કેલ કાર્ય હોઈ શકે છે. પ્રોસેસ્ડ ફૂડ્સ, પ્રદૂષિત હવા અને સતત તણાવ વચ્ચે કાર્ય કરતા રહેવાથી લોકો પોતાના સ્વાસ્થ્ય પર ધ્યાન આપતા હોતા નથી ત્યારે સ્પષ્ટ રહેવા માટે તમારી દિનચર્યામાં એબીસી જ્યુસનો સમાવેશ તમારા એકંદર આરોગ્ય અને સુખાકારી માટે ગેમ-ચેન્જર બની શકે છે.

એબીસી જ્યુસ એ માત્ર એક રંગીન પીણું જ નથી પરંતુ તે સ્વાસ્થ્ય માટે લાભોનું પાવરહાઉસ છે. ચમકતી ત્વચા વજન ઘટાડવા અને માનસિક સ્પષ્ટતામાં સુધારો કરવા સુધી, આ કુદરતી અમૃત તમારા જીવનને અસંખ્ય રીતે બદલી શકે છે. એબીસી જ્યુસ-સફરજન, બીટરૂટ અને ગાજરનું મિશ્રણ-એ આરોગ્ય માટે શ્રેષ્ઠ છે. આ લાલ પીણું માત્ર સ્વાદિષ્ટ જ નહીં પણ આરોગ્ય માટે પૌષ્ટિક પણ છે.

એબીસી જ્યુસ શરીરને ડિટોક્સિફાય કરવામાં મદદ કરી શકે છે. ત્યારે આ અંગે ૨૦૧૧ માં પ્રકાશિત થયેલા એક અભ્યાસ અનુસાર , દરરોજ ૫૦૦ મિલી તાજા ગાજરનો રસ પીવાથી એન્ટીઑકિસડન્ટનું સ્તર નોંધપાત્ર રીતે વધે છે અને પ્લાઝમા કોલેસ્ટ્રોલ અથવા ટ્રાઈગ્લિસેરાઈડના સ્તરને બદલ્યા વિના લિપિડ પેરોકિસડેશન ઘટાડે છે.એબીસી જ્યુસ તમારી ત્વચા માટે ઉત્તમ છે.

સફરજન વિટામિન સી જેવા એન્ટીઑકિસડન્ટો પ્રદાન કરે છે, જે મુકત રેડિકલ સામે લડે છે, જ્યારે ગાજર બીટા-કેરોટીનથી ભરપૂર હોય છે જે ત્વચાની પેશીઓને સુધારે છે. બીટરૂટ રકત પરિભ્રમણને વેગ આપે છે જે તમારી ત્વચાને ગ્લો આપે છે. એબીસી જયુસના નિયમિત સેવનથી ખીલ, પિગમેન્ટેશન અને અસમાન ત્વચાનો સ્વર ઘટાડી શકાય છે, જેનાથી તમે ખુશખુશાલ, સ્વસ્થ ત્વચા મેળવી શકો છો.

શું તમે પણ સુસ્તી અનુભવો છો? તો એબીસી જ્યુસ ઉર્જા બૂસ્ટર છે. બીટરૂટમાં રહેલા નાઈટ્રેટ્સ સાથે સફરજન અને ગાજરમાંથી કુદરતી શર્કરાનું મિશ્રણ તમારા સ્નાયુઓ અને મગજમાં ઓક્સિજનનો પ્રવાહ વધારે છે. જેથી તમે દિવસ દરમિયાન ફ્રેશ રહો છો.



આ સાથે એબીસી જ્યુસ વજન ઘટાડવા માટે અકસીર છે. એબીસી જ્યુસમાં કેલરી ઓછી હોય છે પરંતુ ફાઈબર ભરપૂર હોય છે, જે તમને લાંબા સમય સુધી ફ્રેશ અનુભવવામાં મદદ કરે છે. તે પાચનમાં મદદ કરે છે, પેટનું ફૂલવું અટકાવે છે અને બિનઆરોગ્યપ્રદ નાસ્તો ઘટાડે છે. બીટરૂટમાં એવા સંયોજનો પણ હોય છે જે મેટાબોલિક પ્રવૃત્તિમાં સુધારો કરે છે, જે તમારા શરીર માટે અસરકારક રીતે ચરબી બર્ન કરવાનું સરળ બનાવે છે.

એબીસી જ્યુસ ફકત તમારા સ્વાદની કળીઓ માટે જ સારું નથી પરંતુ તે તમારા હ્રદય માટે પણ અસરકારક છે. ૨૦૨૨ માં પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ, સફરજનના રસનો વપરાશ ઘણા બધા કાર્ડિયોવેસ્કયુલર આરોગ્ય માર્કર્સ સાથે જોડાયેલો છે જે કેન્સર અને ન્યુરોલોજીકલ બિમારીઓ માટે સંબંધિત હોઈ શકે છે. બીટરૂટ બ્લડ પ્રેશર ઘટાડવા માટે જાણીતું છે, તેની ઉચ્ચ નાઈટ્રેટ સામગ્રીને કારણે રકતવાહિનીઓને આરામ આપે છે. ગાજર અને સફરજન પોટેશિયમ અને પેકટીનથી ભરપૂર હોય છે, જે ખરાબ કોલેસ્ટ્રોલનું સ્તર ઘટાડે છે. અને એકસાથે તમારી રકતવાહિની તંત્રને ટોચના આકારમાં રાખવા માટે કામ કરે છે. જેથી તમે દિવસ દરમિયાન ખુશ રહો છો એબીસી જ્યુસ તમારા શરીરને કુદરતી રીતે ડિટોક્સિફાય કરે છે. જેમાં બીટરૂટ તમારા યકૃતને શુધ્ધ કરવામાં મદદ કરે છે અને અંદર રહેલા ઝેરને બહાર કાઢે છે, જ્યારે ગાજર પિત્ત સ્ત્રાવને સુધારે છે. તો સફરજન તમારા આંતરડામાંથી હાનિકારક પદાર્થોને દૂર કરવા માટે દ્રાવ્ય ફાઈબર ઉમેરે છે. તેના કુદરતી ડિટોક્સ ગુણધર્મો સાથે, આ રસ તમારા શરીરની સિસ્ટમને તાજગી અને પુનર્જીવિત કરે છે.

# વિશ્વ કક્ષાએ સૌરાષ્ટ્ર યુનિ.ના સંશોધનને નિસર્ગ રાવલે અપાવી નામના

## ન્યુરોમોરફિક એઆઇ નેટવર્કિંગમાં ઉપયોગી ડિવાઇઝ બનાવી વિશ્વનું ધ્યાન દોર્યું

## દેશની ખ્યાતનામ કોન્ફરન્સમાં બેસ્ટ પેપર એવોર્ડ એનાયત થયો






**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું ભૌતિકશાસ્ત્ર ભવન સંશોધન ક્ષેત્રે સતત પ્રયત્નશીલ છે ત્યારે ભૌતિક શાસ્ત્ર ભવનમાં પીએચડીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી નિસર્ગ રાવલે ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર દ્વારા આયોજિત ડીએઇ સોલિડ સ્ટેટ સિમ્પોઝિયમ ૨૦૨૪માં બેસ્ટ પોસ્ટર એવોર્ડ મેળવી એક અનેરી સિદ્ધિ હાંસલ કરી છે. નિસર્ગ રાવલ ભૌતિકશાસ્ત્ર ભવનના અધ્યક્ષ પ્રો. નિકેશ શાહનાં માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. કરે છે.

ડીએઇ સોલિડ સ્ટેટ સિમ્પોઝિયમએ કન્ડેન્સ મેટર ફિઝિક્સનાં ક્ષેત્રે પ્રતિવર્ષ યોજાતી એક રાષ્ટ્રીય કક્ષાની ખ્યાતનામ કોન્ફરન્સ છે. જેનું ૬૮મું એડિશન તારીખ ૧૮ થી ૨૨ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન બીએઆરસી મુંબઈ ખાતે યોજાયું હતું. જેમાં ભારતભરમાંથી ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કર્યું હતું. જુદી-જુદી ૧૨ સબ કેટેગરીઝમાં પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધા થઈ જેમાં સ્પર્ધકોએ પોતાનું સંશોધન કાર્ય રજૂ કર્યું હતું. આ પૈકી ટ્રાન્સપોર્ટ પ્રોપર્ટીઝ એન્ડ સેમિકન્ડક્ટર ફિઝિક્સ કેટેગરીમાં નિસર્ગ રાવલે ઉત્કૃષ્ટ પ્રદર્શન દ્વારા બેસ્ટ પોસ્ટર એવોર્ડ મેળવ્યો હતો. નિસર્ગનું સંશોધન કાર્ય મુખ્યત્વે મેમરી સ્ટોરેજ ટેમ્પરેચર બોલોમીટર્સ વગેરે ક્ષેત્ર ઉપયોગ ધરાવે છે.

નિસર્ગના પિતા ડી કેવી સાયન્સ કોલેજ જામનગરના ભૌતિકશાસ્ત્ર ભવનના અધ્યક્ષ છે ત્યારે નિસર્ગ મારફત વોલેટાઈલ અને નોન વોલેટાઈલ મેમરી કમ્પોનન્ટ કે જે મનુષ્યના બ્રેનમાં ન્યૂયોન્સ અને સેનીપ્સ તરીકે ઉપયોગી થઈ શકે અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સીની ડિવાઈસ ન્યુરોમોર્ફિક ટેકનોલોજી કે જેમાં આ વર્ષે જ ફિઝિક્સનું નોબલ પ્રાઈઝ આપવામાં આવેલ છે. તેના કમ્પોનન્ટ બનાવી વિશ્વભરના ફિઝિક્સના વૈજ્ઞાનિકોનું ધ્યાન દોરેલ છે ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંશોધકને દેશભરના વૈજ્ઞાનિકો મારફત અભિનંદન મળી રહ્યા છે. ટૂંક સમયમાં આ ટેકનોલોજીનો આર્ટિફિશિયલ મોડેલ બનાવવામાં આવનાર છે. નિસર્ગની આ સિદ્ધિ બદલ તેમના ગાઈડ પ્રો. નિકેશ શાહ, પ્રાધ્યાપકો ડો.પિયુષ સોલંકી અને ડો. ડેવિટ ધ્રુવે શુભેચ્છા પાઠવી હતી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને દેશભરમાં ગૌરવ અપાવનાર યુવા સંશોધકને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલ ગુરૂ પ્રોફેસર કમલસિંહ ડોડીયા કુલ સચિવ ડોક્ટર રમેશભાઈ પરમાર અને તેમના પિતા પ્રોફેસર અમિતભાઈ રાવલે ખુબ ખુબ અભિનંદન પાઠવેલ છે.

# દાઉદી બોહરા સમાજની વોકથોન સાયકલોથોનમાં મહાનુભાવોની પ્રેરણાદાયી હાજરી

## બોહરા સમાજની આ પહેલ ભાઈચારા સાથે સ્વચ્છતાનો સંદેશ આપનારી: દર્શિતાબેન શાહ





**અબતક, રાજકોટ**

રાજકોટ દાઉદી બોહરા સમાજ અને નુરાનીયાહ ઇંગ્લિશ સ્કુલ સહીતની સંસ્થાઓના સંયુકત ઉપક્રમે વોકથો ફયુચર, પેડલ ફોર ચેન્જના સંદેશા સાથે સાયકલો થોન સાથે વોકથોન ઈવેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

૨૨મી રવિવારે બહુમાળી રેસકોર્ષ નજીકથી સાયકોથોનને મહાનુભાગોએ ફલેગ ઓફ કરાવી હતી. દાઉદી બોહરા સમાજ ના યુવાનો અને નુરાનીયાહ ઇંગ્લીશ સ્કૂલ ના વિદ્યાર્થીઓએ સાયક્લોથોન મા ૭ કિ.મી જ્યારે વોકોથોન ૩ કિ.મી સુધીનું અંતર આવરી લીધું હતું, આ કાર્યક્રમમાં રાજકોટ બોહરા સમાજની આમિલ, દર્શીતાબેન શાહ, મનીષભાઈ રાડીયા અને અરૂણભાઈ નિર્મળએ રવિવારે ૭ : ૩૦ બહુમાળી ભવન, રેસકોર્સ પાસે થી ફ્લેગ આપી શરૂઆત કરાવી, આ સાયકલોકોથોન શેખ સૈફુદીનભાઈ ભાભરાવાલા, શેખ મૂર્તઝાભાઈ બદરી, શેખ તાહેરભાઈ બદરી, શેખ હાતીમભાઈ, હુઝૈફાભાઈ જાફરજી, અલીઅશગર ભાઈ દેગાની, હુસૈનભાઈ નવાબ, મૂર્તઝાભાઈ

(છેલ્લા પાનાનું ચાલુ)

# ‘દેશ કા પ્રકૃતિ પરિક્ષણ’ અભિયાનમાં કણસાગરા કોલેજના ૧૦૦૦થી વધુ બહેનોએ ભાગ લીધો



**અબતક, રાજકોટ**

આયુષ મંત્રાલય ભારત સરકાર અને ભારતીય ચિકિત્સા પ્રણાલી રાષ્ટ્રીય આયોગ દ્વારા તા.૨૬ નવે થી ૨૫ ડીસે. દરમ્યાન દેશના યુવાનો અને નાગરીકોની શારીરીક સ્વાસ્થ્યની આયુર્વેદીક પધ્ધતિથી ઓનલાઈન ચકાસણી કર્યા બાદ એમને એમની પ્રકૃતિ અનુસાર ટીપ્સ અને સચોટ માર્ગદર્શન આપવામાં આવે છે. આ અભિયાન માનનીય રાષ્ટ્રીય દ્વારા શરૂ કરવામાં આવતા રાજકોટની મુરલીધર આયુર્વેદીક કોલેજ અને ગ્લોબલ ઈન્સ્ટીટયુટ ઓફ આયુર્વેદી દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના એનએસએસ દ્વારા કણસાગરા મહિલા કોલેજ ખાતે પ્રકૃતિ પરિક્ષણ અંગે એક સેમીનારનું આયોજન થયેલ. આ સેમીનારમાં ડો.જય ગોસ્વામી અને ડો. સહદાદ આર્યધ્યે, ડો.ધાર્મીભૂવા દ્વારા આ અભિયાન અંગે વિસ્તારથી માહિતી માર્ગદર્શન આપ્યા બાદ એનએસએસ પ્રોગ્રામ ઓફીસર ડો. યશવંત ગોસ્વામી અને બંને આયુર્વેદીક કોલેજના અધ્યાપકો

(છેલ્લા પાનાનું ચાલુ)

# બ્રહ્મદેવ સમાજના સ્નેહમિલનમાં ભૂદેવોનો મેળાવડો




**અબતક, રાજકોટ**

બ્રહ્મદેવ સમાજ રાજકોટ દ્વારા ભવ્ય સ્નેહમિલન સમારોહનું આયોજન થયેલ. જેમા થેલેસમીયાગ્રસ્ત બાળકો માટે બ્લડ ડોનેશન કેમ્પ અને ભવ્ય લોકડાયરો યોજાયેલ જેમા પ્રખ્યાત ગાયક સાગર રાવલ અને સંજયદાન ગઢવીના કંઠે સુરોની રમઝટ બોલાવેલ અને ત્યારબાદ દીપ પ્રાગટ્ય સાથે વિદ્યા કલ્યાણ ધામથી પધારેલ ઋષિ કુમારો દ્વારા વેદની રૂચાઓ દ્વારા કાર્યક્રમની શ્રીગણેશ કરાયેલ. આ કાર્યક્રમમાં સંતો ધુનડા જેનિતરામબાપા, સ્વામીનારાયણ સનાતન આશ્રમ ખીરસરા, રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રિજેશ ઝા, ડો. હેમાગ વસાવડા, અંશભાઈ ભારદ્વાજ, રાજકીય સામાજીક આગેવાનો સહિત બહોળી સંખ્યામાં બ્રહ્મસમાજની હાજરી રહી. કન્યા છાત્રાલય ઉભુ કરવાની જાહેરાત કરાઈ. આ તકે ભક્તિ પ્રકાશસ્વામી દ્વારા સંગઠીત થઈ સનાતન ધર્મ અને સંસ્કૃત્તિને મજબૂત કરવા અપીલ કરવામાં આવી. બ્રહ્મદેવ સમાજ રાજકોટ શહેર પ્રમુખ વિપુલભાઈ જાનીનું સન્માન કરવામાં આવ્યું હતું.

# તપસ્વી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા સ્ટુડન્ટ લેડ કોન્ફરન્સનું આયોજન

**અબતક, રાજકોટ**

વિદ્યાર્થીઓની આગેવાની હેઠળની કોન્ફરન્સએ એક શિક્ષણએ શીખવાનું સાધન છે જ્યાં વિદ્યાર્થીઓ તેમની શૈક્ષણિક પ્રગતિ અને સિદ્ધિઓને શિક્ષકો અને માતા-પિતા સાથે શેર કરવા માટે આગેવાની લે છે.

શિક્ષણ અને શીખવાનું સાધન જે વિદ્યાર્થીઓને તેમના શિક્ષણની માલિકી લેવામાં મદદ કરે છે.

વિદ્યાર્થીઓ તેમની પસંદગીનો વિષય પસંદ કરે છે અને તેને સર્જનાત્મક રીતે રજૂ કરે છે. એસએલસી વિદ્યાર્થીઓને તેમના વિષયના જ્ઞાન, સંદેશાવ્યવહાર અને પ્રસ્તુતિ કૌશલ્યને સુધારવામાં મદદ કરે છે. બધા વિષયોને પ્રસ્તુત કરવા માટે વિદ્યાર્થીઓએ જુદા-જુદા માધ્યમોથી માહિતી એકત્ર કરી વર્તમાન પ્રવાહોને ધ્યાનમાં રાખીને ખૂબ જ સુંદર મજાના સાહિત્ય, પ્રતિકૃતિઓની રચના કરી છે.



## ‘અબતક’ની શુભેચ્છા મુલાકાતમાં તપસ્વી સ્કૂલના સંચાલન અને વિદ્યાર્થીએ આપી માહિતી

‘અબતક’ની શુભેચ્છા મુલાકાતમાં વિરેન ભોજાણીએ વાતચિત કરતા જણાવ્યું હતું કે ધોરણ ૧ થી ૯ વિદ્યાર્થીઓ દ્વારા તા.૨૮/૧૨/૨૪ (શનિવાર) સાંજના ૫:૦૦ થી ૬:૩૦ અને તા.૨૯/૧૨/૨૪ (રવિવાર) સવારે ૮:૩૦ થી બપોરના ૧:૦૦ વાગ્યાં સુધી તપસ્વી આંતરરાષ્ટ્રીય શાળામાં યોજાશે. જેમાં ડાન્સ મ્યુઝિક અને આર્ટ, આપણા સમુદાય સહાયકો, સાહિત્ય, રાજકોટની ઝાંખી, પર્યાવરણીય નાયકો, અંતરિક્ષ અનવેનષણો માહિતી, પર્યાવરણને નુકસાન ન કરે અને લાંબો સમય સુધી ટકી રહેતા ઉપકરણોની માહિતી, અંતરીક્ષમાં પ્રવાસ, સુંદર પિચાઈના અદભુત વિચારો દ્વારા બની એપ્લિકેશન, રતન ટાટાના પ્રેરણાદાયક વિચારો અને ગતિશીલ ગુજરાત વિશે વિદ્યાર્થીઓના સર્વેક્ષણ સંશોધન અને વિશ્લેષણ દ્વારા અલગ અલગ રીતે મોડેલો માહિતીઓ જેમાં વાલીઓનો પણ અગ્રગણ્ય ભાગ રહ્યો છે. આ કોઈ સામાન્ય પ્રદર્શન નથી, પરંતુ અમારા વિદ્યાર્થીઓની દિવસ અને રાતના મહેનત દ્વારા યોજવામાં આવેલું આ એક અનોખું અને આગવું પ્રદર્શન જેમાં વાલીઓનો પણ ખૂબ જ અમને સહકાર રહેલો છે. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ માટે વિષય શિક્ષકનું પણ ખૂબ જ મહત્વનું યોગદાન રહ્યું છે. અમારા ધોરણ ૧ થી ૯ ના વિદ્યાર્થીનો દ્વારા અલગ અલગ સાહિત્યો પ્રતિકૃતિઓ અને પોતાના વિચારોને મૌલિક રીતે રજૂ કરીને આ પ્રદર્શનને એક અલગ જ પ્રકારનું સ્વરૂપ આપ્યું છે. વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે શાળાઓમાં આવા અલગ-અલગ પ્રકારના પ્રોગ્રામો અને પ્રદર્શનનો યોજવા જ જોઈએ. જેમાંથી વિદ્યાર્થી આત્મવિશ્વાસ, મક્કમ મનોબળ અને ભાષા પર પ્રભુત્વ પ્રાપ્ત કરે છે.

# મહિલાઓને પ્લેટ ફોર્મ પુરુ પાડવા વુમન્સ કલબની નવી ઊડાન

## નૂતન વર્ષમાં નાટક, પીકનીક સહિતના સમરંગી કાર્યક્રમો થકી મહિલાઓને મળશે પાંખ: ‘અબતક’ સાથેની મુલાકાતમાં આપી સમગ્ર માહીતી



**અબતક, રાજકોટ**

રાજકોટ વુમન્સ કલબ ફકત બહેનો માટેની જ કલબ વુમન્સ કલબના સભ્ય તથા રાજકોટ શહેરના ઉત્સાહી બહેનો માટે નવાજ રંગરૂપ સાથે એક વર્ષના વિરામ બાદ ફરીથી કાર્યરત થશે.

‘અબતક’સાથે ની મુલાકાતમાં પ્રફુલ્લાબેન મહેતા, મીરાબેન દોશી, અમિષાબેન દેસાઈ, અલ્પાબેન ગોસાઈ, જલ્પાબેન, અશ્વિનીબેન મહેતા, ભાવનાબેન જોષીપુરા, કશ્મીરાબેનએ કાર્યક્રમનુ વધુ માહીતી આપી કે, ૨૦ થી ૨૫ જાન્યુઆરી થી ડિસેમ્બર વર્ષ દરમ્યાન ધમાકેદાર એક થી એક ચડે તેવા કાર્યક્રમ રાખવામાં આવશે.

વર્ષમાં કુલ ૭ કાર્યક્રમ તેમાં જોરદાર મ્યુઝીકલ નાચો ઝુમો મ્યુઝીકલ, નાટક, પીકનીક, નવરાત્રી ગરબા વગેરે દરેક સભ્ય બહેનોને આખા વર્ષ માટે સૌની મનગમતી ફિક્સ સીટ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે. જેમાં બી થી જે સુધીના રૂ. ૧૫૦૦ અને કે થી વાય સુધીના રૂ. ૧૧૦૦ ભરવાના રહેશે. સાથે બહેનોને લગતા અનેક વિવિધ કાર્યક્રમો પણ હેમુ ગઢવી હોલ ખાતે રાખશે.જેમાં બહેનોને પગભર થવા માટે જે બહેનો ઘરે બેઠા ગૃહ ઉદ્યોગ કરતા હોય તેમના માટે એક્ઝીબીશન કમ સેલ સાથે રાજકોટની અત્યારના યુગમાં જીવતી હોશીલી જોશીલી બહેનો માટે ઓપન રાજકોટ ફેશન શો પણ રાખવામાં આવશે.

ફોર્મ ભરવા માટેની તારીખ આ પ્રમાણે તાર. ૭,૮,૯ જાન્યુઆરી એમ ત્રણ દિવસ માટે ફોર્મ ભરવાનો સમય બપોરે ત્રણ થી સાત દરમિયાન હાલ્ડા કોમ્પ્યુટર ડો. યાજ્ઞીક રોડ રવિ પ્રકાશની બાજુમાં વધુ વિગત માટે પ્રફુલ્લાબેન મહેતા મો. નં. ૯૪૨૮૮ ૯૦૨૭૭ પર સંપર્ક કરવા જણાવેલ છે.

# માલની હરાજી નહીં થાય તેને શેડમાં સાચવી લેવાશે: ચેરમેન જયેશ બોઘરા

## કમોસમી વરસાદની આગાહીને પગલે માર્કેટિંગ યાર્ડ વ્યવસ્થા તંત્ર સતર્ક



**અબતક, રાજકોટ**

હાલ ગુજરાતના હવામાનમાં અચાનક પલટો આવ્યો છે અને રાજકોટમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. રાજ્યના હવામાન વિભાગ દ્વારા પણ આગામી ૨૯મી ડિસેમ્બર સુધીમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને પગલે માર્કેટિંગ યાર્ડનાં સત્તાધીશો સતર્ક બન્યા છે અને કોઈપણ પાક ખુલ્લામાં રહે નહીં તે માટેની વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. જેમાં મોટાભાગનો પાક શેડમાં સુરક્ષિત જોવા મળ્યો હતો. જોકે માર્કેટિંગ યાર્ડમાં તલનો પાક ખુલ્લામાં પડેલો હતો, પરંતુ આ અંગે ચેરમેન જયેશ બોઘરાએ

(અનુ. આઠમા પાને)

# જેતપુર ડાઈંગનું પ્રદૂષિત પાણી પોરબંદર દરિયામાં ઠાલવવાના કથિત પ્રોજેક્ટ રદ્ કરવા સુત્રાપાડા ખારવા સમાજની વડાપ્રધાન સમક્ષ માંગ

## ડાઈંગનું કેમિકલયુક્ત પાણી દરિયાઈ સૃષ્ટિ માટે જોખમી, માછીમાર વ્યવસાય મૃતપ્રાય બનવાની દહેશત સાથે મામલતદારને અપાયું આવેદન

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

જેતપુર પ્રિન્ટીંગ ડાઈંગ ઉદ્યોગનું પ્રદૂષણયુક્ત પાણી પોરબંદરના દરિયામાં ઠાલવવાના પ્રોજેક્ટને અપાયેલી મંજૂરીને પગલે માછીમાર સમાજ અને પર્યાવરણીય પ્રેમીઓમાં ભારે વિરોધ ઉઠ્યો છે. સુત્રાપાડા સમસ્ત ખારવા સમાજના પટેલ દિલીપભાઈ આજણીની આગેવાનીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સંબોધીને મામલતદારને આવેદન પત્ર પાઠવી પોરબંદર સમુદ્રમાં જેતપુર ટેક્ષટાઈલ ઉદ્યોગનું ગંદુ પાણી સમુદ્રમાં ઠાલવવાના પ્રોજેક્ટને રદ્ કરવાની માંગ કરી છે.





આવેદન પત્રમાં વડાપ્રધાનને રજૂઆત કરવામાં આવી છે કે પ્રદૂષિત પાણી દરિયામાં ઠાલવવાની મંજૂરીને લઈ પોરબંદર, માંગરોળ, દ્વારકા, ઓખા, સોમનાથ સુધીના સમુદ્ર કિનારાનો દરિયો કેમિકલયુક્ત બનવાથી માછલીઓનું મૃત્યુ અને માછીમાર વ્યવસાય મૃતપ્રાય બનવાના જોખમથી લાખો માછીમાર પરિવારો બેકાર બનવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. વળી આ પાઈપલાઈન જેતપુરથી પોરબંદર સુધી જમીન માર્ગે જવાની છે. કેમિકલયુક્ત પાણીના વહન માટે સતત મેઈન્ટેનન્સ, પાઈપલાઈનમાં ઘસારો, ખેતી લાયક જમીનમાં કેમિકલયુક્ત પાણીના લીકેજથી ખેડૂતોના જમીન પર પણ જોખમ ઉભું થશે. આ કેમિકલયુક્ત પાણીમાં લેડ કેડિયમ માઈક્રોપ્લાસ્ટીક જેવા હાનિકારક તત્વો દરિયાઈ જીવસૃષ્ટિને ખતમ કરી દેશે. કાચબા જેવી પ્રજાતિઓ પર જોખમ ઉભું થશે. આવેદન પત્રમાં ગુજરાત સમસ્ત માછીમાર સમાજે રજૂઆત કરી છે કે જેતપુર ડાઈંગ ઉદ્યોગનું પોરબંદર કિનારે ડીપ સી ડીસ્પોઝલ માટેની પાઈપલાઈન પ્રોજેક્ટ રદ્ કરવો અને તેના બદલે ગંદા પાણીનો વૈજ્ઞાનિક પધ્ધતિથી નિકાલ થાય અને દરિયામાં એકપણ ટીપું ગંદુ પાણી ન છોડાય તેવા આદેશોની આવેદન પત્રમાં માંગ કરી છે. સુત્રાપાડા સમસ્ત ખારવા સમાજે મામલતદારને આવેદન પત્ર પાઠવી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પોતાની લાગણી વ્યક્ત કરી છે.

# સાવરકુંડલામાં માતા-પિતા, પત્ની અને બાળકને ચપ્પુના ઘા ઝીંકી કપાતરનો આપઘાતનો પ્રયાસ

## ગૃહક્લેશમાં સુરતનાં સરથાણામાં સ્થાયી થયેલા પરિવારનો માળો વિખાયો : પત્ની-બાળકનું મોત



**અબતક, રાજકોટ**

સુરતના સરથાણા વિસ્તારમાં સામૂહિક હત્યાની ઘટના સામે આવી છે. સૂર્યા ટાવર સોસાયટીમાં દીકરાએ માતા-પિતા,પત્ની અને બાળકને ચપ્પુના ઘા માર્યા બાદ પોતે પણ ગળાના ભાગે ચપ્પું માર્યું હતું. મૂળ સાવરકુંડલાનાં સ્મિત જિયાણી નામના યુવકે પોતાના જ પરિવાર પર હુમલો કરતા પત્ની અને બાળકનું મોત થયું છે. જ્યારે માતા-પિતા અને હુમલો કરનાર સ્મિત હાલ સારવાર હેઠળ છે. સરથાણા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.સુરતથી સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં અહીં સામૂહિક હત્યાના પ્રયાસની ઘટના સામે આવી છે. વિગતો મુજબ દીકરાએ માતા-પિતા, પત્ની અને બાળક પર હુમલો કર્યો હોવાનું સામે આવતા ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક વિગતો મુજબ સ્મિત જીયાણી નામના વ્યક્તિએ પરિવારજનો પર હુમલો કર્યો હતો. કળયુગના દીકરાએ માતા-પિતા, પત્ની અને બાળકને ચપ્પુના ઘા માર્યા હતા. જે બાદમાં સ્મિત જીયાણીએ પોતે પણ ગળાના ભાગે ચપ્પુ માર્યું હતું.

સુરતના સરથાણા સૂર્યા ટાવરમાં પુત્રએ જ માતા-પિતા અને પત્ની પર ચપ્પા વડે હુમલો કર્યાનું સામે આવ્યું છે. સ્મિત જીયાણી નામના ઈસમે પોતાના માતા-પિતા અને પત્ની અને માસૂમ બાળકને ચપ્પુના ઘા માર્યા હતા. આ તરફ ગંભીર ઈજાઓને કારણે સ્મિત જીયાણીના પત્ની અને બાળકનું મોત થયું છે.

આ તરફ માતા-પિતા અને ખુદ આરોપી સ્મિત હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

સમગ્ર મામલે સમગ્ર કેસમાં સરથાણા પોલીસ કરી તપાસ રહી છે. સ્થાનિક ચર્ચાઓ મુજબ પરિવારમાં અંદરોઅંદર મનદુઃખ ચાલુ રહ્યુ હતુ. વિગતો મુજબ આ પરિવાર મૂળ અમરેલીના સાવરકુંડલાના રહેવાસી હોવાનું પણ સામે આવ્યું છે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના તમામ કાર્યક્રમો રદ: રાષ્ટ્ર ધ્વજ પણ અડધી કાઠીએ



## પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના નિધનથી ૧ જાન્યુઆરી સુધી રાષ્ટ્રીય શોક: અમદાવાદમાં ચાલી રહેલો કાંકરિયા કાર્નિવલ રદ કરવાની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સત્તાવાર ઘોષણા

**અબતક, રાજકોટ**

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહનું ૯૨ વર્ષની જૈફ વયે ગઈકાલે રાતે દુઃખદ નિધન થતાં દેશમાં સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે. આજે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપરાંત રાજય સરકારના તમામ મંત્રીઓએ પોતાના સરકારી કાર્યક્રમો રદ કરી નાખ્યા હતા. આજે સરકારી કચેરીઓમાં પણ રાષ્ટ્રધ્વજ અડધી કાંઠાએ ફરકાવવામાં આવ્યો હતો. વિવિધ ક્ષેત્રોના મહાનુભાવોએ પૂર્વ પી.એમ.ને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી ભારતના વડાપ્રધાન પદે સેવા આપનાર, વિશ્વના ટોચના અર્થશાસ્ત્રી અને આરબીઆઈના પૂર્વ ગર્વનર મનમોહન સિંહનું ૯૨ વર્ષની વયે ગઈકાલે રાતે નિધન થતા કેન્દ્ર સરકાર દ્વારા આગામી ૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી અર્થાત સાત દિવસ સુધી રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે. તમામ સરકારી કાર્યક્રમો રદ કરી દેવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપરાંજ રાજય સરકારના મંત્રી મંડળના તમામ સભ્યોએ પોતાના આજના તમામ સરકારી કાર્યક્રમો રદ કરી દેવામાં આવ્યા હતા. આગામી સાત દિવસ સુધી રાજ્ય સરકાર દ્વારા એક પણ સરકારી કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે નહીં.

આજે રાજકોટમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં 'સ્વામિત્વ' પ્રોપર્ટી કાર્ડ ઈ- વિતરણ સમારોહ યોજાવાનો હતો જે રદ કરી દેવામાં આવ્યો છે. અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા હાલ કાંકરિયા કાર્નિવલ ચાલી રહ્યો છે. રાષ્ટ્રીય શોકના પગલે આજે કાંકરિયા કાર્નિવલ રદ કરી દેવાની જાહેરાત એએમસી દ્વારા કરવામાં આવી છે. દરમિયાન ફલાવર શો પણ હવે ૧ જાન્યુઆરી બાદ શરૂ કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા પણ યોજાનારા તમમ કાર્યક્રમો એક સપ્તાહ માટે રદ કરી દેવામાં આવ્યા છે. હાઈ કમિશન અને દુતાવાસમાં આગામી ૧ જાન્યુઆરી સુધી રાષ્ટ્ર ધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવશે.

સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓ દ્વારા જયાં ૩૬૫ દિવસ રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે તે પણ અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યા હતા. ગુજરાત ભરમાં શોકનો માહોલ સર્જાય ગયો છે.



તસવીર: શૈલેષ વાડોલિયા

# ભરશિયાળે માવઠા સાથે ખેડબ્રહ્મા-સાબરકાંઠાના અનેક વિસ્તારોમાં કરા પડ્યાં

## કમોસમી વરસાદી છાંટા આવતા ખેડૂતોની ચિંતા વધી: એરંડા, રાયડો, બટાકા, જીરૂ, ઈસબગુલ, ઘઉં સાહિતના પાકોને નુકસાન થવાની ભીતિ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં વરસાદની આગાહી કરી હતી એવું જ થયું. ભર શિયાળે ગુજરાતના અનેક જિલ્લાઓમાં હાલ મોડી સાંજે માવઠું આવ્યું હતું. અમદાવાદ, ગાંધીનગર શહેરો વરસાદથી ભીંજાયા છે. તો બનાસકાંઠામાં પણ તોફાની માવઠું થયું હતું.અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વરસાદ આવ્યો છે. કાંકરિયા કાર્નિવલમાં વરસાદ આવતા મુલાકાતીઓ મુંઝાયા હતા. કમોસમી વરસાદી છાંટા આવતા ખેડૂતોની ચિંતા વધી છે. આ કમોમસી વરસાદથી એરંડા, રાયડો, બટાકા, જીરુ, ઈસબગુલ, ઘઉં સાહિતના પાકોને નુકસાન થવાની આશંકા છે. દાંતીવાડાના પાંથાવાડામાં પણ વરસાદી છાંટા અનુભવાયા. કમોસમી વરસાદથી ધરતીપુત્રોને નુકસાનીની ભીતિ સેવાઈ રહી છે. ઘઉં, બટાકા, જીરુ, ઈસબગુલ સહિતના પાકને નુકસાનની ભીતિ છે. સતત ત્રણ દિવસથી વાદળછાયા વાતાવરણ બાદ જિલ્લામાં કમોસમી વરસાદ ત્રાટક્યો છે. ગુજરાતમાં હવામાન વિભાગે કમોસમી વરસાદને લઈને મોટી આગાહી કરી છે. જેમાં રાજ્યના ૨૨ જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં કરા સાથે કમોસમી વરસાદ પડી શકે છે. છોટાઉદેપુર, નર્મદા, ડાંગ અને તાપી આ તમામ જિલ્લામાં કાલે કરા પડી શકે છે.ઉલ્લેખનીય છે કે એક તરફ શિયાળાની કડકડતી ઠંડી પડી રહી છે, તો બીજી તરફ આ કમોસમી વરસાદને કારણે લોકો ભારે હેરાન પરેશાન થઈ રહ્યા છે. અમદાવાદ જેવા મોટા શહેરોમાં તો આ કમોસમી વરસાદને કારણે લોકો સ્વેટર જાકીટ પહેરે કે રેઈનકોટ પહેરે તેવી સ્થિતિમાં મુકાઈ ગયા છે. બીજી તરફ શનિવારે જ્યાં ૩૦થી ૪૦ કિલોમીટરે પવન ફૂંકાવવા ઉપરાંત ગાજવીજ સાથે વરસાદની આગાહી કરાઈ છે. તેમાં બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ,મહીસાગર, આણંદ, વડોદરા, ભરૂચ,સુરત, નવસારી, વલસાડ,દમણ,દાદરા નગર હવેલીનો સમાવેશ થાય છે.આગામી ૪૮ કલાક દરમિયાન લઘુતમ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો વધારો થતાં ઠંડીમાં આંશિક ઘટાડો અનુભવાશે. આ પછી તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. આગામી ૩ દિવસ અમદાવાદનું તાપમાન ૧૬થી ૧૮ ડિગ્રી વચ્ચે રહેવાની આગાહી છે. ગત રાત્રિના નલિયામાં ૧૦.૫ ડિગ્રી સાથે સૌથી નીચું તાપમાન નોંધાયું હતું.

### જીલ્લા વાઈઝ લઘુતમ તાપમાન

| | | | |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૯.૩ | દ્વારકા | ૧૭.૨ |
| અમરેલી | ૧૩.૮ | ગાંધીનગર | ૧૮.૫ |
| બરોડા | ૨૦.૨ | નલિયા | ૧૦.૫ |
| ભાવનગર | ૧૭.૪ | ઓખા | ૧૭.૬ |
| ભુજ | ૧૨.૮ | પોરબંદર | ૧૬.૪ |
| દીવ | ૧૫.૮ | રાજકોટ | ૧૩.૬ |

# રાજકોટ માર્કેટ યાર્ડ

### શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૩૦૦ | ૩૦૦ | ૮૦૦ |
| બટેટા | ૨૮૦૦ | ૩૫૦ | ૫૫૦ |
| ડુંગળી સુકી | ૪૦૦૦ | ૧૧૫ | ૪૦૦ |
| ટમેટા | ૧૨૦૦ | ૩૦૦ | ૪૦૦ |
| સુરણ | ૭૫ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૭૦૦ | ૨૦૦ | ૩૦૦ |
| મુળા | ૮૦ | ૨૫૦ | ૪૫૦ |
| રીંગણા | ૪૩૦ | ૮૦ | ૧૨૦ |
| કોબીજ | ૬૫૦ | ૫૦ | ૯૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૧૦૦ | ૧૨૦ |
| ભીંડો | ૪૦૦ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૩૬૦ | ૮૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૨૦૦ | ૬૦૦ | ૭૦૦ |
| વાલોળ | ૧૭૫ | ૨૦૦ | ૪૦૦ |
| ટીંડોળા | ૧૫૫ | ૪૦૦ | ૬૫૦ |
| દુધી | ૬૦૦ | ૧૬૦ | ૨૦૦ |
| કારેલા | ૩૦૦ | ૬૦૦ | ૭૦૦ |
| સરગવો | ૪૦ | ૩૦૦ | ૨૪૦૦ |
| તુરીયા | ૨૫૦ | ૮૦૦ | ૧૩૦૦ |
| પરવર | ૬૫ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૪૯૦ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૨૧૫ | ૨૬૦ | ૩૬૦ |
| વટાણા | ૧૫૫ | ૮૦૦ | ૯૦૦ |
| તુવેરસીંગ | ૧૮૦ | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૭૦ | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૮૦ | ૨૦૦ | ૪૦૦ |
| મેથી | ૩૦૦ | ૨૦૦ | ૨૫૦ |
| વાલ | ૧૭૫ | ૫૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૪૦ | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૨૮૦ | ૭૬૦ | ૮૪૦ |
| ચણા લીલા | ૨૫૦ | ૨૦૦ | ૬૦૦ |
| મરચા લીલા | ૨૯૦ | ૫૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૯૫ | ૬૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૬૫ | ૨૦૦૦ | ૨૮૦૦ |
| મકાઈ લીલી | ૩૫૦ | ૨૪૦ | ૩૨૦ |

### અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૩૨૦૦ | ૧૩૫૦ | ૧૪૯૦ |
| ઘઉં લોકવન | ૧૫૦ | ૫૮૬ | ૬૨૬ |
| ઘઉં ટુકડા | ૯૫૦ | ૫૯૮ | ૬૬૪ |
| જુવાર સફેદ | ૩૫ | ૭૪૦ | ૮૦૭ |
| જુવાર લાલ | ૪ | ૭૫૦ | ૯૫૦ |
| જુવાર પીળી | ૨ | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૨ | ૪૪૦ | ૪૪૦ |
| તુવેર | ૪૦૦ | ૧૨૧૦ | ૧૭૫૦ |
| ચણા પીળા | ૫૫૦ | ૧૦૯૦ | ૧૨૮૫ |
| ચણા સફેદ | ૨૦૦ | ૧૩૦૦ | ૨૪૨૫ |
| અડદ | ૪૫૦ | ૧૧૮૦ | ૧૬૬૪ |
| મગ | ૫૭૫ | ૧૨૫૦ | ૧૮૫૪ |
| ચોળી | ૭૫ | ૧૨૯૦ | ૨૪૮૦ |
| મઠ | ૧૨૫ | ૬૦૦ | ૧૦૫૦ |
| કળથી | ૧૨૫ | ૮૭૫ | ૧૧૪૦ |
| મગફળી જાડી | ૦ | ૯૦૦ | ૧૧૮૦ |
| મગફળી જીણી | ૦ | ૯૨૦ | ૧૨૫૦ |
| તલી | ૧૧૭૦ | ૨૦૦૦ | ૨૫૪૦ |
| સુરજમુખી | ૫ | ૧૧૫૭ | ૧૧૫૭ |
| એરંડા | ૪૦૦ | ૧૧૬૦ | ૧૨૨૪ |
| અજમો | ૪ | ૧૮૦૦ | ૧૯૫૦ |
| સુવા | ૫ | ૧૧૨૫ | ૧૧૨૫ |
| સોયાબીન | ૧૧૫૦ | ૭૮૧ | ૮૪૫ |
| સીંગફાડા | ૮૪૦ | ૧૦૬૦ | ૧૨૭૫ |
| કાળા તલ | ૨૫૦ | ૩૫૦૦ | ૪૯૯૦ |
| લસણ | ૪૫૦ | ૨૫૦૦ | ૪૩૦૦ |
| ધાણા | ૩૦૦ | ૧૩૧૧ | ૧૫૫૧ |
| મરચા સુકા | ૨૪૦ | ૧૪૫૦ | ૨૮૦૦ |
| ધાણી | ૧૨૦ | ૧૩૫૦ | ૧૫૯૦ |
| વરીયાળી | ૧૪૦ | ૧૧૦૦ | ૧૪૨૮ |
| જીરૂ | ૯૦૦ | ૪૦૦૦ | ૪૫૦૦ |
| રાય | ૭૫ | ૧૧૦૦ | ૧૩૫૦ |
| મેથી | ૧૭૫ | ૯૩૦ | ૧૩૧૫ |
| રાયડો | ૧૦૦ | ૧૦૩૦ | ૧૧૩૦ |
| રજકાનું બી | ૧ | ૩૫૦૦ | ૩૫૦૦ |
| ગુવારનું બી | ૫૦ | ૭૦૦ | ૯૭૦ |

# પરવાના વિના ધંધો ધમધમાવનાર ૧૮ શેઠીયાઓને લાયસન્સ લઈ લેવા તાકીદ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની ફૂડ શાખાએ ફોરેન્સિક સાયન્સ વાન સાથે ચુનારાવાડ ચોકથી અમૂલ સર્કલ, ભાવનગર રોડ, કાલાવડ ચેકીંગ દરમિયાન વગર લાયસન્સે ધંધો કરનાર ૧૮ આસામીઓને લાયસન્સ મેળવી લેવા તાકીદ કરી હતી.

લાયસન્સની તપાસમાં મુરલીધર ડિલક્ષ પાન એન્ડ કોલ્ડ્રિંક્સ, ચામુંડા પાન એન્ડ કોલ્ડ્રિંક્સ, સંતોષ પાન, ગાત્રાળ કોલ્ડ્રિંક્સ, શિવમ કોલ્ડ્રિંક્સ, ગાત્રાળ ડિલક્ષ પાન, જયશ્રી ખોડિયાર નાસ્તા સેન્ટર, રાધેશ્યામ લસ્સી, ચામુંડા દાળ-પકવાન, ચામુંડા મસાલા મેગી, દ્વારકા સેન્ડવીચ, ચામુંડા મકાઈ, જીયા ફાસ્ટફૂડ, બોમ્બે બાઈટ્સ એન્ડ કટક-બટકના ધંધાર્થીઓને લાયસન્સ મેળવવા તાકીદ કરવામાં આવી છે. આ ચેકીંગ ડ્રાઈવ દરમિયાન ગમારા પાન, શિવશક્તિ ટી સ્ટોલ, અમૂલ પાર્લર, બાલાજી છોલે-ભટૂરે, શક્તિ ફાસ્ટ ફૂડ, બાલાજી દાળ-પકવાન, ચામુંડા લસ્સી, જેસીસ ખીચું, શિવ છોલે-ભટૂરે, દિલખુશ છોલે-ભટૂરે, શિવમ ઢોસા, બાલાજી સાઉથ ઈન્ડિયન, રૂચિત ફેન્સી ઢોસા, પ્રયોસા ફાસ્ટ ફૂડ, એમ.ડી. સેન્ડવીચ, ઓમ ચાઈનીઝ, હરિકૃષ્ણ દાળ-પકવાનની સફાઈ ફૂડ અને લાયસન્સ અંગે ચકાસણી કરવામાં આવી હતી. રાજકોટ બેકરી, ૧૧-રણછોડનગર સોસાયટીમાંથી બ્લેક ફોરેસ્ટ કેક (લુઝ), મારુતિ બેકરી, બાલક હનુમાન મંદિર સામે, પેડક રોડ, ચોકો આલ્મંડ કેક (લુઝ), ઈઝ્ઝી બેકરી, રાજકોટ નાગરિક બેન્ક સામે, ડિલક્સ ચોક પાસે, ભાવનગર રોડ, ચોકલેટ ટ્રફલ કેક (લુઝ)ના નમૂના ચકાસણી માટે લેવાય હતી.

# જેતપુરમાં એગ્રોના વેપારીના મકાનમાંથી રૂ.૧.૪૪ લાખની ચોરી

## દાદીની અંતિમ ક્રિયા માટે વતન ગયા ત્યારે તસ્કરોએ કર્યો હાથ ફેરો

**અબતક, રાજકોટ**

જેતપુર શહેરના અમરનગર રોડ પર આવેલી શ્યામ વાડી શેરીમાં વેકરીયા નગરમાં રહેતા વેપારીના દાદીમા નું અવસાન થયેલું હોવાથી વતન ગયા ત્યારે બંધ રહેલા મકાનને તસ્કરોએ નિશાન બનાવી સોના, ચાંદીના ઘરેણાં અને રોકડ મળી ૧.૪૪ લાખની ચોરી કરી ગયા અંગેની જેતપુર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. વધુ વિગત મુજબ જેતપુર શહેરના અમલ નગર રોડ પર આવેલા શ્યામ વાળી શેરીમાં વેકરીયા નગરમાં રહેતા પરેશ ચંદુભાઈ હિરપરા નામના વેપારી બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી સોના ચાંદીના ઘરેણા અને રોકડ મળી રૂપિયા ૧.૪૪ લાખની કિંમતની ચોરી કરી ગયા અંગેની સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. આ બનાવની જાણ સીટી પોલીસ મથકને. થતા હેડ કોન્સ્ટેબલ સીટી વસૈયા સહિતના સ્ટાફ ડોગ સ્કોર અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાતો સાથે દોડી જઈ તેમજ સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોનું પગેરું દબાવ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ફરિયાદી પરેશભાઈ હિરપરા પોતાના વતન ગોંડલ તાલુકાના મેવાસા ગામે દાદીમાનું અવસાન થયું હોવાથી ગત તારીખ ૨૨ ના રોજ પરિવાર સાથે ગયા હતા અને તારીખ ૨૬ ૧૨ ના રોજ પરત ફરતા મકાનના દરવાજાનું તાળું તૂટેલું હાલતમાં હતું અંદર તપાસ કરતા કબાટ તેમજ તિજોરી માથી સોના ચાંદીના ઘરેણાં અને રોકડ ચોરી થયાનું માલુમ પડતા ફરિયાદ નોંધાવી છે.

